દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 62 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ -૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 March 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૧૬ માર્ચ ૨૦૨૬, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચાર રાજ્યમાં એપ્રિલમાં ચૂંટણી

## ▶ કેરળ, આસામ, તમિળનાડુ, પશ્ચિમ બંગાળની સાથે પુડુચેરીમાં પણ મતદાન ▶ ચૂંટણીનું પરિણામ ચોથી મેએ ▶ ગુજરાતના ઉમરેઠમાં, મહારાષ્ટ્રના બારામતી- રાહુરીમાં ૨૩ એપ્રિલે પેટાચૂંટણી


SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


નવી દિલ્હીઃ ચૂંટણી પંચે ચાર રાજ્ય - આસામ, કેરળ, પશ્ચિમ બંગાળ અને તમિળનાડુ તેમ જ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીની વિધાનસભાઓની કુલ ૮૨૪ બેઠક પર એપ્રિલમાં ચૂંટણી યોજવાની અને તેની મતગણતરી ચોથી મેએ કરવાની રવિવારે જાહેરાત કરી હતી. ગુજરાત અને મહારાષ્ટ્રની વિધાનસભાઓની ત્રણ બેઠક માટે ૨૩ એપ્રિલે પેટાચૂંટણી યોજાશે, જ્યારે ગોવા, કર્ણાટક, નાગાલેન્ડ અને ત્રિપુરા વિધાનસભાઓની પાંચ બેઠક માટે નવ એપ્રિલે પેટાચૂંટણી થશે.

ગુજરાતના ઉમરેઠ અને મહારાષ્ટ્રના રાહુરી તેમ જ બારામતીમાં ૨૩મીએ પેટાચૂંટણી યોજાશે.

ગોવાની પોન્ડા, કર્ણાટકની બાગલકોટ અને દાવણગેરે, નાગાલૅન્ડની કોરીડાંગ અને ત્રિપુરાની ધર્મનગર બેઠક માટે નવ એપ્રિલે પેટાચૂંટણી થશે.

આસામ, કેરળ અને પુડુચેરીમાં નવ એપ્રિલે, પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં ૨૩ અને ૨૯ એપ્રિલે તેમ જ તમિળનાડુમાં ૨૩ એપ્રિલે મતદાન થશે.

ચાર રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ૮૨૪ બેઠક માટે કુલ ૧૭.૪ કરોડ મતદાર છે. ચાર રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨.૧૯ લાખ મતદાન કેન્દ્ર ઊભાં કરાશે

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે સંબંધિત જાહેરાત કરતા જણાવ્યું હતું કે આસામ વિધાનસભાની બધી બેઠક માટે નવ એપ્રિલે મતદાન થશે, જ્યારે પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન યોજાશે. તેમણે ચૂંટણી

(જુઓ પાનું ૨) ▶▶

### ક્યાં - ક્યારે મતદાન?

| રાજ્ય | તારીખ |
|---|---|
| આસામ | ૯ એપ્રિલ |
| કેરળ | ૯ એપ્રિલ |
| પુડુચેરી | ૯ એપ્રિલ |
| તમિળનાડુ | ૨૩ એપ્રિલ |
| પશ્ચિમ બંગાળ | ૨૩-૨૯ એપ્રિલ |

### કુલ કેટલી બેઠકો?
૮૨૪

### કુલ કેટલા મતદારો?
૧૭.૪ કરોડ








**ગરમીએ લીધો બ્રેકઃ** હા, ઉત્તર ભારતમાં પહાડો પર રવિવારે વરસાદ અને બરફવર્ષા થઈ હતી જ્યારે એનસીઆર તથા નવી દિલ્હીમાં વરસાદ પડ્યો હતો. આને કારણે આખા ઉત્તર ભારતને રવિવારે ગરમીથી રાહત મળી હતી. ગુજરાતમાં પણ આગામી દિવસોમાં વરસાદ પડવાની આગાહી છે અને તેને કારણે ગરમીથી રાહત મળવાની શક્યતા છે.આ તસવીર છે હિમાચલ પ્રદેશના કુલુની જ્યાં બરફમાં ટ્રાફિકનું નિયમન કરી રહેલો પોલીસ દેખાય છે. (એજન્સી)

# અમેરિકા, ઈઝરાયલ સિવાયના દેશો માટે હોર્મુઝ ઓપનઃ ઈરાન

## યુદ્ધના અંત માટે શરતી તૈયારી દેખાડવા સાથે તહેરાને લડાઈને વધુ ઉગ્ર અને વ્યાપક બનાવવાની પણ ધમકી આપી

દુબઈઃ ઇરાને અમેરિકા અને ઇઝરાયલ સિવાયના દેશોનાં જહાજો માટે હોર્મુઝ સામુદ્રધુની ખુલ્લી મૂકવાની જાહેરાત કરી હતી તેમ જ યુદ્ધનો સંપૂર્ણ અંત લાવવા શરતી તૈયારી દર્શાવી હતી.

બીજી બાજુ, ઇરાને યુદ્ધને વધુ ઉગ્ર અને વ્યાપક બનાવવાની પણ ધમકી આપી હતી.

ઇરાને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), બાહરીન અને સઉદી અરેબિયા, કતાર અને ઓમાન પર મિસાઇલ્સ અને ડ્રોન્સથી હુમલા ચાલુ રાખ્યા હતા.

યુએઇ, બાહરીન અને સઉદી અરેબિયાએ રવિવારે પોતાના નાગરિકોને વધુ હુમલા સામે સાવચેત રહેવા ચેતવણી આપી હતી.

ઇરાને યુએઇના ત્રણ મોટા બંદર ખાલી કરાવવા તાકીદ કરી હતી.

ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે અમેરિકા અને ઇઝરાયલ સિવાયના દેશોનાં જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થવા દઇશું. અમે યુદ્ધનો સંપૂર્ણ અંત લાવે એવી ઑફર પર અમારી શરતોને આધીન રહીને વિચારણા કરીશું.

ઇરાનના વિદેશ પ્રધાને જણાવ્યું હતું કે અમેરિકા જો તહેરાનના તેલનાં મથકો પર હુમલા ચાલુ રાખશે, તો હોર્મુઝ સામુદ્રધુની સંપૂર્ણ નહિ ખોલીએ.

(જુઓ પાનું ૨) ▶▶

### એપસ્ટીનના સાથીઓ ૯/૧૧ જેવો કાંડ કરશે ને દોષ ઈરાનને માથે નાખશે

તહેરાનઃ સુપ્રીમ કાઉન્સિલ ઑફ ઈરાનના મંત્રી અલી લારીજાનીએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે એપસ્ટીનના નેટવર્કના બાકી રહેલા સભ્યો ૯/૧૧ જેવા આતંકવાદી હુમલાનું કાવતરું ઘડી કાઢ્યું છે અને આવા હુમલા કરીને પછી ઈરાનને દોષ આપવા માગે છે.

ઈરાનના ટોચના સુરક્ષા અધિકારીએ એવો વિસ્ફોટક દાવો કર્યો હતો કે એપસ્ટીન સાથે સંકળાયેલી લોબી ૧૧ સપ્ટેમ્બર જેવો આતંકવાદી હુમલો કરાવીને એનો દોષનો ટોપલો ઈરાન પર નાખવા માગે છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે ઈરાન આતંકવાદનો જોરદાર વિરોધ કરે છે અને અમેરિકાના લોકોને તેનું દુશ્મન ગણતું નથી. ઈરાન મૂળભૂત રીતે આવા આતંકવાદી હુમલાનો વિરોધ કરે છે અને તેનું અમેરિકાના લોકો સાથે કોઈ યુદ્ધ નથી.

૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧નો હુમલો આધુનિક ઈતિહાસનો સૌથી જીવલેણ હુમલો હતો. અલ કાયદાના ૧૯ અપહરણકારોએ અમેરિકામાં ચાર પેસેન્જર પ્લેન પર કબજો જમાવ્યો હતો. આમાંના બે પ્લેન તો ન્યૂ યોર્ક શહેરના વર્લ્ડ ટ્રેડ સેન્ટર સાથે અથડાયા હતા. આનાથી મોટી આગ લાગી હતી અને બન્ને ટાવર તૂટી પડ્યા હતા. આ હુમલામાં બે હજાર લોકો મરણ પામ્યા હતા. એક અપહૃત વિમાન વર્જિનિયાના પેન્ટાગોન પર પડ્યું હતું જે અમેરિકાના લશ્કરનું વડું મથક છે. ચોથું વિમાન શાન્કસ વિલે નજીક તૂટી પડ્યું હતું. (એજન્સી) ■

### મૃત્યુ થયાની અફવા વચ્ચે નેતાન્યાહુ કૉફી પીતા દેખાયા

તહેરાનઃ ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કૉર્પ્સે ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુને 'બાળકોના હત્યારા' ગણાવીને તેમને શોધીને મારી નાખવા રવિવારે પ્રતિજ્ઞા લીધી હતી.

દરમિયાન, બેન્જામિન નેતન્યાહુની હત્યા થઇ હોવાની અફવા પણ ઊડી હતી પણ રવિવારે તેઓ એક કૅફેમાં કૉફી પીતા દેખાયા હતા.

અગાઉ ઇરાન સરકારના પ્રસારમાધ્યમે ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કૉર્પ્સને એમ કહેતા ટાંક્યા હતા કે યહૂદી ગુનેગાર વડા પ્રધાન ક્યાં છે, તે ખબર નથી. તેઓ

(જુઓ પાનું ૨) ▶▶

# ભારતીય ઑઈલ ટેન્કર 'જગ લાડકી' યુએઈથી કચ્છ માટે નીકળી ચૂક્યું છે

નવી દિલ્હીઃ ભારતીય ધ્વજાવાળી ક્રૂડ ટેન્કર ઑઈલ ટર્મિનલ પર હતી ત્યારે હુમલો થયો હોવા છતાં સંયુક્ત આરબ અમિરાતના ફુજૈરામાંથી તેલ લઈને સલામત બહાર નીકળ્યું હતું. સરકારે રવિવારે કહ્યું હતું કે તે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે અને સાથે ઈંધણ પુરવઠા અને નાવિકોની સલામતીનો ખ્યાલ રાખી રહી છે. જહાજ જગ લાડકી મુર્બન ક્રૂડ ઑઈલ લઈને ભારતીય સમય મુજબ સવારના સાડાદસ વાગ્યે ફુજૈરામાંથી બહાર નીકળ્યું હતું. તે ભારત આવી રહ્યું છે. જહાજના કર્મચારીઓ સલામત છે, એમ સરકારે એક યાદીમાં જણાવ્યું હતું.

વોર ઝોનમાંથી સલામત બહાર આવનારું જગ લાડકી ચોથું ભારતીય જહાજ છે.

આ સલામત મુસાફરી ભારતીય મુત્સદ્દીગીરની નવી સિદ્ધિ છે. હોર્મુઝની સામુદ્ધધુનીમાં અંકુશો ઈરાને મૂક્યા હોવાથી ભારતના એનર્જી સપ્લાઈ પર આની માઠી અસર પડી છે. સરકારે

(જુઓ પાનું ૨) ▶▶

### એલપીજી અછતનો ગભરાટ ઓછો થયો

નવી દિલ્હી : એલપીજી પુરવઠા અંગેનો ગભરાટ ઓછો થયો છે અને એલપીજી રીફિલના બુકિંગ ઘટીને અગાઉના ૮૮.૮ લાખથી ઓછા થઈને ૭૭ લાખ થઈ ગયા છે. સરકાર કહે છે કે પશ્ચિમ એશિયાની લડાઈ છતાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગૅસની કોઈ અછત નથી અને પુરવઠો સ્થિર રહ્યો છે. અગ્રતાક્રમ ધરાવતા ક્ષેત્રોને પાઈપ્ડ નેચરલ ગૅસ (પીએનજી) એટલે કે રસોઈ રાંધવા માટે કુદરતી વાયુ પાઈપ દ્વારા સતત અસ્ખલીત રીતે (૧૦૦ ટકા) આપવામાં આવી રહ્યો છે. કોમ્પ્રેસ્ડ નેચરલ ગૅસ ઔદ્યોગિક અને કમર્શિયલ વપરાશકારોને ૮૦ ટકા જેટલો આપવામાં આવી રહ્યો છે.

પશ્ચિમ એશિયાની કટોકટી અંગેની માહિતી આપતાં સરકારે કહ્યું હતું કે ઓનલાઈન એલપીજી બુકિંગ ૮૪ ટકાથી વધીને ૮૭ ટકા થયું છે. સરકારી માર્કેટિંગ કંપનીની ડિજિટલ બુકિંગ કરવાની ઝુંબેશનું આ પરિણામ છે. કંપનીઓએ ગ્રાહકોને ગભરાટમાં એલપીજી ડીલરને ત્યાં કતાર ન લગાડવાની વિનંતી કરી હતી.

સરકારે કહ્યું હતું કે દેશની બધી

(જુઓ પાનું ૨) ▶▶

# નેપાળમાં સાત ભારતીય યાત્રાળુનાં અકસ્માતમાં મોત

કાઠમંડુઃ નેપાળમાં ભારતીય યાત્રાળુઓને લઇ જતી બસ ખીણમાં પડતાં ભયંકર દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં સાત લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે સાત ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

આ દુર્ઘટના શનિવારના રોજ નેપાળના ગંડકી પ્રાંતમાં બની હતી. ગોરખા જિલ્લામાં શ્રદ્ધાળુઓને લઇ જતી એક માઇક્રોબસ મનકામના મંદિરથી પરત ફરી રહી હતી ત્યારે તે રસ્તા પરથી નીચે ઉતરી જતાં ખીણમાં ખાબકી હતી. ગોરખા જિલ્લાના જિલ્લા ટ્રાફિક

(જુઓ પાનું ૨) ▶▶

# કૉંગ્રેસે આસામમાંથી વર્ષે ૧૫૦ કરોડ ખીસામાં નાખ્યાઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે રવિવારે આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસે આસામના તેના ૧૫ વર્ષનાં શાસન દરમિયાન રાજ્યના હેલ્થકેર બજેટમાંથી દર વર્ષે દોઢસો કરોડ ખિસ્સામાં નાખ્યા હતા. શાહે વધુમાં કહ્યું હતું કે બીજી બાજુ ભાજપે રાજ્યના દસ વર્ષનાં શાસનમાં આ સેક્ટરમાં પરિવર્તન લાવ્યું હતું.

૨,૦૯૨ કરોડ રૂપિયાના હેલ્થકેર પ્રોજેક્ટના શિલાન્યાસ કરતા શાહે કહ્યું હતું કે કૉંગ્રેસ પાર્ટીને તેના નેતાના કુટુંબના આરોગ્યની જ પડી હોવાથી દસ વર્ષ અગાઉ આસામની હેલ્થકેર સિસ્ટમ કંગાળ સ્થિતિમાં હતી.

કૉંગ્રેસના ૨૦૧૬ સાલ સુધીનાં શાસન દરમિયાન હેલ્થકેરમાં ભ્રષ્ટાચાર હતો. કૉંગ્રેસના ૧૫ વર્ષનાં શાસન દરમિયાન દર વર્ષે રાજ્યના આરોગ્ય બજેટમાંથી તેના ખિસ્સામાં ૧૫૦ કરોડ રૂપિયા જતા હતા. આ નાણાં કદી ન જન્મેલાં નવ લાખ બાળકોની સારવાર અને કદી ન બાંધેલાં ૩૯૦ આંગણવાડી સેન્ટર પાછળ ખર્ચાયેલા બતાડવામાં આવ્યાં હતાં. (એજન્સી)■

### કાંશીરામને આપો ભારતરત્નઃ રાહુલ

નવી દિલ્હીઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બહુજન સમાજ પાર્ટી (બીએસપી)ના સ્થાપક કાંશીરામને મરણોત્તર ભારતરત્નથી સન્માનિત કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે આમ કરવાથી જેઓ તેમને સશક્તીકરણ અને આશાના પ્રતીક તરીકે જુએ છે એવા લાખો લોકોની

(જુઓ પાનું ૨) ▶▶




એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશને ડીઝલ આપો એ ચાલે, ક્રિકેટર ખરીદો એ ના ચાલે!

**ઈન્ડિયન** પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૨૦૨૬ની સિઝન માટે શાહરૂખ ખાનની કોલકાતા નાઈટ રાઈડર્સે બાંગ્લાદેશના ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ખરીદ્યો તેના કારણે મચેલી બબાલ માંડ માંડ શાંત થઈ છે ત્યાં હવે પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદનો ડખો શરૂ થયો છે. દુનિયાભરમાં અત્યારે ક્રિકેટનાં નાનાં ફોર્મેટની લોકપ્રિયતા છે તેથી બધે આઈપીએલ જેવી પ્રીમિયર લીગ શરૂ થઈ છે. ક્રિકેટની જન્મભૂમિ મનાતા ઈંગ્લેન્ડે આ લોકપ્રિયતાનો લાભ લેવા એક કદમ આગળ વધીને ધ હન્ડ્રેડ લીગ રમાડવાનું નક્કી કર્યું છે. ટી ૨૦માં ૨૦ ઓવર એટલે કે ૧૨૦ બોલ હોય છે તેના બદલે ધ હન્ડ્રેડમાં બંને ટીમ સો-સો બોલ રમશે. મતલબ કે લગભગ ૧૭-૧૭ ઓવર રમશે.

આ ધ હન્ડ્રેડ લીગ માટે હમણાં હરાજી થઈ તેમાં સનરાઇઝર્સ લીડ્સે પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને ૧.૯૦ લાખ પાઉન્ડ (અંદાજે ૨.૩૪ કરોડ રૂપિયા)માં ખરીદ્યો તેમાં બબાલ થઈ ગઈ છે. સનરાઇઝર્સ લીડ્સની માલિકી તમિળનાડુના શાસક ડીએમકેના કર્તાહર્તા સ્ટાલિનના પિતરાઈ બિઝનેસમેન કલાનિધિ મારનના સન ગ્રૂપની છે અને ટીમની સીઈઓ કલાનિધિની દીકરી કાવ્યા મારન છે. આઈપીએલની સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમની માલિકી પણ સન ગ્રૂપની છે ને કાવ્યા તેની સીઈઓ છે.

સનરાઇઝર્સ લીડ્સે પાકિસ્તાની ખેલાડીને ખરીદ્યો તેમાં સોશ્યલ મીડિયા પર કહેવાતા દેશભક્તો તૂટી પડ્યા છે અને કાવ્યા મારનની દેશભક્તિ સામે સવાલ ઉઠાવી રહ્યા છે. કહેવાતા દેશભક્તો સ્ટાલિનને પણ નિશાન બનાવી રહ્યા છે અને ભારતમાં આતંકવાદ ફેલાવનારા પાકિસ્તાની ક્રિકેટરને ખરીદીને સ્ટાલિનનો પરિવાર ભારત વિરોધી માનસિકતા છતી કરી રહ્યો છે એવી કોમેન્ટ્સ પણ થઈ રહી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે કાવ્યાની ટીમને આઈપીએલમાંથી તગેડી મૂકીને પાઠ ભણાવવો જોઈએ એવી માગણી પણ કેટલાકે કરી છે.

કાવ્યા મારન તો ચૂપ છે પણ સનરાઈઝર્સ લીડ્સના હેડ કોચ ડેનિયલ વિટોરીએ ચોખવટ કરી છે કે, ટીમે એક સ્પેશિયલાઈઝ્ડ સ્પિનર લેવાનું નક્કી કરેલું ને પહેલી પસંદગી ઇંગ્લેન્ડનો સ્ટાર સ્પિનર આદિલ રશીદ હતો પણ ઓક્શનમાં રશીદને સાઉધર્ન બ્રેવે ખરીદી લેતાં સનરાઇઝર્સ લીડ્સે બીજા વિદેશી સ્પિનરના વિકલ્પો પર ધ્યાન આપવું પડ્યું. અબરાર સિવાય બાંગ્લાદેશનો રિશાદ હુસૈન અને પાકિસ્તાનનો ઉસ્માન તારિક ઉપલબ્ધ હતા. અબરાર અહેમદની બેઝ પ્રાઇસ આશરે ૯૨.૫ લાખ રૂપિયા હતી પણ ઓક્શનમાં તેને ખરીદવા માટે સનરાઇઝર્સ લીડ્સ અને ટ્રેન્ટ રોકેટ્સ વચ્ચે જોરદાર જંગ થયેલો. છેવટે સનરાઇઝર્સે ૧.૯૦ લાખ પાઉન્ડ (લગભગ ૨.૩૪ કરોડ રૂપિયા) આપીને અબરારને ખરીદી લીધો. મતલબ કે, બાંગ્લાદેશી અને પાકિસ્તાનીઓ જ ઉપલબ્ધ હતા તેથી બબાલ તો થવાની જ હતી.

બીસીસીઆઈએ પણ ચોખવટ કરી છે કે, અમારે પાકિસ્તાની અબરારની ખરીદી સાથે નાહવા-નિચોવવાનો સંબંધ નથી. આ મામલો ઈંગ્લેન્ડના બોર્ડનો છે ને અમારા અધિકારક્ષેત્રમાં આવતો જ નથી. આ વિદેશી લીગનો મામલો છે તેથી એ લોકો જે કંઈ નક્કી કરે એ ફાઈનલ ગણાય. આઈપીએલમાં રમનારી સનરાઈઝર્સ હૈદરાબાદ અને હંડ્રેટ લીગની સનરાઈઝર્સ લીડ્સ બંને ટીમોના માલિક ભલે એક હોય પણ બંને ટીમો અલગ છે તેથી આઈપીએલમાં મારનની ટીમ સામે કોઈ પગલાં લેવાનો સવાલ જ પેદા થતો નથી.

જેમનો દેશપ્રેમ અત્યારે ફાટફાટ થઈ રહ્યો છે એવા લોકો આ કોઈ વાત સાંભળવા તૈયાર જ નથી. કાવ્યા મારનને બેફામ ગાળાગાળી થઈ રહી છે અને મનફાવે એમ લખાઈ રહ્યું છે. તમિળનાડુ વિધાનસભાની ચૂંટણી નજીક છે તેથી આ દેશપ્રેમનો ઊભરો આવ્યો છે કે સાચે જ આ દેશભક્તોને લાગી આવ્યું છે એ ખબર નથી પણ મુસ્તફિઝુરને શાહરૂખની ટીમે ખરીદ્યો ત્યારે જે માહોલ હતો એવો જ માહોલ પેદા કરવાની કોશિશ થઈ રહી છે. મુસ્તફિઝુરનો વિરોધ બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાઓના નામે થઈ રહ્યો હતો જ્યારે અબરારનો વિરોધ પાકિસ્તાન પ્રેરિત આતંકવાદના નામે થઈ રહ્યો છે.

ભારતમાં થયેલા વિરોધના પગલે બોર્ડે શાહરૂખની ટીમને મુસ્તફિઝુરને નહીં લેવા સૂચના આપતાં કોલકાતા નાઈટ રાઈડર્સે રહેમાનને છૂટો કરી દીધો હતો. બાંગ્લાદેશે વળતો પ્રહાર કરીને ટી ૨૦ વર્લ્ડ કપમાં પોતાની ટીમને ભારત નહીં મોકલવાનો નિર્ણય લીધો હતો. ભારતે તેનો જવાબ બાંગ્લાદેશની ટીમને વર્લ્ડ કપમાંથી બહાર કઢાવીને આપ્યો હતો. નારાજ બાંગ્લાદેશી સરકારે બાંગ્લાદેશમાં આઈપીએલની મેચોના પ્રસારણ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

અબરારના કેસમાં બોર્ડે પહેલાં જ હાથ અધ્ધર કરી દીધા છે ને સ્ટાલિનનો પરિવાર ઝૂકે એવી શક્યતા ઓછી હોવાથી કહેવાતા દેશભક્તો અબરારને બહાર કઢાવવામાં સફળ થશે કે કેમ તેમાં શંકા છે. ઈંગ્લેન્ડનું ક્રિકેટ બોર્ડ પણ પોતાની લીગમાં બહારનાં પરિબળો કડછો મારે એવું પસંદ ના કરે તેથી અબરાર કાવ્યા મારનની ટીમમાંથી જ રમે એવી પ્રબળ શક્યતા છે. તેની સામે ભારતમાં દેકારો મચશે, સન ટીવીને ગાળાગાળી ને દેખાવોનાં નાટક પણ થશે.

જે પણ થશે એ આપણી નજર સામે થવાનું છે તેથી તેની વાત અત્યારથી માંડવાનો અર્થ નથી પણ આ ઘટનાક્રમ આપણે ત્યાં દેશભક્તિના નામે તાયફા ને ગંદી રાજકીય રમતો રમાય છે એ ફરી છતું કરી દીધું છે. પાકિસ્તાની ક્રિકેટર અબરારને ભારતીય માલિકીની ટીમે ખરીદ્યો તેમાં જે લોકોને દેશપ્રેમનો ઊભરો આવી ગયો એ જ લોકો ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતની ટીમ પાકિસ્તાન સામે રમી ત્યારે ચૂપ હતા. કોલંબોમાં ૧૫ ફેબ્રુઆરીએ જ આપણી ટીમ પાકિસ્તાન સામે રમી હતી. પાકિસ્તાન અત્યારે આતંકવાદી રાષ્ટ્ર લાગે છે ત્યારે મહિના પહેલાં આતંકવાદી રાષ્ટ્ર નહોતું ? એ આતંકી દેશની ટીમ સામે આપણી ટીમ રમી ત્યારે આ નમૂનાઓનો દેશપ્રેમ ક્યાં સૂઈ ગયેલો ? કાવ્યા મારન દેશદ્રોહી લાગે છે તો પાકિસ્તાન સામે રમવાની મંજૂરી આપનારા આપણા બોર્ડના કારભારીઓ શું કહેવાય ? આ દેશભક્ત નમૂનાઓએ તેમને કેમ ગાળો ના આપી ? કેમ ટ્રોલ ના કર્યા ? કેમ કે દેશપ્રેમ સગવડિયો છે, રાજકીય સ્વાર્થ પ્રેરિત છે.

આ જ વિવાદના સંદર્ભમાં બીજી પણ મહત્વની વાત કરી લઈએ. મુસ્તફિઝુરનું પ્રકરણ સમાપ્ત થઈ ગયું છે અને તેના સ્થાને શાહરૂખની ટીમે મુસ્તફિઝુરના સ્થાને ઝિમ્બાવેના બ્લેસિંગ મુઝરબાનીને લઈ પણ લીધો તેથી ક્રિકેટના સંદર્ભમાં કોઈ વિવાદ રહ્યો નથી પણ જેમણે મુસ્તફિઝુરના સમાવેશ સામે હોહા કરીને દેશપ્રેમની મોટી મોટી વાતો કરેલી તેમને એક સવાલ છે. બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાઓ થઈ તેથી આપણે બાંગ્લાદેશી ક્રિકેટરને ના રમાડવો જોઈએ તો બાંગ્લાદેશને ડીઝલ આપવું જોઈએ ?

આપણી ભારત સરકાર ૧૩૧ કિલોમીટર લાંબી ભારત-બાંગ્લાદેશ ફ્રેન્ડશિપ પાઇપલાઇન દ્વારા બાંગ્લાદેશને ડીઝલ આપી રહ્યું છે. આ કંઈ એક વખતની વાત નથી પણ બારે મહિના આપે છે. વાસ્તવમાં ભારત સરકારે વાર્ષિક ૧.૮૦ લાખ ટન ડીઝલની નિકાસ કરવાનો કરાર બાંગ્લાદેશ સાથે કર્યો છે ને તેના ભાગરૂપે આ વરસે અત્યાચાર સુધીમાં ૫,૦૦૦ ટન ડીઝલ અપાયું છે. આસામની નુમાલીગઢ રિફાઇનરીથી બાંગ્લાદેશના પરબતીપુરને જોડતી પાઇપલાઇન દ્વારા ૨૦૨૩થી આ ડીઝલ અપાય છે. મતલબ કે, બાંગ્લાદેશમાં હિંદુઓનાં ઘરો સળગાવાતાં હતાં, હિંદુઓની હત્યાઓ થતી હતી ને બહેન-દીકરીઓ પર અત્યાચાર થતા હતા ત્યારે પણ આપણી સરકાર બાંગ્લાદેશને ડીઝલ આપતી હતી.

શું ખબર, આપણે મોકલતા હતા એ ડીઝલથી જ હિંદુઓનાં ઘરો સળગાવાયાં હોય.

મુદ્દો એ છે કે, કહેવાતા દેશભક્તો તેની સામે કેમ ચૂપ છે ? કંઠીધારી બનો એટલે એટલી નપુંસકતા આવી જાય કે, દેશના હિત વિશે પણ ના બોલી શકાય ?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,
સોમવાર, તા. ૧૬-૩-૨૦૨૬, સોમપ્રદોષ, પંચક

- ભારતીય દિનાંક ૨૫, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૧૨
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી ગાથા-૧ અહુનવદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ઘનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૨૪ સુધી (તા. ૧૭), પછી શતભિષા
- ચંદ્ર મકરમાં સાંજે ક. ૧૮-૧૩ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
- ભરતીઃ સવારે ક. ૧૦-૨૩, રાત્રે ક. ૨૨-૫૭
- ઓટઃ સાંજે ક. ૧૬-૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૮ (તા. ૧૭)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન – કૃષ્ણ દ્વાદશી. સોમપ્રદોષ, પંચક પ્રારંભ સાંજે ક. ૧૮-૧૩.

- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુ, પ્રતિષ્ઠા, સોમપ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાંયકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, ચંદ્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ-અભિષેક પૂજા, નવા વસ્ત્ર, આભૂષણ, દેવદર્શન ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના, વૃક્ષ રોપવા, બી વાવવું, અન્નપ્રાશન
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૧૭)

ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે). માર્ગી શનિ-મીન (શનિ અસ્ત), રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# જેન-ઝી ૨૦૩૦ સુધીમાં ૧.૩ ટ્રિલ્યન ડૉલર ખર્ચશે

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૩૦ સુધીમાં જેન-ઝી ભારતની વસ્તીના ૨૭ ટકા હશે. આ વય જૂથ ૧.૩ ટ્રિલ્યન ડોલર વપરાશને નિયંત્રિત કરશે. આ જૂથ અનુભવો, સ્થિરતા અને ડિજિટલ સુવિધા પર ધ્યાન કેન્દ્રિત કરીને ગ્રાહક બજારોને નવો આકાર આપશે. આ જાણકારી રેડસીર સ્ટ્રેટેજી કન્સલ્ટન્ટ્સના એક અહેવાલમાં સામે આવી છે.

'જેન-ઝીઃ ડિફાઇનિંગ ટ્રેન્ડ્સ, ઇન્ફ્લુએન્સિંગ સ્પેન્ડ્સ' શીર્ષકવાળા આ અહેવાલમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે કે ૧૯૯૭ અને ૨૦૧૨ની વચ્ચે જન્મેલા આ વસ્તી વિષયક જૂથ, મૂલ્યો આધારિત વિકલ્પોને કેવી રીતે પ્રાથમિકતા આપી રહ્યું છે.

અહેવાલમાં જણાવાયું છે કે જેન-ઝી વસ્તીનો એક મોટો હિસ્સો બની જશે અને ૨૦૩૦ સુધી ૧.૩ ટ્રિલ્યન ડોલરની વપરાશને નિયંત્રિત કરશે. આ પેઢી લેબલોથી દૂર રહે છે અને સમાવિષ્ટતા, આત્મ-અભિવ્યક્તિ અને પ્રામાણિકતાને મહત્વ આપે છે. આત્મ-ખોજના આ તબક્કા દરમિયાન તેઓ સૌંદર્યશાસ્ત્ર અને નવા અનુભવોને પ્રાથમિકતા આપે છે. આ તમામ વાતો ગ્રાહકો તરીકે તેમના વર્તનમાં ઝલકે છે.

જેન-ઝીનું સૌંદર્યશાસ્ત્રને મહત્વ આપવું બ્યૂટી અને પર્સનલ કેર(બીપીસી) ક્ષેત્ર સાથેના તેમના જોડાણમાં સ્પષ્ટપણે જોવા મળે છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં આ જૂથ ભારતના બીપીસી બજારમાં લગભગ ૧૯ અબજ ડોલરનો હિસ્સો ધરાવશે તેવો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ૨૦૩૦ સુધીમાં જેન-ઝી ફેશન(કપડાં, ફૂટવેર અને એસેસરીઝ) ઉદ્યોગના અડધા ભાગને ચલાવશે. ૧૦૦૦ રૂપિયાથી ઓછી કિંમતના 'ફાસ્ટ ફેશન' ઉત્પાદનો તેમની પસંદગીના વિકલ્પ બનેલા છે.

ફિટનેસ પણ જેન-ઝીની પ્રાયોરિટી લિસ્ટમાં સામેલ છે. આ જૂથના એક તૃતીયાંશ લોકો તેમની આવકના ઓછામાં ઓછા ૨૦ ટકા ફિટનેસ અને સ્પોટર્સ પર ખર્ચ કરે છે. રેડસીરે જણાવ્યું કે ૨૦૩૦ સુધીમાં જેન-ઝી ફિટનેસ અને સ્પોટર્સ સંબંધિત સામાનના વપરાશને ૪૦ અબજ અમેરિકન ડોલર સુધી પહોંચાડશે. ■

# યુદ્ધના ફેક વીડિયોઃ યુએઈમાં ૧૯ ભારતીય સહિત ૩૫ની ધરપકડ

દુબઈઃ રવિવારે ઈઝરાયેલ-અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે પ્રાદેશિક તણાવ વચ્ચે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ યુદ્ધ સંબંધી ભ્રામક અને બનાવટી સામગ્રી ધરાવતા વીડિયો ક્લિપ્સ પ્રકાશિત કરવા બદલ ૧૯ ભારતીયો સહિત ૩૫ વ્યક્તિઓની ધરપકડનો આદેશ આપ્યો છે. યુએઈની સત્તાવાર સમાચાર એજન્સી વામે જણાવ્યું હતું કે આરોપીઓને ઝડપી ટ્રાયલ માટે મોકલવામાં આવ્યા છે.

એટર્ની જનરલ ડો. હમદ સૈફ અલ શમસી દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન અનુસાર, આ પગલું જાહેર અવ્યવસ્થા ફેલાવવા અને સામાન્ય સ્થિરતાને નુકસાન પહોંચાડવાના હેતુથી બનાવટી માહિતી અને એઆઈ કન્ટેન્ટના પ્રસાર સામે લડવા માટે ડિજિટલ પ્લેટફોર્મ્સના સખત નિરીક્ષણ બાદ લેવામાં આવ્યું છે. તપાસ અને ઇલેક્ટ્રોનિક મોનિટરિંગમાં બહાર આવ્યું છે કે પ્રતિવાદીઓને ત્રણ જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા જેમણે વિવિધ કૃત્યો કર્યા હતા. આમાં વર્તમાન ઘટનાઓ સંબંધિત વાસ્તવિક ક્લિપ્સનું પ્રકાશન, એઆઈનો ઉપયોગ કરીને ક્લિપ્સની બનાવટ અને લશ્કરી આક્રમણની પ્રથા ધરાવતા દેશને પ્રોત્સાહન આપવા સાથે તેના નેતૃત્વ અને લશ્કરી કાર્યવાહીના ગુણગાન ગાવાનો સમાવેશ થાય છે. ૧૦ આરોપીઓના પ્રથમ જૂથે દેશના હવાઈ ક્ષેત્રમાં મિસાઈલોના પસાર થવા અને તેને અટકાવવા અથવા તેના પરિણામી પ્રભાવને દસ્તાવેજ કરતી અધિકૃત વીડિયો ક્લિપ્સ પ્રકાશિત અને પ્રસારિત કરી હતી. તેઓએ આ ઘટનાઓનું નિરીક્ષણ કરતી વ્યક્તિઓના મેળાવડાનું શૂટિંગ પણ કર્યું હતું. ■

# ચૂંટણીની જાહેરાત પહેલાં મમતાની સરકારી કર્મચારીઓ, મુલ્લાં, પુરોહિતોને લહાણી

કોલકાતાઃ ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરી, તેની થોડી મિનિટો પહેલાં જ રાજ્યના મુખ્ય પ્રધાને રાજ્યના સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થાં (ડીએ)ની બાકી નીકળતી રકમ (એરિયર્સ) આપવાની અને બાંગ પોકારનારા મુલ્લાં તેમ જ હિંદુ પુરોહિતોના માનદ વેતનમાં વધારો કરવાની જાહેરાત કરી હતી.

મમતા બેનરજીએ ચૂંટણી પંચની પત્રકાર પરિષદની ૮૦ મિનિટ પહેલાં જ ૨.૪૦ વાગ્યે પુરોહિતો અને બાંગ પોકારનારા મુલ્લાંના માનદ વેતનમાં વધારો કરવાની જાહેરાત સોશ્યલ મીડિયા 'એક્સ' પર કરી હતી. આ ઉપરાંત, ચાર રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભાની ચૂંટણી યોજવા ચૂંટણી પંચ દ્વારા બપોરે ચાર વાગ્યે યોજાયેલી પત્રકાર પરિષદની ૫૫ મિનિટ અગાઉ ૩.૦૫ વાગ્યે સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થાંની બાકી નીકળતી રકમ ચાલુ વર્ષના માર્ચથી જ આપવાની જાહેરાત કરી હતી.

પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાને પુરોહિતો અને બાંગ પોકારનારા મુલ્લાના માસિક માનદ વેતનમાં રૂપિયા ૫૦૦નો વધારો કરવાની જાહેરાત કરી હતી. હવે તેઓને માસિક રૂપિયા ૨,૦૦૦ ચૂકવાશે.

મમતા બેનરજીએ સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સના ડીએની બાકી નીકળતી રકમ ચાલુ વર્ષના માર્ચથી જ ક્લિયર કરવાની જાહેરાત કરી હતી. આનો લાભ શિક્ષકો અને નૉન-ટિચિંગ સ્ટાફને પણ મળશે. (એજન્સી) ■

# મજા લેવા હુમલા કરીશુંઃ ટ્રમ્પનું વિચિત્ર વિધાન

વૉશિંગ્ટનઃ અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષનો હાલ કોઈ અંત નથી દેખાઈ રહ્યો, યુએસએ એરસ્ટ્રાઈક કરીને ઈરાનના પેટ્રોલિયમ તેલ નિકાસ કેન્દ્ર ખાર્ગ ટાપુનો નાશ કર્યો હતો, હવે અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આ ટાપુ પર વધુ હુમલાઓની ધમકી આપી છે.

ટ્રમ્પે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલામાં ખાર્ગ ટાપુનો મોટાભાગનો હિસ્સો સંપૂર્ણપણે નાશ પામ્યો છે. હવે ટ્રમ્પે ચેતવણી આપતા કહ્યું, ''અમે હવે ફક્ત મજા લેવા માટે ત્યાં ફરી હુમલા કરી શકીએ છીએ.''

ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે ઈરાન આ સંઘર્ષનો અંત લાવવા માટે તૈયાર હોવાનું જણાવી રહ્યું છે. ટ્રમ્પે કહ્યું કે શરતો હજુ યોગ્ય નથી.

ટ્રમ્પે અગાઉ દાવો કર્યો હતો કે અમેરિકાએ ખાર્ગ ટાપુ પર આવેલા લશ્કરી સ્થળોને નિશાન બનાવ્યા હતાં. અહેવાલ મુજબ યુએસના આ હુમલાને કારણે સંઘર્ષના અંત માટે ચાલી રાજદ્વારી પ્રયાસોને નુકસાન પહોંચ્યું છે.

અહેવાલ મુજબ મધ્ય-પૂર્વમાં અમેરિકાના સાથી દેશોએ સંઘર્ષ સમાપ્ત કરવાના હેતુથી વાટાઘાટો શરૂ કરવાના પ્રયાસો શરૂ કર્યા હતાં, ટ્રમ્પ વહીવટીતંત્રએ આ પ્રસ્તાવ નકારી કાઢ્યા છે. ■

# એર ઈન્ડિયા અને ઈન્ડિગોની મિડલ-ઈસ્ટ માટેની ફ્લાઈટ રદ

નવી દિલ્હીઃ મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિને કારણે ફ્લાઇટની વ્યવસ્થા ખોરવાઇ ગઈ છે. આવા સમયે યુએઈ એરપોર્ટ સત્તાવાળાઓ દ્વારા જારી કરવામાં આવેલી સૂચનાઓને પગલે, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસને રવિવારે તેના એડ-હોક ઓપરેશન્સમાં મોટો ઘટાડો કરવાની ફરજ પડી છે. આ અનિવાર્ય સંજોગોને કારણે દુબઈ અને અબુ ધાબી જતી મોટાભાગની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

ઈન્ડિગોએ આ યુદ્ધને ધ્યાન રાખતા પશ્ચિમ એશિયાના સાત સ્થળોએ ૨૮ માર્ચ સુધી તેની સુનિશ્ચિત ફ્લાઇટ્સ સ્થગિત કરવાની જાહેરાત કરી છે. આનું મુખ્ય કારણે મધ્યપૂર્વમાં ચાલી રહેલો તણાવ હોવાનું જાણવા મળ્યું છે. ઈન્ડિગો દ્વારા દોહા, કુવૈત અને શાર્જાહની ફ્લાઈટને પણ ૨૮ માર્ચ સુધી સ્થગિત કરી હોવાનું જાણવા મળ્યું છે.ફ્લાઈટ્સની વિગતો મુજબ, એર ઈન્ડિયા દુબઈ માટેની પાંચમાંથી ચાર ફ્લાઈટ્સ રદ કરી છે . ■

# 'ઇન્કમ ટૅક્સ વિભાગ બિનજરૂરી કેસ ન કરે'

## સંસદીય સમિતિની આવકવેરા ડિપાર્ટમેન્ટને સલાહ

નવી દિલ્હીઃ એક સંસદીય સમિતિએ આવકવેરા વિભાગને વડી અદાલત કે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરતા પહેલાં કેસની ઝીણવટભરી તપાસ માટે નિષ્ણાતોની સમિતિ 'એક્સપર્ટ લિટિગેશન કમિટી' રચવા અને કેસ પ્રત્યેના અભિગમમાં 'આમૂલ પરિવર્તન' લાવવાની સલાહ આપી હતી.

નાણાં મંત્રાલયની સ્થાયી સમિતિના અહેવાલમાં આવકવેરા વિભાગ દ્વારા કરાયેલા મોટા ભાગના કેસમાં પરાજય થતો હોવાની બાબતમાં ચિંતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે ઇન્કમ ટૅક્સ ડિપાર્ટમેન્ટ પોતાના દ્વારા ૨૦૨૪-૨૫માં વડી અદાલતમાં કરાયેલા કેસમાંથી માત્ર ૧૨.૦૭ ટકા અને ઇન્કમ ટૅક્સ અપેલેટ ટ્રિબ્યૂનલમાં કરાયેલા કેસમાંથી ફક્ત ૧૪.૫૬ ટકા કેસ જ જીત્યું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ચાર રાજ્યમાં

કમિશનર્સ - સુખવીરસિંહ સંધુ અને વિવેક જોશીની હાજરીમાં સંબંધિત જાહેરાત કરતા જણાવ્યું હતું કે કેરળ અને પુડુચેરીની બધી બેઠક માટે નવ એપ્રિલે મતદાન થશે, જ્યારે તમિળનાડુ વિધાનસભા માટે ૨૩ એપ્રિલે મતદાન યોજાશે.

જ્ઞાનેશકુમારે જણાવ્યું હતું કે ચાર રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ચૂંટણીમાં હિંસા ન થાય, તેનું ખાસ ધ્યાન રખાશે અને ચૂંટણી પંચ હિંસા ફેલાવનારા લોકોની સામે કડક કાર્યવાહી કરશે.

વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાતની સાથે આ ચાર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આચારસંહિતા તાત્કાલિક લાગુ પડાઇ છે.

તમિળનાડુ વિધાનસભાની કુલ ૨૩૪ બેઠક છે અને ત્યાં દ્રમુકના નેતા એમ. કે. સ્ટાલિન ૨૦૨૧ની સાત મેથી મુખ્ય પ્રધાન છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની કુલ ૨૯૪ બેઠક છે અને તે રાજ્યમાં તૃણમૂલ કૉંગ્રેસના નેતા મમતા બેનરજી ૨૦૧૧થી સત્તામાં છે.

કેરળ વિધાનસભાની કુલ ૧૪૦ બેઠક છે અને ત્યાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રંટની સરકારના નેતા પિનારાઇ વિજયન ૨૦૧૬થી મુખ્ય પ્રધાન છે.

આસામ વિધાનસભાની ૧૨૬ બેઠક છે અને ભાજપ આ રાજ્યમાં ૨૦૧૬થી સત્તા પર છે. હિમંતા બિસ્વ સર્મા ૨૦૨૧થી મુખ્ય પ્રધાન છે.

પુડુચેરીમાં મુખ્ય પ્રધાન એન. રંગસ્વામી ૨૦૨૧થી સત્તા પર છે. આ કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભામાં કુલ ૩૩ બેઠક છે અને તેમાં કેન્દ્ર દ્વારા નિમાયેલા ત્રણ સભ્યનો સમાવેશ થાય છે. ચાર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાંના કુલ મતદારની સંખ્યા અંદાજે ઑસ્ટ્રેલિયા, ફ્રાંસ, દક્ષિણ આફ્રિકા, જર્મની અને કેનેડાની વસતિ જેટલી છે. (એજન્સી) ■

### એલપીજી અછતનો

રીફાઈનરી તેની ઉચ્ચ ક્ષમતાએ કામ કરીને ખનીજ તેલનો પૂરતો જથ્થો રાખી રહી છે. ઘરઆંગણાની માગને પહોંચી વળવા કોઈ આયાતની જરૂર નથી અને દેશ પેટ્રોલ અને ડીઝલના ઉત્પાદનમાં આત્મનિર્ભર છે.

તેલની કંપનીઓએ ઈંધણના કોઈ પણ રીટેલ આઉટલેટ (પેટ્રોલ પંપમાં) કે એલપીજી વિતરકો પાસે પૂરતો પુરવઠો હોવાનો દાવો કર્યો હતો. કંપનીઓએ કહ્યું હતું કે પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પુરવઠો નિયમિત રખાયો છે.

સરકારે વધુમાં કહ્યું હતું કે એલપીજી બુકિંગમાં ઘટાડો થયો છે. ૧૩ માર્ચ, ૨૦૨૬એ ૮૮.૮ લાખ બુકિંગ હતા, જ્યારે શનિવારે આ બુકિંગ ૭૭ લાખ થયા છે. ઓનલાઈન એલપીજી બુકિંગ ૮૪ ટકાથી વધીને ૮૭ ટકા થયા છે. ઘરેલુ એલપીજી વપરાશકારોને પ્રાથમિકતા અપાઈ રહી છે તેમને અવિરતપણે પુરવઠો અપાઈ રહ્યો છે. હૉસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થાઓ જેવા અગ્રતાક્રમ ધરાવતાં ક્ષેત્રોને પણ અવિરતપણે પુરવઠો મળે છે. અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ સરકારી માર્ગદર્શિકા પ્રમાણે કમર્શિયલ ગૅસ આપવાના હુકમ બહાર પાડ્યા છે. (એજન્સી) ■

### અમેરિકા

તેમણે આક્ષેપ કર્યો હતો કે અમેરિકાએ ઇરાનના ખર્ગ ટાપુ અને અબુ મુસા દ્વીપ પર યુએઇના બે સ્થળ - રાસ અલ ખૈમાહ અને દુબઇની ઘણી નજીકની જગ્યાએથી હુમલા કર્યા હતા.

ઇઝરાયલ પર ઇરાને છોડેલા મિસાઇલથી ૧૨ જણ માર્યા ગયા હતા. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં અમેરિકાના ઓછામાં ઓછા ૧૩ સૈનિક મૃત્યુ પામ્યા હતા. (એજન્સી) ■

### બાળકોના

પોતાના પરિવારના સભ્યોની સાથે મૃત્યુ પામ્યા હોવાનું અથવા નાસી ગયા હોવાનું મનાય છે. ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કૉર્પ્સે જણાવ્યું હતું કે બાળકોની હત્યા કરનારા આ યહૂદી નેતા જો જીવતા હોય, તો અમે તેમને શોધીને મારી નાખીશું.

અગાઉ, ઇઝરાયલના વડા પ્રધાનની ઑફિસે નેતન્યાહુની હત્યાને માત્ર અફવા ગણાવી હતી અને દાવો કર્યો હતો કે અમારા વડા પ્રધાન ખડે ધડે છે. (એજન્સી) ■

### નેપાળમાં

પોલીસ કાર્યાલયના વડા સૂરજ આર્યલે જણાવ્યું કે મૃતકોમાં બે મહિલાઓ અને પાંચ પુરુષોનો સમાવેશ થાય છે. આ તમામ ભારતીય નાગરિકો મનકામના પૂજા-પાઠ માટે ગયા હતા.

જિલ્લા પોલીસ કચેરીના વડા ભરત બહાદુર બીકેના જણાવ્યા અનુસાર પીડિતોની ઓળખ મુથુ કુમાર(૫૮), અનામલિક(૫૮), મીનાક્ષી(૫૯), શિવગામી(૫૩), વિજયાલ(૫૭), મીના(૫૮) અને તમિલારસી(૬૦) તરીકે થઇ છે. ■

### ભારતીય ઓઈલ


એક યાદીમાં કહ્યું હતું કે ૧૪ માર્ચ ૨૦૨૬એ ભારતીય ધ્વજ ધરાવતા જહાજ જગ લાડકીમાં ફુજૈરા સિંગલ પોન્ટ મુરિંગમાં તેલ ભરાઈ રહ્યું હતું ત્યારે ફુજૈરા ઑઈલ ટર્મિનલ પર હુમલો કરવામાં આવ્યો હતો. જહાજ રવિવારે સવારે સાડાદસ વાગ્યે (ભારતીય સમય મુજબ) ૮૦,૮૦૦ મુર્બાન ક્રૂડ ઑઈલ સાથે ફુજૈરાથી રવાના થયું હતું. તે ભારત આવી રહ્યું છે. જહાજ અને તેના કર્મચારીઓ સલામત છે. (એજન્સી) ■

### કાંશીરામને

આકાંક્ષાઓનું સન્માન થશે.

મોદીને લખેલા પત્રમાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે કાંશીરામે ભારતીય રાજકારણનું સ્વરૂપ બદલી નાખ્યું હતું. તેમજ તેમણે આંદોલનો દ્વારા બહુજન અને ગરીબોમાં રાજકીય જાગૃતિ આણી હતી.

તેમણે કહ્યું કે આજે જ્યારે આપણે કાંશીરામની જન્મજયંતિ ઉજવી રહ્યા છીએ અને તેમના વારસા અને યોગદાન પર વિચાર કરી રહ્યા છીએ ત્યારે હું તમને વિનંતી કરવા માટે લખી રહ્યો છું કે તેમને મરણોત્તર ભારતરત્નથી સન્માનિત કરવામાં આવે. (એજન્સી) ■


ARKTRAVELGROUP
Since 1981.
DREAM CRUISES
Ready For The First-Ever
Bhajan Jamming At Sea ?
Exclusively on Genting Dream
The Divine Voyage
Foam Party & DJ Night Included
Departure Ex Singapore
3N
INR 38,999 /-
Departure Dates:
26th May & 9th June 2026
*Port Charges & Gratuity Apply
*T&C Apply
Limited Edition Sailing

# નવી મુંબઈમાં ૩૬ લાખના દાગીનાની ચોરી: ત્રણની ધરપકડ

થાણે: નવી મુંબઈમાં ફ્લેટનાં તાળાં તોડીને ૩૬ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ચોરીના કેસમાં ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

નવી મુંબઇના કળંબોલી વિસ્તારમાં આવેલી ઇમારતના ફ્લેટમાં ચોરી થઇ હતી અને ક્રાઇમ બ્રાન્ચે ચોવીસ કલાકમાં આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ આરોપીઓ ૯ માર્ચે સાંજે ફ્લેટનાં તાળાં તોડીને અંદર ઘૂસ્યા હતા અને ૩૬ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડ ચોરી ફરાર થયા હતા. ચોરીની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. કેસની સમાંતર તપાસ કરી રહેલા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે ૧૦ માર્ચે થાણે જિલ્લાના ડાયઘર ગામમાંથી ત્રણેય આરોપીને ઝડપી પાડ્યા હતા. આરોપીઓની ઓળખ પવન રોહિદાસ જાધવ (૨૫), સુમિત રોહિદાસ જાધવ (૨૨) અને શિવાજી જગન રાઠોડ (૨૩) તરીકે થઇ હતી, જેમની પાસેથી ચોરીની મતા જપ્ત કરાઇ હતી.

# સગીર પર જાતીય હુમલાના કેસમાં યુવાનને ૧૦ વરસની સખત કેદ

થાણે: થાણેની ફાસ્ટ-ટ્રેક કોર્ટે ૧૩ વર્ષના છોકરા પર જાતીય હુમલો કરવાના લગભગ સાત વર્ષ જૂના કેસમાં ૩૪ વર્ષના યુવાનને ૧૦ વરસની સખત કેદની સજા સંભળાવી હતી.

કોર્ટે સાતમી માર્ચે આપેલા ચુકાદાની નકલ ગુરુવારે ઉપલબ્ધ થઈ હતી. ચુકાદામાં જજ વી. એ. પતરાવળેએ કસૂરવાર વિકી ઉર્ફે ગુડ્યા દત્તા થોરાતને ૧૦ વરસની જેલ અને ૩૧ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

વિશેષ સરકારી વકીલ કદંબિની ખંડાગળેના કહેવા અનુસાર ઘટના ૮ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ બની હતી. ઉલ્હાસનગર પરિસરમાં આવેલા જાહેર શૌચાલયમાં થોરાતે સગીર પર સાથે કુકર્મ કર્યું હતું.

સગીરે કોર્ટમાં જણાવ્યું હતું કે બનેલી ઘટનાની કોઈને જાણ કરી તો જાનથી મારવાની ધમકી થોરાતે આપી હતી.

બચાવ પક્ષે દાવો કર્યો હતો કે છોકરાના શરીર પર ઇજા દેખાતી નથી અને તેના નિવેદનમાં પણ વિસંગતિ છે. જોકે કોર્ટે આ દલીલ નકારી કાઢી હતી.

કોઈ પણ તબીબી પુરાવા કોઈ પણ સમર્થન ન આપતા હોવા છતાં સગીરે આપેલી જુબાની વિશ્વસનીય અને માનવાજોગ છે, એમ કોર્ટે જણાવ્યું હતું. કોર્ટે નોંધ્યું હતું કે પીડિત અથવા તેના પરિવારને આરોપી સાથે કોઈ વિવાદ હતો, એવું કશું પણ રેકોર્ડ પર લવાયું નથી. તેથી આરોપીને સંડોવવા વાત ઉપજાવી કાઢવામાં આવી છે, એવું માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદ પક્ષે નવ સાક્ષીદારને તપાસ્યા હતા, જેમાં પીડિત અને તેના વાલીઓનો સમાવેશ થતો હતો. કોર્ટે ભારતીય દંડ સંહિતા અને પોક્સો ઍક્ટ હેઠળ આરોપીને કસૂરવાર ઠેરવ્યો હતો. તેની પાસેથી વસૂલવામાં આવનારી દંડની રકમ સગીરને ચૂકવવાનું કોર્ટે ચુકાદામાં કહ્યું હતું. (પીટીઆઈ)

# થાણે જિલ્લામાં એક્સાઇઝ વિભાગે ૩૨ લાખ રૂપિયાનો ગેરકાયદે દારૂ જપ્ત કર્યો

થાણે: થાણે જિલ્લામાં ચાલતા ગેરકાયદે દારૂના આંતરરાજ્ય રૅકેટનો એક્સાઇઝ વિભાગે પર્દાફાશ કર્યો હતો. અધિકારીઓએ છેલ્લા ચાર દિવસમાં અનેક દરોડા પાડીને ૩૨ લાખ રૂપિયાનો દારૂ જપ્ત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. ભિવંડીમાં ૧૦ માર્ચે રાતે અધિકારીઓએ બે વાહનને આંતર્યાં હતાં, જેમાંથી ૨૦ લીટર ક્ષમતાવાળા ૧૦ જાર અને વ્હિસ્કીની ૨,૦૦૦ બોટલો મળી આવી હતી. ઘટનાસ્થળેથી ચાર જણને તાબામાં લેવામાં આવ્યા હતા અને ૧૯.૨૯ લાખ રૂપિયાની મતા જપ્ત કરાઇ હતી. વધુ તપાસ બાદ એક્સાઇઝ વિભાગની ટીમે ચાવદર પાડા અને કોનગાંવ ખાતે શંકાસ્પદ ખરીદદારો અને સપ્લાયર્સના નિવાસે દરોડા પાડ્યા હતા. એક્સાઇઝ વિભાગના સુપરિન્ટેન્ડેન્ટ (થાણે) પ્રવીણ તાંબેએ જણાવ્યું હતું કે દરોડા દરમિયાન દારૂ નરીફિલિંગથના રૅકેટનો પર્દાફાશ કરાયો હતો અને દારૂથી ભરેલા અનેક ૨૦ લીટર જાર, પ્રીમિયમ વ્હિસ્કી બ્રાન્ડની સેંકડો ભરેલી અને ખાલી બોટલો જપ્ત કરાઇ હતી.દરમિયાન ૧૨ માર્ચે વૈજુલા વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસ પર રેઇડ પાડવામાં આવી હતી, જ્યાંથી વ્હિસ્કીની ૨૪૦ બોક્સ, ખાલી જાર અને અન્ય સામગ્રી જપ્ત કરાઇ હતી. વધુમાં ૧૩ માર્ચે ૨.૦૭ લાખ રૂપિયાનો દારૂ પણ જપ્ત કરાયો હતો. આમ કુલ ૩૨ લાખ રૂપિયાની કિંમતનો ગેરકાયદે દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. મુખ્ય આરોપી સોમા કૃષ્ણા જાધવની કસ્ટડી પૂરી થતી હોવાથી તેને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને જુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી. તેના ત્રણ સાથીદારોને ભારતીય ન્યાય સુરક્ષિ સંહિતાની સંબંધિત કલમો હેઠળ નોટિસ જારી કરાઇ હતી.

# અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકના કુટુંબને ૧૮.૯૬ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણે: થાણે મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૨૦માં મુંબઈ-પુણે હાઇવે પર અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકના કુટુંબીજનોને ૧૮.૯૬ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. એમએસીટીના સભ્ય કે.પી. શ્રીખંડેએ અકસ્માતમાં સામેલ કારના માલિક અને વીમા કંપનીને ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૩થી મૃતકની પત્ની અને સગીર પુત્રને રકમ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે વળતર ચૂકવવાના નિર્દેશ આપ્યા હતા.

અરજી અનુસાર દૂધ વિક્રેતા બંડુ બારકુ આંદ્રે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૦ની રાતે મોટરસાઇકલ પર જઇ રહ્યો હતો ત્યારે માવળમાં નાયગાંવ નજીક પૂરપાટ વેગે આવનારી કારે તેની મોટરસાઇકલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બંડુ આંદ્રેને ગંભીર ઇજા પહોંચી હતી અને સ્થાનિક હોસ્પિટલમાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

વીમા કંપનીએ દાવાનો વિરોધ કરીને આક્ષેપ કર્યો હતો કે મૃતક રસ્તાની વચ્ચે બેદરકારીથી વાહન હંકારી રહ્યો હતો. જોકે ટ્રિબ્યુનલે આ માટે કોઇ પુરાવા ન હોવાનું નોંધીને વીમા કંપનીના આક્ષેપને ફગાવી દીધો હતો. (પીટીઆઇ)

# પશ્ચિમ બંગાળમાં ભાજપ હારી જશે: અખિલેશ યાદવ

મુંબઈ: સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે રવિવારે એવો દાવો કર્યો હતો કે ભાજપ આવતા મહિને પશ્ચિમ બંગાળમાં થનારી વિધાનસભાની ચૂંટણી હારી જશે, અને એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી મુખ્ય પ્રધાન રહેશે.

મુંબઈમાં પત્રકારોને સંબોધતાં યાદવે આસામ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને કેરળ સહિત ચાર રાજ્યોમાં ઈન્ડિ બ્લોકના ભાગીદારોને સમાજવાદી પાર્ટીના સમર્થનની પુષ્ટિ કરી હતી, જ્યાં એપ્રિલમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે.

'અમે આસામમાં એક બેઠક માંગી રહ્યા છીએ, અને જો તે ન થાય તો પણ, અમે ઈન્ડિ ગઠબંધનના સાથીઓને ટેકો આપીશું,' એમ તેમણે કહ્યું હતું. આસામ અને કેરળમાં ૯ એપ્રિલે મતદાન થશે, જ્યારે પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે અને તમિલનાડુમાં ૨૩ એપ્રિલે ચૂંટણી યોજાશે.

યાદવે ભારતના ચૂંટણી પંચને મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા અને તે કેન્દ્ર સરકારના હાથમાં કઠપૂતળી ન બને તેની ખાતરી કરવા વિનંતી કરી હતી.

# વેપારી પાસેથી ખંડણી માગનારા બે પકડાયા

થાણે: વેપારી પાસેથી બે લાખ રૂપિયાની ખંડણી માગનારા બે આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીની ઓળખ સુશાંત સંજય સૂર્વે (૩૦) અને અક્ષય જયંત કરંજવકર (૩૫) તરીકે થઈ હતી. બે શખસ પાંચ લાખ રૂપિયા માટે ધમકાવતા હોવાની ફરિયાદ વેપારીએ કરી હતી. ફરિયાદની ખાતરી કરીનને ક્રાઈમ બ્રાન્ચની ટીમે શુક્રવારે વસંત વિહાર વિસ્તારમાં આવેલી એક સ્કૂલ નજીક છટકું ગોઠવ્યું હતું. વાતચીત બાદ પાંચને બદલે બે લાખ રૂપિયા સ્વીકારવાનું આરોપીએ નક્કી કર્યું હતું. બે લાખ રૂપિયા લેવા આવેલા બન્નેને પોલીસે પકડી પાડ્યા હતા. તેમની વિરુદ્ધ ખંડણીનો ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

## ક્લાસિફાઈડ


### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૨૨૫)

### ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી ઈસ્ટ ભાડેથી**
ડબલ રૂમ 24000 ફર્નિશ્ડ/AC કોર્નરની લેવા ગંગર - 8080524858. (બી-૧૭૨૪૬)

**અંધેરી ઈસ્ટ ભાડેથી**
3 બેડ (બે બેડના ભાવમાં) સ્ટેશન/ દેરાસર નજીક લિફ્ટ/ પાર્કિંગ છે લેવા ગંગર 8080524858. (બી-૧૭૨૪૭)

**બોરીવલી વેસ્ટ**
**TPS રોડમાં 1 બેડરૂમના 400' અંડર કન્સ્ટ્રક્શન 1.20 કરોડમાં તરત વેચવાના છે. કેતનભાઈ: 91378 69496. (૮૯૦-એ)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**KALA GHODA**
**Nariman Point, Fort, Require 100 to 2000 Sq. Ft. Office Space for Rent and Outright. Call Megh Shah 9870032042. (B-17275)**

### ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**
જુના જાણકાર ઘેર બેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૨૪૪)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કન્ટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૮૭૨/સી)

■ PREMIUM ૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD - 81694 73531/ 98986 37635. (બી-૧૭૨૬૫)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## છેલ્લા પાનાનું ચાલુ

### શું દૂધ મળવાનું

આવી રહી છે. મધર ડેરીએ પણ કહ્યું કે તેના દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ્સ પીએનજી અને અન્ય ઇંધણનો ઉપયોગ કરે છે, તેથી હાલમાં દૂધ પુરવઠામાં કોઈ સમસ્યા થવાની શક્યતા નથી.

એકંદરે, એવી ચિંતા છે કે જો એલપીજી ગેસની અછત ચાલુ રહેશે, તો ભવિષ્યમાં નાના ડેરી ઉદ્યોગો માટે વધુ વિકટ પરિસ્થિતિ ઉભી થઇ શકે છે.

### થાણેના

લગભગ ૩૫ થી ૪૦ લાખ રૂપિયા ખર્ચવા પડે છે. તેથી જો તળાવનો ઉપયોગ માછીમારી અને બોટિંગ માટે કરવામાં આવે છે, તો એવી અપેક્ષા છે કે તેનાથી ખર્ચ બચશે અને મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકમાં વધારો થશે, એમ નગરપાલિકાએ દરખાસ્તમાં જણાવ્યું છે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં આવેલા ૧૫ તળાવો કૌસા, ખારેગાંવ, ન્યૂ શિવાજીનગર, કચરાળી , સિદ્ધેશ્વર, દેવસર, મોઘરપાડા, ફડકેપાડા, કાસરવડવલી, મખમલી, રેવાલે, દાતીવલી, ખિડકલી, ખરડી અને દેસાઈમાં બોટિંગ અને માછીમારી શરૂ કરવામાં આવશે. ઓછામાં ઓછી એક મોટર બોટ અને બે પેડલ બોટ હોવી જરૂરી રહેશે. કોન્ટ્રાક્ટર તળાવોની સ્વચ્છતા, પાણીની ગુણવત્તા, કચરા વ્યવસ્થાપન અને પરિસરની જાળવણી માટે પણ જવાબદાર રહેશે.

### આઈઆઈટી-બૉમ્બેની

તળેલી અને બાફેલી વાનગીઓને અસ્થાયી રૂપે દૂર કરવામાં આવી છે. ઉપરાંત રાત્રિભોજનમાં મીઠાઈને બદલે મિલ્કશેક અથવા આઈસ્ક્રીમ પીરસવામાં આવશે. સાદું દૂધ અથવા ઠંડુ આપવામાં આવશે. લંચ અને ડિનર સાથે ફળો આપવામાં આવશે.

વહીવટીતંત્રે વિદ્યાર્થીઓને મોકલેલા ઇમેઇલમાં જણાવ્યું હતું કે, હાલની યુદ્ધની પરિસ્થિતિને કારણે એલપીજીની અછતને કારણે, મેસમાં એલપીજીનો ઉપયોગ ઓછો કરવો જરૂરી છે. દેશના પહેલાથી જ મર્યાદિત એલપીજી ભંડાર પરનો ભાર ઓછો કરવા માટે મેનુમાંથી કેટલીક વસ્તુઓને અસ્થાયી રૂપે દૂર કરવામાં આવી છે અથવા તેમાં ફેરફાર કરવામાં આવ્યા છે, કારણ કે તેમને રાંધવા માટે વધુ ઊર્જાની જરૂર પડે છે.

વધુમાં નજીકના ભવિષ્યમાં મેનુમાં વધુ ફેરફારો થવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સંસ્થાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જે વાનગીઓને રાંધવામાં વધુ સમય લાગે છે અથવા વધુ ગેસની જરૂર પડે છે તેને હાલ માટે મેનુમાંથી દૂર કરવામાં આવી છે.

મેનુમાં કેટલાક ફેરફારો કરવા સ્વાભાવિક છે. અમે પહેલાથી જ બાયોગેસ અને વીજળીના વિકલ્પોનો ઉપયોગ કરી રહ્યા છીએ અને અમારી પાસે કેટલાક એલપીજીનો સ્ટોક પણ છે. જોકે તે ખતમ ન થાય તે માટે અમે જરૂરી પગલાં લઈ રહ્યા છીએ. એવું પણ જણાવવામાં આવ્યું છે કે જ્યારે એલપીજીનો પુરવઠો સામાન્ય થશે, ત્યારે નિયમિત મેનુ ફરી શરૂ કરવામાં આવશે'.

### ચોમાસામાં

જણાવ્યા અનુસાર આ વર્ષે જૂનથી સપ્ટેમ્બર દરમ્યાન મુંબઈમાં દરિયામાં ૨૪ દિવસ મોટી ભરતી દરમ્યાન દરિયામાં મોજાં ઊંચા ઉછળશે. ૪.૫ મીટરથી ઊંચા મોજાં ઉછળે તો તેને જોખમી માનવામાં આવે છે. સૌથી મોટી ભરતી ૧૬ જુલાઈ, ગુરુવારના છે. બપોરના ૧.૩૬ વાગ્યાથી ભરતી શરૂ થશે અને મોજા ૪.૮૯ મીટરથી પણ ઊંચા ઉછળશે. તેથી એ દિવસે મુંબઈમાં મુશળધાર વરસાદ રહ્યો તો મુંબઈગરાને હાલાકી થવાની શક્યતા છે.

અન્ય નોંધપાત્ર ભરતીનો સમયગાળો ૧૪ જૂનથી ૧૯ જૂનનો છે, જેમાં ૧૬ જૂનના બીજા નંબરની મોટી ભરતી રહેશે. એ દિવસે બપોરના ૧.૦૫ વાગે ભરતી સમયે દરિયામાં ૪.૮૭ મીટરથી પણ ઊંચા મોજાં ઉછળશે અને બીજા દિવસે જ એટલે કે ૧૭ જૂનના બપોરના ૨.૪૪ વાગે ભરતી રહેશે અને એ સમયે દરિયામાં ૪.૭૮ મીટરથી પણ ઊંચા મોજાં ઉછળશે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ૧૩ જુલાઈથી ૧૮ જુલાઈ આ છ દિવસ દરમ્યાન મોટી ભરતી સમયે દરિયામાં ૪.૫૩થી ૪.૮૯ મીટર સુધીના ઊંચા મોજાં ઉછળશે, જેમાં સૌથી મોટી ભરતી ૧૬ જુલાઈના બપોરના હશે અને દરિયામાં ૪.૮૯ મીટરથી ઊંચા મોજાં રહેશે. ઑગસ્ટમાં પાંચ દિવસ મોટી ભરતી રહેશે, જેમાં ૧૨થી ૧૬ ઑગસ્ટના બપોરના સમયે ૪.૫૦ મીટરથી લઈને ૪.૮૩ મીટર સુધી ઊંચા મોજાં ઉછળશે. સપ્ટેમ્બરમાં સાત દિવસ મોટી ભરતી રહેશે, જેમાં ૧૦,૧૧,૧૨,૧૩ ના બપોરના સમયે ભરતી હશે. એ બાદ ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરના રાતના સમયે મોટી ભરતી રહેશે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ભરતી સમયે દરિયામાં ઠાલવવામાં આવતા પાણી માટેના ફ્લેડ ગેટ બંધ કરી દેવામાં આવતા હોય છે, તેથી શહેરમાં એ સમયે ભારે વરસાદ હોય તો વરસાદી પાણીનો નિકાલ થઈ શકતો નથી અને એવા સંજોગોમાં શહેરમાં પાણી ભરાઈ જતા હોય છે અને પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. તેથી દર વર્ષની માફક આ વર્ષે પણ મુંબઈ ફાયરબ્રિગેડ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ સહિતની ઈમરજન્સી સર્વિસ હાઈ અલર્ટ પર રહેશે. ગયા વર્ષે મુંબઈમાં ૧૯ દિવસ મોટી ભરતી હતી, જેમાં ૨૬ જૂનના ૪.૭ મીટરની સૌથી મોટી ભરતી હતી.

### કૉંગ્રેસ લોકોમાં

દેશમાં રસોઈ ગેસની અછતના આરોપો અંગેના સવાલોના જવાબ આપી રહ્યા હતા. 'રાહુલ ગાંધી અને કોંગ્રેસ જાણી જોઈને લોકોમાં ભય પેદા કરી રહ્યા છે, જેના પરિણામે નાગરિકો એલપીજી સિલિન્ડર માટે કતારોમાં ઉભા છે. અમારી પાસે પૂરતો ગેસ પુરવઠો છે. એલપીજી માટે ક્યાંય પણ કતારમાં ઉભા રહેવાની બિલકુલ જરૂર નથી,' એમ તેમણે કહ્યું હતું. ઈરાન અને ઓમાન વચ્ચેના સાંકડા જળમાર્ગ, હોર્મુઝ સ્ટ્રેટ બંધ થયા પછી, પશ્ચિમ એશિયાના સંઘર્ષે ક્રૂડ ઓઇલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના પુરવઠા પર અસર કરી છે. કેન્દ્રએ કહ્યું છે કે તે ઘરેલુ રસોઈ અને હોસ્પિટલો જેવા આવશ્યક ક્ષેત્રો માટે એલપીજીને પ્રાથમિકતા આપી રહ્યું છે, જ્યારે રેસ્ટોરન્ટ સહિત બિન-આવશ્યક વ્યાપારી સાહસોને પુરવઠો મર્યાદિત પ્રમાણમાં કરી રહ્યું છે. સરકારે ભારપૂર્વક જણાવ્યું છે કે દેશમાં ઘરેલુ એલપીજીની કોઈ અછત નથી.

### મુંબઈમાં

સાથે હડકવાના રસીકરણનું કામ કરે છે. જોકે રખડતા શ્વાનની વધતી વસતી માટે આટલી ઉપાયયોજના અપૂરતી સાબિત થઈ છે. ઝડપી, પારદર્શક વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે પાલિકાના દરેક વોર્ડમાં સીસીટીવીથી સજ્જ એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર સ્થાપવા આવશ્યક છે. અજિત રાવરાણેએ વધુમાં જણાવ્યું હતું કે ગયા મહિને મેયરે મુંબઈમાં રખડતા શ્વાનની વધતી સંખ્યાને મુદ્દે પાલિકા કમિશનરને લખેલા પત્રમાં મુંબઈમાં વધતી જતી રખડતા શ્વાનની વસતીનું સંચાલન કરવા માટે અપૂરતી માળખાગત સુવિધા અને આઠ એનજીઓ પર નિર્ભરતાનો ઉલ્લેખ કરીને પાલિકાના એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગામને તમામ ૨૬ વોર્ડમાં વિસ્તુત કરવાની વિનંતી કરી હતી.

**૨૯ વર્ષમાં ૪.૩ લાખ શ્વાનનું વંધીકરણ**

હ્યુમન સોસાયટી ઈન્ટરનેશનલ/ ઈન્ડિયા સાથે સહયોગથી પાલિકા દ્વારા ૨૦૨૪માં કરવામાં આવેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે છેલ્લા ૨૯ વર્ષમાં મુંબઈમાં આશરે ૪.૩ લાખ રખડતા શ્વાનનું વંધ્યીકરણ કરવામાં આવ્યું છે. આ પ્રયાસથી છેલ્લા દાયકામાં વસતી ૯૫,૧૭૨થી ઘટીને ૯૦,૭૫૭ થઈ ગઈ છે. પાલિકાના આંકડા પણ સૂચવે છે કે શહેરમાં વાર્ષિક સરેરાશ ૭૦,૦૦૦ શ્વાનના કરડવાના કેસ નોંધાય છે. ૧૯૯૪થી ડિસેમ્બર ૨૦૨૩ની વચ્ચે પાલિકાએ ૪,૦૩,૩૭૪ શ્વાનનું વંધ્યીકરણ કર્યું હતું, જેમાં ૨૦૧૪થી ૨૦૨૩ના જ સમયગાળામાં ૧,૪૮,૦૮૪ શ્વાનનો સમાવેશ થાય છે.

## હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**
મૂળ ગામ જૂનાગઢ હાલ કલ્યાણ સ્વ.રમણીકલાલ જમનાદાસ વિઠલાણી અને સ્વ.સવિતાબેન રમણીકલાલ વિઠલાણીના સુપુત્ર રાજેશ (ઉં. વ. ૬૭) તા.૧૪/૩/૨૬ને શનિવારના શ્રીજી ચરણ પામેલ છે તે મીનાબેનના પતિ. બીપીનભાઇ વિજયભાઈ અને અજય ભાઈના ભાઈ. તેમજ સ્વ.હરજીવનદાસ બચુભાઈ જટાણીયા કાંદિવલીના જમાઈ. તેમજ વિજયભાઈ અને પિયુષભાઈના બનેવી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૬/૩/૨૬ના સોમવારના સાંજના ૪:૩૦થી ૬:૩૦ ના સમયે લોહાણા મહાજન વાડી જલારામ હોલ, સરદાર પટેલ માર્ગ, કલ્યાણ(પ).

**હાલાઈ લોહાણા**
મુળ ગામ સલાયા હાલ થાણા નીવાસી પ્રદિપભાઈ મુલજીભાઈ બથીયા (ઉં. વ. ૭૩) તે શુક્રવાર તા. ૧૩/૩/૨૬ના શ્રીજી ચરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. તે સ્વ.હીરાબેન મુલજીભાઇ બથીયાના પુત્ર. તે ધર્મેશ, દિપેન, વૈશાલીના પિતા. તે જલ્પા અને વૈશાલીના સસરા. તે વિરેન્દ્ર મનસુખભાઈ વસાણીના સસરા. તે સ્વ. વ્રજલાલ લીલાધર સચદેવના જમાઈ. તે સ્વ. તારાબેન, નીમુબેન, પુષ્પાબેન, હસુબેન, વીણાબેન, મિનાક્ષીબેન, તે સંજયભાઈના ભાઈ. તે સરોજબેનના જેઠ. તેમતી બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૧૬/૦૩/૨૬ના ૪ થી ૬ કલાકે એન.કે.ટી. કોલેજ સભાગૃહ, ખારકર આળી, થાણા (વેસ્ટ). તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**
ખપોલી નિવાસી હાલ નાલાસોપારા પુષ્પાબેન ગોપાલદાસ વિઠલાણી (ઉં. વ. ૭૮) તે ગોકલદાસ વસનજી મજીઠીયાના દીકરી સ્વ.દેવચંદભાઈ, સ્વ કાંતિભાઈ, સ્વ ત્રિભોવનભાઈ, સ્વ મણીબેન તથા સ્વ શાંતાબેનના ભાભી. જ્યોતિ, રાજેશ તથા ભાવેશના માતૃશ્રી. જતીન રભેરુ, તૃપ્તિ તથા ભક્તિના સાસુ. સ્વ લલીતાબેન, સ્વ. કાંતાબેન, ગુલાબબેન, સ્વ.કિશોરભાઈ, ત્રિભોવનભાઈ, સ્વ.ગોપાલભાઈ જોસનાબેન તથા ગીતાબેનના બેન. તે તા. ૧૩/૩/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા ૧૬/૩/૨૬ના, ૪ થી ૬ કલાકે મારું ભવન પહેલે માળે રામદેવ ઝેરોક્ષ ની સામે તુલિંજ રોડ ચાર રસ્તા નાલાસોપારા ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી સોની**
ગામ ગોંડલ હાલ કાંદીવલી ગં. સ્વ વિજયાબેન કાંતિલાલ પાટડીયા (ઉં. વ. ૮૮) તે તા. ૧૪/૩/૨૬ના શ્રીજી શરણ પામેલ છે તે સ્વ કાંતિલાલ હિરાચંદ પાટડીયા ના ધર્મપત્ની, વિનોદ, રાજુ, રમા, ભારતી, જ્યોતિના માતુશ્રી. પ્રફુલ્લા, અલકા, સ્વ. ગિરધર, સ્વ દિનેશ, તથા રાજેશના સાસુ. સ્વ. મોનજીભાઈ આડેસરાના દિકરી. ચમનલાલ, ઉમેદભાઈ, જેઠાલાલના બેન. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૬/૩/૨૬ના, ૫ થી ૭ કલાકે વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ ચોથે માળે જૈન મંદિર કાંદીવલી ભગત કોલોની એસવી રોડ કાંદીવલી વેસ્ટ.

**સારસ્વત બ્રાહ્મણ**
જોશી પંકજ જયંતીલાલ રત્નેશ્વર (ઉં. વ. ૫૯) મૂળ વતન : કોઠારા, હાલ મુલુન્ડ તેઓ ગંગાસ્વ જ્યોતિબેનના પતિ. સ્વ. ભાનુમતીબેન જયંતીલાલ રત્નેશ્વરના પુત્ર. નયન અને ડિમ્પલના પિતાશ્રી. સિમરન અને અમનના સસરા. રેખાબેન , મધુબેન, ભારતીબેન, જયેશભાઈ, ભરત તથા સ્વ. ધર્મેશના ભાઈ. સ્વ. તારાબેન શંકરલાલ ચથમંદ્રા (કોઠારા વાળા)ના જમાઈ. તા. ૧૨/૦૩/૨૦૨૬, ગુરુવારના રામશરણ પામ્યા છે. જેમના બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬/૦૩/૨૬ ને સોમવારના રોજ સારસ્વત વાડી, પહેલા માળે સમય સાંજે ૫ થી ૭ વાગ્યે રાખવામાં આવેલ છે (લૌકિક વ્યવહાર બંધ છે)

**નાઘેર દશાશ્રીમાળી વણિક**
ઘાટવડ નિવાસી હાલ ઘનસોલી સ્વ. રસીલાબેન કાંતિલાલ દામોદરદાસ ઝાટકિયાના સુપુત્ર જીગ્નેશ ભાઈ (ઉં. વ. ૫૨) તા. ૧૪/૦૩/૨૬ ને શનિવારના રોજ અરિહંત શરણ પામ્યા છે, તેઓ રચનાબેનના પતિ. ચાર્મી અને જયના પિતા. ગં. સ્વ. ચારુબેન સુનિલભાઈ ગાંધી તથા જયશ્રીબેન પરેશકુમાર મહેતાના ભાઈ. સીમર નિવાસી હાલ વાશી સ્વ. વસંતલાલ પોપટલાલ બખાઈના જમાઈ, તેમની પ્રાર્થના તા- ૧૬/૦૩/૨૬ ને સોમવારે સાંજે ૫.૦૦ થી ૦૬.૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર હોલ, સેક્ટર ૨૯, વાશી- નવી મુંબઈ.

**ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ**
ગામ કોળિયાક નિવાસી હાલ થાણા સ્વ. ધર્મેશ રમેશભાઈ કાચા (ઉં. વ. ૩૯) રામશરણ પામેલ છે. તે સ્વ. મણીબેન તથા સ્વ. ભગવાનભાઈ પ્રાગજીભાઈ કાચાના પૌત્ર. તે ગં. સ્વ. મીનાબેન તથા સ્વ. રમેશભાઈ કાચાના પુત્ર. તે કવિતાના પતિ. તે હંસાબેન તથા ચંદ્રકાન્તભાઇ ભીખાભાઈ રાઠોડના જમાઈ. તે ચિરાગના મોટાભાઈ તે ધ્રુવના પપ્પા. પ્રાર્થના સભા તારીખ ૧૬.૦૩.૨૦૨૬ સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે કડિયા મહાજન વાડી, મામલતદારવાડી ક્રોસ રોડ નં - ૩,મલાડ - વેસ્ટ.

**પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ**
વિરાર નિવાસી (મૂળ વતન જામનગર) સ્વ. ભૂમેશ ચંદુલાલ વૈદ્ય અને ગં. સ્વ. ચંદ્રિકા ભૂમેશ વૈદ્યના પુત્ર કલ્પેન્દુ (ઉં. વ. ૫૫) તે રૂદ્રદત્ત, હર્ષિત, વિપુલના ભાઈ, કાવ્યાના પિતા. સ્વ. મનુભાઈ અને વિનય ચંદુલાલ વૈદ્ય, સ્વ. નૌતમ ડી. વૈદ્ય, સ્વ. ચારૂબેન જીતેન્દ્ર ભટ્ટ, સ્વ. જ્યોતી મહિપત વૈદ્ય, સ્વ. દીદી દિનેશ પટ્ટણી ના ભત્રીજા, ચિ. કશ્યપ, ચિ. અનઘ, ચિ. જિગ્નેશ, ચિ. દુર્ગાક્ષીના કાકા શુક્રવાર તા. ૧૩-૦૩-૨૬ના રોજ દેવલોક પામ્યા છે. પ્રાર્થના સભા મંગળવાર તા. ૧૭-૦૩-૨૬ના તેમના નિવાસસ્થાને ઈન્દ્રગિરિ બિલ્ડિંગ, ડાયસ ભુવન કમ્પાઉન્ડ, તોંડારે હોસ્પિટલની બાજુમાં, જીવદાની રોડ, વિરાર ઈસ્ટ. ખાતે સાંજે ૪ થી ૬. (લૌકિક વ્યવહાર બંધ છે).

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**
માંગરોળ નિવાસી હાલ સાંતાક્રુઝ, મુંબઈ અ. સૌ. ચંદ્રિકા (ઉં. વ. ૬૭), તા. ૧૪.૦૩.૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યાં છે. તે પિયુષ દેસાઈનાં ધર્મપત્ની, સ્વ. જ્યોતિબેન જયંતીલાલ વલ્લભદાસ દેસાઈનાં પુત્રવધૂ, તે કેયૂર, પ્રિયાંકી તથા પંક્તિનાં માતુશ્રી. તર્જની તથા રાજનાં સાસુ. તે સ્વ. વેણાકુંવર ધીરજલાલ શાહ (વેરાવળવાળાં)નાં પુત્રી. ખુશીનાં દાદી, અન્વય અને મલ્હારનાં નાની. પ્રાર્થનાસભા સોમવાર ૧૬.૦૩.૨૬, સાંજે ૫થી ૭. સ્થળ: એમ. એમ. પ્યૂપિલ્સ ઑન સ્કૂલ, એસ. વી. રોડ, ખાર (વે).

**કચ્છ કડવા પાટીદાર**
કચ્છગામ જીયાપર હાલે મુલુન્ડ સ્વ. રમાબેન (ઉં. વ. ૮૪) તા. ૧૨/૦૩/૨૦૨૬ના ગુરુવારના રામશરણ પામ્યા છે. તેઓ સ્વ.રતનશી પુંજા પોકાર ના ધર્મપત્ની. ભરતભાઈ, કવિતાબેન, બિંદુબેન, મહેશભાઈ ના માતાશ્રી. રેખાબેન, અમરતકુમાર, નરેશકુમાર, મીનાબેનના સાસુમા. સ્વ. લાલુબેન પુંજાભાઈ વિશ્રામ પોકારના પુત્રવધુ. સ્વ. કંકુબેન શામજીભાઈ મુળજીભાઈ દીવાણીના સુપુત્રી. કુણાલ, પુનિત, ભક્તિ, વિન્દાના દાદીમા. પ્રાર્થનાસભા સોમવાર, તા.૧૬-૩-૨૬ના સાંજે ૪ થી ૫.૩૦ કલાક કાલિદાસ હોલ, પી.કે. રોડ, મુલુંડ વેસ્ટ ખાતે રાખેલ છે.

**કચ્છી લોહાણા**
મગનલાલ જીવરામ ટોકરશી ઠક્કર (ઉં. વ. ૯૧) ગામ ભાચુંડા હાલ માટુંગા તા. ૧૪-૩-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. સામાબાઇ જીવરામ ટોકરશી (સોનાઘેલા)ના પુત્ર. સ્વ. મધુરીબેનના પતિ. વિભા ઠક્કર, આરતી જય પંડયાના પિતા. સ્વ. હરીદાસ, સ્વ. દયારામ, રામદાસ, સ્વ. કનૈયાલાલ, જમનાદાસ, સ્વ. શાંતાબેન કરસનદાસ રૂપારેલ, સ્વ. મુકતાબેન, મીનાબેન ચંદ્રકાંત રૂપારેલના ભાઇ. સ્વ. ગોદાવરીબેન નારાયણજી પુરુષોતમ ચોથાણી (ગઢશીશા) ના જમાઇ. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૭-૩-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. રામજી અંદરજી વાડી (રામવાડી), ચંદાવરકર રોડ, માટુંગા (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૯. લૌકિક વ્યવહાર બંધ છે, બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**હાલાઇ લોહાણા**
મૂળ ગામ મોવાણ હાલ કાંદિવલી સ્વ. ગોકળદાસ ગોરધનદાસ દાવડાના સુપુત્ર અરવિંદભાઇ (ઉં. વ. ૭૯) તે તરુણાબેનના પતિ. સ્વ. સુશીલાબેન અમલાણી, સ્વ. રતનબેન તન્ના, સ્વ. મંજુલાબેન રાડિયા, સ્વ. ચંદ્રાબેન કોટેચા તેમ જ અ. સૌ. ભારતીબેન જયંતીલાલ અમલાણીના ભાઇ. સ્વ. ગોકળદાસ મૂળજી થોભાનીના જમાઇ, તા. ૧૪-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌક્કિ વ્યવહાર બંધ છે. ઠે. ૧/૧૨, ન્યૂ પોપટ નિવાસ કાંદીવલી પશ્ચિમ.

## પારસી મરણ

શેરુ દીનયાપ ખાશીમાય તે મરહુમ દીનયાર જમશેદજી ખાશીમાયના વિધવા. તે મરહુમો દીના તથા દારાબશાહ નીલગીરીવાલાના દીકરી. તે હોરમઝ દીનયાર ખશીમાયના મમ્મી. તે નાજુ હોરમઝ ખશીમાયના સાસુ. તે મરહુમ સોલી દારબશાહ નીલગીરીવાળાના બહેન. તે અવીવા હોરમઝ ખશીમાય ને ખુશરૂ હોરમઝ ખશીમાયના બપયજી. તે મરહુમો એમી તથા બહાદુર શાહેરના વહુ. (ઉં. વ. ૮૩) રે. ઠે. ઇ-૨૨, જર બાગ, ભોંયતળિયે, ડો. બાબા આંબેડકર રોડ, ભાયખલા, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૩-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે ભાભા બંગલી નં.૧માં.

હવોવી હોમી મિસ્ત્રી તે ફરહાદ ફરોખ કાપડીયાના ધણીયાની. તે માનેક તથા હોમી મિસ્ત્રીના દીકરી. તે પાશમીરા ફરહાદ કાપડીયાના મમ્મી. તે મરહુમો નરગીશ તથા ફરોખ કાપડીયાના વહુ. તે મરહુમો દીનામાય તથા દારાબશાહ મિસ્ત્રી તથા મરહુમ રતી મલાવના ગ્રેન્ડ ડોટર. તે હોશંગ ફરોખ કાપડીયાના ભાભી (ઉં. વ. ૫૩) રે. ઠે. બી-૧, ફલેટ નં-૧૦૪, પંથકી કોલોની, વિશાલ હોલની સામે, અંધેરી (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૭-૩-૨૬ને બપોરે ૩.૪૦ કલાકે અંધેરી મધે પટેલ અગિયારીમાં.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
ઉપલેટા નિવાસી હંસાબેન શેઠ (ઉં. વ. ૮૩) જે સ્વ. વસંતભાઈના ધર્મપત્ની. અશોક, રાકેશ, આરતી અને ઈલાના માતુશ્રી. ખેવાનાબેન, અલ્પાબેન અને મિલનકુમાર દામાણીના સાસુ. બગસરા નિવાસી સ્વ. ગુલાબચંદ પુરુષોત્તમ મડિયાના દીકરી અને હિયા તથા રાજવીના દાદી તા. ૧૪-૦૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૦૩-૨૬ ને સોમવારના સૂરજ વાડી, બગીચાની સામે, ઉપલેટા ખાતે સવારના ૧૦.૩૦ રાખેલ છે.

**વિશા પોરવાળ ૭૧ જૈન**
ડાભલા નિવાસી હાલ મુંબઇ સૌ. નીતાબેન (ઉં. વ. ૭૧) તે ભરત ચંપાલાલ રામચંદ શાહના ધર્મપત્ની. સ્વ. ચંદ્રસેન ગુલાબચંદ (આકોલા)ના સુપુત્રી. તા. ૧૪-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે માનસી, બીજલ, અંકિતના મમ્મી. તે મિતુલકુમાર અને કેયુરકુમારના સાસુ. તથા વરુણ અને શનાયાના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## મનન

# ધર્મની સ્થિરતા

હેમંત વાળા
feedback@bombaysamachar.com



કહેવાય છે કે અસ્થિરં જીવિતં લોકે, ધનં યૌવાનમસ્થિરમ્; અસ્થિરાઃ પુત્રદારાશ્ચ, ધર્મઃ કેવલં સ્થિરઃ. આ લોકમાં જીવન અસ્થિર છે, ધન અને યુવાની પણ અસ્થિર છે, પુત્ર અને પત્ની પણ અસ્થિર છે, માત્ર ધર્મ સ્થિર છે. એમ પણ કહેવાય છે કે 'ન ચ યૌવનમન્નપાશોતિ ન ચ, ન ચ પત્ની ન ચ પુત્રકોડપિ, એકો ધર્મઃ સ્થાપ્યોડયમચલઃ પારલૌકિકઃ સુખમાવહતીતિ.' ન તો યૌવન અવસ્થા કાયમ ટકે છે, ન અન્ન, ન પત્ની કે ન પુત્ર. એકમાત્ર ધર્મ અચલ - અચલિત રહે છે અને પરલોકમાં સાચું સુખ આપે છે - શુદ્ધ, પવિત્ર અને શાશ્વત સુખનું કારણ બને છે. એમ પણ કહેવાય છે 'ધર્મેણહીનાઃ પશવઃ સમાનાઃ'. જેના જીવનમાં ધર્મ નથી તે માનવી પશુ સમાન છે. પશુતા એટલે અસ્થિરતા, ચંચળતા, વિચારશીલતાનો અભાવ, કામનાની આવેગ યુક્ત સ્થિતિ, વિવેક તથા સંયમનો અભાવ અને માત્ર આહાર-નિદ્રા-ભય-મૈથુન યુક્ત જીવન. આવી પરિસ્થિતિમાં ધર્મનું સ્થાન સંભવી ન શકે, પરિણામે પશુ સમાન માણસ વધુને વધુ પશુતા ધારણ કરતો જાય. પશુતાથી ધર્મ જ રક્ષણ કરી શકે. જે ધર્મનું રક્ષણ કરે તેનું ધર્મ રક્ષણ કરે. ધર્મો રક્ષતિ રક્ષિતઃ બાકી બધી જ વસ્તુઓ નાશ પામે, તેનો ભંગ થઈ જાય, પરંતુ ધર્મ શાશ્વત છે અને તે દરેક પરિસ્થિતિમાં બચાવવા સમર્થ છે. એકંદરે એમ કહી શકાય કે ધર્મ એકમાત્ર સ્થિર, અડગ, અચળ, શાશ્વત છે. તેનું અનુસરણ દરેક પ્રકારની અનિત્ય પરિસ્થિતિનાં બંધનથી મુક્તિ અપાવી શકે. આ ધર્મની સ્થાપના માટે ઈશ્વર દરેક યુગમાં સંભવામિ બને છે.

આ ધર્મ એટલે સદાચાર, સત્ય, નૈતિકતા તથા સનાતની સંસ્કૃતિ મુજબની જીવનશૈલી. ધર્મ સિવાય આ લોકમાં, સૃષ્ટિમાં, બ્રહ્માંડમાં કશું જ કાયમ નથી. ધર્મ એટલે જે ધારણ કરે તે, જે આધાર આપે તે. સૃષ્ટિમાં બે જ પ્રકારનાં તત્ત્વ છે, એક જે આધારિત છે અને બીજું જે આધાર આપે છે. ધર્મ આધાર છે અને તે જેને આધાર આપે તે આધારિત છે. સૃષ્ટિમાં એક જ આધાર છે અને તે છે ધર્મ અન્ય બધું જ આધારિત છે. ધર્મને કારણે ચોક્કસ પરિસ્થિતિ સ્થાપિત થાય, તે પરિસ્થિતિને કારણે અન્ય પરિસ્થિતિ સ્થાપિત થાય, જેને કારણે અન્ય અને અંતે પરિસ્થિતિની પરંપરા સ્થાપિત થયાં કરે, પરંતુ મૂળમાં આધાર તરીકે એકમાત્ર ધર્મ હોય. આ ધર્મ એટલે પરબ્રહ્મનો સ્વભાવ, આધ્યાત્મની પરિભાષા, નૈતિકતા, કર્તવ્ય પરાયણતા અને સૃષ્ટિના સંતુલનને જાળવી રાખતી વ્યવસ્થા.

પાપ અને પુણ્ય પણ તેનું ફળ ખર્ચીત થતાં શૂન્યતાને પામે છે અર્થાત પાપ અને પુણ્યનું સ્વરૂપ પણ બદલાય છે.

સમય બદલાય છે. સ્થળ ભિન્ન ભિન્ન સ્થિતિ પ્રાપ્ત કરે છે. સંજોગો બદલાય છે. સંજોગો પ્રત્યેની સમજ બદલાય છે અને તેનાં પ્રત્યેનાં પ્રતિભાવ બદલાય છે. પરિસ્થિતિ બદલાતા સમજ અને લાગણીઓ પણ બદલાતી રહે. આજે જે યોગ્ય જણાય છે તે કાલે તેમ ન પણ જણાય. આજે જેનાં પ્રત્યે અપાર ભાવ હોય તે કાલે ઘૃણામાં પરિવર્તિત પણ થઈ શકે. આજે જેના વિશે પસંદગી છે તે કાલે નાપસંદ પણ થઈ શકે. તેથી જ કઠ ઉપનિષદની વાત સમજવા જેવી છે. અહીં નચિકેતા યમરાજ પાસે પ્રેય નહીં પરંતુ શ્રેયની માગણી કરે છે. શ્રેય એટલે જે શ્રેયકર છે અને પ્રેય એટલે જે ઇન્દ્રિયોને, મનને પ્રિય છે તે. શ્રેય માત્ર ધર્મ છે કારણ કે ધર્મ થકી જ અધર્મનો, અસત્યનો, અવિદ્યાનો, અજ્ઞાનનો, માયાનો, છ શત્રુઓનો, આસુરી પ્રકૃતિનો અને જન્મ મરણના ચક્રનો નાશ થઈ શકે.

જીવન ક્યારેય એકસરખું રહેતું નથી, વળી કોઈપણ ક્ષણે મૃત્યુ દ્વારા તે છીનવી પણ લેવાય. ધન, યૌવન, પત્ની, પુત્ર, ઘર, પરિવાર, માતા-પિતા, પદ, પ્રતિષ્ઠા, લાગણી, સંબંધ, વિચારધારા, પસંદગી, અગ્રતાક્રમ અને જ્ઞાન સમાન લગતી માહિતી જેવાં તત્ત્વો પણ નાશ પામે. અહંકારનો પણ ક્યારેક અંત આવે અને સ્વાર્થથી પણ ક્યારેક છુટકારો મળી શકે. બધું જ થોડાં સમય માટે છે, નાશવંત છે, ક્ષણિક છે, અનિત્ય છે, છૂટી જાય છે, રહી જાય છે, રૂપાંતરિત થાય છે, ભિન્ન ભિન્ન પરિણામો આપે છે અને ક્યારેક અંત તો ક્યારેક નવસર્જન પામે છે. અસ્થિરતા, ચંચળતા એ પ્રકૃતિનો નિયમ છે, બ્રહ્માંડનો સિદ્ધાંત છે, માયાનું કૃત્ય છે, કુદરતની વાસ્તવિકતા છે, સૃષ્ટિના સંચાલનની રીતનું પરિણામ છે અને તે બધાં સાથે અસ્તિત્વના મૂળમાં રહેલી 'ઈચ્છા'માં સદંતર આવતાં બદલાવનું પરિણામ છે.

અસ્થિરતા અર્થાત સ્વરૂપ-ભિન્નતા એ ભૌતિક તેમજ સૂક્ષ્મ અસ્તિત્વની વાસ્તવિકતા છે. જે નથી બદલાતું તે કારણ અસ્તિત્વ છે અથવા ધર્મ છે. માનવીના ભૌતિક અસ્તિત્વમાં શરીર અને તેની સાથે સંકળાયેલ જ્ઞાનેન્દ્રિયો તેમજ કર્મેન્દ્રિયોનો સમાવેશ થાય. આ ઇન્દ્રિયોનું સ્વરૂપ, ક્ષમતા, પસંદગી, તેમજ અગ્રતાક્રમ બદલાયાં કરે છે. માનવીના સૂક્ષ્મ અસ્તિત્વમાં અંતઃકરણના ચાર સ્વરૂપની ગણના થતી હોય છે; મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર. આ ચારેય પણ હંમેશાં અસ્થિરતાના પ્રભાવ હેઠળ હોય છે. માનવીનું કારણ અસ્તિત્વ અથવા આત્મા જ સ્થિર છે. આ આત્માનો સ્વભાવ ધર્મ છે કારણકે તે હંમેશા પવિત્ર, શુદ્ધ, નિર્લેપ, નિર્વિકાર, અસંગ, સાક્ષીરૂપ, અજન્મા તેમજ શાશ્વત હોય છે. નથી તેની માટે જન્મ કે નથી મરણ. નથી તેની માટે ગરમી કે ઠંડી, સુખ કે દુઃખ, રાગ કે દ્વેષ કે અન્ય કોઈપણ પ્રકારનો દ્વંદ્વ. એકવાર એમ પણ કહી શકાય કે કારણ અસ્તિત્વનો આધાર ધર્મ છે અને ધર્મનો આધાર કારણ અસ્તિત્વ છે. સમજવાનું એ છે કે આ અસ્થિર સંસારમાં સ્થિર માત્ર ધર્મ છે. જ્યારે આ સ્થિર ધર્મનો આધાર મળે ત્યારે જ 'આધારિત' સ્થિરતા ને પામી શકે. અસ્થિર બાબત સહારો ન આપી શકે છતાં પણ જો તેને સહારો માનવામાં આવે તો સંતુલન જતું રહેવાની પૂરેપૂરી શક્યતા રહે. ■

# આપણે સદ્‌માર્ગે કેમ નથી ચાલી શકતા? આપણને સત્કર્મ કરતાં કોણ રોકે છે?

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



કેટલીયે વખત આ પ્રશ્ન રામકથામાં પૂછ્યો છે કે શું તમે રામકથા નથી જાણતા? સૌ જાણીએ છીએ. મૂળ વાત બધા જાણે છે છતાં આટલી શક્તિ, સમય અને આટલો ખર્ચ શા માટે? શું મળે છે? કોણ આપણને ખેંચે છે? આ જ પ્રમાણ છે કે બે મિનિટમાં કહી શકાય તેવી રામકથા નાની એવી વાર્તા નથી. રામકથા આપણા દેશની કોઈ ઐતિહાસિક ઘટના નથી. રામકથા એક સમ્રાટ અને તેના ચાર પુત્રોની દિવ્ય ગાથા માત્ર નથી. રામકથા રામ અને રાવણના તુમુલ સંઘર્ષની કથા નથી. એ બધું તો છે જ, પરંતુ એથી ક્યાંય વધુ પ્રભાવશાળી આ ગ્રંથ છે. ગોસ્વામીજીના ગ્રંથનો આજકાલ આટલો મહિમા કેમ છે?

વાલ્મીકિજીએ જે રામકથા લખી તે વાલ્મીકિ રામાયણ. વાલ્મીકિ રામાયણમાં મોટેભાગે જે પ્રસંગો છે તે વિષાદના પ્રસંગો છે, દુઃખના પ્રસંગો છે. સત્યને સહન કરવા માટે સત્યનાં નિર્વહન માટે મનુષ્યને કેટલું કષ્ટ સહન કરવું પડે છે એની ભૂરી-ભૂરી પ્રશંસા એટલે વાલ્મીકિ રામાયણ. વાલ્મીકિજીનું રામાયણ સત પ્રધાન છે. એ કથા સતને પ્રધાનતા આપીને ચાલે છે અને સત્યને કારણે તેના પ્રસંગો વિષાદપૂર્ણ છે, દુઃખમય છે.

એક રામાયણ પણ ખૂબ પ્રસિદ્ધ છે, ભગવાન વશિષ્ઠના નામથી યોગ વશિષ્ઠ, જેમાં ભગવાન રામની ઉદાસીનતાનું વર્ણન છે. જેમાં ચિત્તની પ્રધાનતા છે. વાલ્મીકિ રામાયણમાં સતની પ્રધાનતા છે. વશિષ્ઠ મહારાજે જે વર્ણન કર્યું છે તેમાં ચિત્તની સ્થિતિની પ્રધાનતા છે. વાલ્મીકિજીએ એક બીજી રામાયણનું નિર્માણ કર્યું છે જે 'આનંદ રામાયણ' તરીકે ઓળખાય છે. જેમાં બધા આનંદનાં જ પ્રસંગો આપણને મળે છે. મૂળ રામાયણમાં સતની પ્રધાનતા છે.વશિષ્ઠજીએ જે વર્ણન કર્યું છે એમાં ચિત્તની પ્રધાનતા છે અને આનંદ રામાયણમાં આનંદની પ્રધાનતા છે, પરંતુ તુલસીનાં 'રામચરિતમાનસ'માં સત, ચિત્ત અને આનંદ આ ત્રણેની પ્રધાનતા છે. ગોસ્વામીજીના રામ સચ્ચિદાનંદ છે- राम राम सच्चिदानंद दिनेसा। नहिं तहँ मोह निसा लववलेसा।। તુલસીનાં 'રામચરિતમાનસ'માં સત સ્વરૂપ, ચિત્ત સ્વરૂપ અને આનંદ સ્વરૂપ,આ ત્રણેને મિલાવ્યા છે.

તુલસીનાં 'રામચરિતમાનસ'નું ગાન કરવાથી, તેનું શ્રવણ કરવાથી આપણને સત્કર્મની પ્રેરણા મળે છે કે આદર્શ કર્મ કયું કહેવાય. કયા રસ્તે આપણે ચાલીએ? આ લોકને ધન્ય કરતાં કરતાં આપણે પરલોકને પણ ધન્ય કરી શકીએ. એના બધા સન્માર્ગો બતાવ્યા છે, પ્રસંગ અને પત્રોના માધ્યમ વડે. ગોસ્વામીજીએ 'માનસ'માં ચિત્તના વિવેકને પણ ભરપૂર બતાવ્યો છે. જેને જ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય, જેને ચિત્તનો વિવેક મેળવવો હોય, જેને મુક્તિ જોઈતી હોય,જેનામાં મુમુક્ષુ ભાવની પ્રધાનતા હોય એના સૌ માટે બધા સાધનો બતાવ્યાં છે. તુલસીનાં 'રામચરિત-માનસ'માં આનંદની વ્યવસ્થા છે. જે જીવનું મૂળ સ્વરૂપ છે,મૂળ સ્વભાવ છે જે ભૂલાઈ ગયો છે. જે ભૂલાઈ ગયું છે તેને ગોસ્વામીજીનું 'રામચરિતમાનસ' ખોલી આપે છે !

તમે ધ્યાનથી જોશો તો જોઈ શકશો કે આપણે સદ્‌માર્ગે નથી ચાલી શકતા, સત્કર્મ નથી કરી શકતા એમાં કોણ આડું આવે છે ? મનુષ્યનો મોહ તેમાં આડે આવે છે. કદાચ તમારામાં મોહ નથી અને તમે કોઈ ખોટું કામ કરી બેસો તો તમને ક્ષમા મળી શકે. તેનો દંડ ન મળે. કળિયુગના વિધાનો પર સ્મૃતિકારોનો આ નિર્ણય છે. મોહને આધીન થઈ તમે કોઈ ખોટું કામ કરો તો દંડ મળે, પરંતુ મોહ નથી અને તમારાથી અજાણતામાં કોઈ ભૂલ થઇ જાય તો કલિયુગના જીવોને ક્ષમા મળે છે.

મારાં ભાઈ-બહેનો, મોહ આપણને સત્કર્મ કરતાં રોકે છે. કોઈ વસ્તુનો મોહ, કોઈ વસ્તુ વિશેની અજ્ઞાનતા, કોઈ વસ્તુની જડતા અને કોઈ વસ્તુ તરફની આપણી વાસના. આ બધા મોહ છે. ગોસ્વામીજી 'અયોધ્યાકાંડ'માં પ્રતિપાદન કરે છે-सोचिसोचिअ गृही जो मोह बस करइ करम पथ त्याग। જે વ્યક્તિ મોહને આધીન થઈને કર્મ છોડી દે છે, કર્મ ચૂકી જાય છે અને અકર્મ કરી લે છે. એ અફસોસ કરવાને યોગ્ય છે. મોહને કારણે સત્કર્મ ચૂકી જઈએ છીએ. મોહને કારણે આપણા ચિત્તની દશાને યોગ્ય દિશામાં વાળી શકતા નથી. મોહના અંધકારને કારણે આપણા ચિત્તની દશાને વિભ્રાંત કરી છે. અને મોહને કારણે જ આપણો આનંદરૂપી સૂર્ય વાદળાંઓની પાછળ છૂપાઈ ગયો છે. આપણી આ મોહ નિષા સમાપ્ત થઈ જાય અને આપણો મોહ મટે. ગોસ્વામીજી કહે છે કે 'રામચરિતમાનસ'ના રામ સત, ચિત્ત આનંદ સ્વરૂપ છે. એવો સૂર્ય છે કે જ્યાં મોહની રાત્રિ વિલીન થઈ જાય છે. તમને સત્કર્મ કરવા માટે પથદર્શન થશે. આપણા ચિત્તની દશાને યોગ્ય દિશામાં વાળવા માટેનો સમય મળશે અને આપણને પરમ આનંદની ઉપલબ્ધી પણ થશે. આ કથા લોકપ્રિય અને લોકપ્રાપ્ય એટલા માટે બની છે કે એમાં સત, ચિત્ત અને આનંદ ત્રણેયનું પ્રતિપાદન થાય છે. સાતકાંડોના પ્રસંગો અને પાત્રોના માધ્યમ દ્વારા જે ઘટનાઓ ઘટી છે એની મદદથી ગોસ્વામીજી પ્રાચીન કથાને આજના કાળમાં અને સંદર્ભમાં રાખી આપણી ઘણી બધી સમસ્યાઓનો જવાબ આપે છે.

બાપ, આ કથા મનોરંજન નથી. હા, મનનું રંજન તો જરૂર થશે, પરંતુ આ કથા યોગ્ય રીતે અને અનુષ્ઠાનપૂર્વક કહેવામાં આવે અને સાંભળવામાં આવે તો નવ દિવસમાં આપણા જીવનની યાત્રા સત્કર્મ તરફ અગ્રેસર થઈ શકે છે. આપણા ચિત્તની દશા બદલી શકે છે અને આપણે આપણી જાતને આનંદથી ભરી શકીએ છીએ. આટલો ખર્ચ કર્યો છે, આટલી શક્તિ અને આટલી બુદ્ધિ જ્યારે કામે લાગી છે ત્યારે થોડી માત્રામાં પણ એનું પરિણામ આપણને મળે.

- સંકલન : જયદેવ માંકડ ■

# કૈલાસ ખાતે શિવગણો માતા પાર્વતી ને ભગવાન શિવના વિરહમાં દુઃખી છે

## શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com



ભગવાન શિવ માતા પાર્વતીને કહે છે, 'પાર્વતી મેં નિશ્ચય કર્યો છે કે આ હિમગીરી પર્વતની શ્રેણીની એક ગુફામાં હું એ બ્રહ્મ જ્ઞાન તમને આપીશ. જ્યારે દેવતાઓ અમરતાના અભાવે અનેક ભયમાં જીવન ગુજારી રહ્યાં હતાં, ત્યારે શ્રીહરિ વિષ્ણુ અને બ્રહ્માજીની વિનંતીથી મેં દેવતાઓને અમરતા આપવાનો નિશ્ચય કર્યો, તે સમયે મેં મારા મસ્તક પર વિદ્યમાન ચંદ્રમાને હાથમાં લઈ નીચોવ્યો, એ ક્ષણે જે અમરત્વ ચંદ્રમાંથી નીકળ્યું તે દેવતાઓએ આચમન કરતાં દેવતાઓ અમર થઈ ગયા પણ, તે સમયે ચંદ્રમાંથી નીકળેલા અમરત્વના થોડા ટીપાં આ ક્ષેત્રમાં હજીયે વિદ્યમાન છે. જે પણ માનવ અહીં આવશે અને અમરત્વનું પાન કરશે એ અમર થઈ જશે. આટલું સાંભળતાં જ માતા પાર્વતી એ ગુફામાંથી નીકળી રહેલા જળનું આચમન કરે છે. અહીં આવવા સુધીનો માર્ગ ખૂબ જ કઠિન હોવાથી એને થોડો સુગમ બનાવવાનું કહેતાં ભગવાન શિવ કહે છે, 'દેવી તમે શું ભષ્માસુરને ભૂલી ગયા? એના જેવા અસુર મનોવૃત્તિવાળા માનવો અહીં પહોંચી ગયા તો સૃષ્ટિની વ્યવસ્થા શું છિન્નભિન્ન નહીં થાય?' આટલું કહી ભગવાન શિવ પોતાનું ડમરું વગાડવા લાગ્યાં અને કહ્યું, 'આ ડમરુંનો નાદ એટલો વ્યાપક છે કે અહીં આસપાસના વિસ્તારમાં કોઈપણ જીવ હોય તો એ અહીંથી દૂર નાસી જાય. તમને આપવામાં આવનાર બ્રહ્મજ્ઞાનને સાંભળી કોઈ જીવ અમર ન થઈ જાય, પણ તમારી લોક કલ્યાણની ભાવના ખૂબ ગાઢ હોવાથી હું તમને એટલું કહીશ કે આજે શ્રાવણ માસની પૂર્ણિમા છે અને આ દિવસે જે જીવ આ સ્થળની મુલાકાત લઈ મારી હિમલિંગની પૂજાઅર્ચના કરશે તે જીવ પૂર્ણ આયુષ્ય ભોગવી શિવગણમાં સ્થાન પામશે. કળિયુગમાં આ સ્થળ અમરનાથ ધામ અને મારી હિમલિંગ અમરેશ્વર તરીકે ખૂબ પ્રખ્યાત થશે.' પ્રસન્ન માતા પાર્વતી ભગવાન શિવ સમક્ષ બેસે છે. ભગવાન શિવ તેમની સમજાવતાં કહે છે, 'હું તમને બ્રહ્મજ્ઞાન આપીશ, થોડા થોડા સમયે તમે મને હુંકાર આપજો જેથી તમે બ્રહ્મ જ્ઞાનનું રસપાન કરી રહ્યા છો એની મને ખાતરી થતી રહે.' ભગવાન શિવ માતા પાર્વતીને બ્રહ્મજ્ઞાન આપવાની શરૂઆત કરે છે. બ્રહ્મજ્ઞાનના અંતિમ પડાવમાં માતા પાર્વતી નિદ્રાધીન થઈ જાય છે. ભગવાન શિવ તેમને બ્રહ્મ આપતાં જ રહે છે. ત્યાં ઉપસ્થિત એક કબૂતર માતા પાર્વતીના બદલે હુંકાર આપવાનું ચાલુ કરે છે. બ્રહ્મજ્ઞાન પૂર્ણ થતાં ભગવાન શિવ આંખ ખોલે છે અને જુએ છે કે માતા પાર્વતી નિદ્રાધાન છે. ભગવાન શિવ ક્રોધિત થઈ કહે છે, 'કોણ છે જે પાર્વતીની જગ્યાએ મને હુંકાર આપતું હતું, મારી સમક્ષ ઉપસ્થિત થાય.' એ જ ક્ષણે એ કબૂતર ત્યાં ઉપસ્થિત થાય છે અને માફી માગતા કહે છે 'હું એક કબૂતર છું. તમારી ઇચ્છા વિરુદ્ધ અહીં આવી શકું? પ્રભુ તમારી કૃપાથી જ હું આ શીત પ્રદેશમાં અહીં આવી શક્યો છું.' પોતાની પ્રસન્નતા સાંભળી ભગવાન શિવ કહે છે, 'ધરૌમ્ય ચિંતિત ન થાવ, તમને બ્રહ્મ જ્ઞાન આપવા અને તમારા ગુરુના શ્રાપથી મુક્ત કરવા જ મેં આ લીલા રચી હતી. બ્રહ્મજ્ઞાન મેળવવાની તમારી પાત્રતા પહેલેથી જ નિશ્ચિત થઈ ચૂકી હતી. તમે બ્રહ્મજ્ઞાનનું રસપાન કર્યું. જાઓ ધરૌમ્ય તમારા ગુરુ શિવભક્તિમાં લીન હોવા છતાં ય અધૂરાં છે, તેમનાં આશ્રમ જઇ તેમને બ્રહ્મજ્ઞાન આપો.

***

ભગવાન શિવ આશીર્વાદ આપતાં જ ધરૌમ્ય કબૂતર યોનીમાંથી મુક્ત થઈ માનવ યોનીમાં પ્રવેશ કરે છે અને પોતાના ગુરુને બ્રહ્મજ્ઞાન આપવા નીકળી પડે છે.

માતા પાર્વતીઃ 'સ્વામિ, મારા બ્રહ્મજ્ઞાનનું શું?'

ભગવાન શિવઃ 'હું આ જ્ઞાન કોઈને પણ એક વખત જ આપી શકું છું, તમે બ્રહ્મજ્ઞાન મેળવી જ લીધું છે, ફક્ત અંતિમ પડાવમાં તમે નિદ્રાધીન થયા હતા. હવે અંતિમ પડાવનું બ્રહ્મજ્ઞાન તમે તપ-આરાધનાથી જ મેળવી શકશો. મને ખાતરી છે કે જગતકલ્યાણ માટે તમે યોગ્ય સમયે બ્રહ્મજ્ઞાન મેળવીને જ રહેશો.'

માતા પાર્વતીઃ 'સ્વામિ, આ અમરનાથ ગુફા તમારા દ્વારા બ્રહ્મજ્ઞાન પ્રદાન કરવાથી બ્રહ્મભૂમિ બની ગઈ છે. આ ગુફાના શાંત અને આધ્યાત્મિક વાતાવરણથી મારું મન પ્રફુલ્લીત થઈ ગયું છે. હવે મારું મન અને તન અહીંથી જવા તૈયાર નથી. શું આપણે અહીં નિવાસ ન કરી શકીએ?'

ભગવાન શિવઃ 'દેવી, તમે નંદી અને શિવગણો સહિત તમારા સ્નેહીઓનો વિચાર પણ કરો, તેઓ કૈલાસ ખાતે તમારી પ્રતિક્ષા કરતા હશે.'

માતા પાર્વતીઃ 'એ તો ઉત્તમ જ કહેવાય, તેઓ આપણને શોધતાં શોધતાં અહીં આવશે અને બ્રહ્મજ્ઞાન મેળવી અમરતા પ્રાપ્ત કરશે.'

ભગવાન શિવઃ 'માતાનું હૃદય હંમેશાં પોતાના સંતાનોના ઉત્કર્ષ માટે તરફડતું હોય તેમ તમે આ અમરનાથ ગુફાનો માર્ગ માનવકલ્યાણ માટે સુલભ બનાવીને જ રહેશો. તમારી ઈચ્છાને પૂર્ણ કરવા આપણે તમે કહેશો નહીં ત્યાં સુધી અહીં નિવાસ કરીશું. પણ આપણે આ રૂપમાં ન રહેતાં આપણાં પ્રતીકસમા હિમલિંગમાં જ્યોતિ સ્વરૂપે નિવાસ કરીશું.'

માતા પાર્વતીઃ 'જેવી તમારી ઈચ્છા.'

એ જ ક્ષણે માતા પાર્વતી અને ભગવાન શિવ જ્યોતિ સ્વરૂપે હિમલિંગમાં સમાવેશ થાય છે.

***

કૈલાસ ખાતે શિવગણો માતા પાર્વતી અને ભગવાન શિવના વિરહમાં દુઃખી હોય છે. એજ સમયે દેવર્ષિ નારદ આકાશ માર્ગે કૈલાસ પરથી જતા હોય છે. તેઓ જુએ છે કે માતા પાર્વતી અને ભગવાન શિવની અનુપસ્થિતિમાં શિવગણો ખૂબ દુઃખી છે. દેવર્ષિ નારદ તુરંત વૈકુંઠલોક પહોંચે છે.

દેવર્ષિ નારદઃ 'પ્રભુ શ્રીહરિ વિષ્ણુ, હું આકાશમાર્ગે કૈલાસ ખાતેથી આવી રહ્યો છું. ભગવાન શિવ અને માતા પાર્વતીની અનુપસ્થિતિમાં શિવગણો ખૂબ દુઃખી છે, તમે દિવ્યદૃષ્ટિથી જોઈ મને કહી શકશો કે, માતા પાર્વતી અને ભગવાન શિવ ક્યાં વિદ્યમાન છે.'

દેવર્ષિ નારદની દ્વિધાને માન આપી ભગવાન શ્રીહરિ વિષ્ણુ પોતાની દિવ્યદૃષ્ટિથી જુએ છે તેમને એક હિમલિંગનો આકાર દૃશ્યમાન થાય છે.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'મને ફક્ત બે હિમલિંગ દેખાઈ રહ્યા છે બીજું કંઈ નહીં. મને આ રહસ્ય સમજાઈ રહ્યું નથી.'

યોગ્ય ઉત્તર ન મળતાં જિજ્ઞાસુ દેવર્ષિ નારદ નારાજ થાય છે.

દેવર્ષિ નારદઃ 'પ્રભુ તમારે માતા લક્ષ્મી સાથે કૈલાસ જવું જોઈએ, જેથી શિવગણોનું દુઃખ ઓછું થાય અને હું ભ્રમણ દ્વારા હિમલિંગનું રહસ્ય સમજવાની કોશિશ કરીશ.'

દેવર્ષિ નારદની વાત યોગ્ય લાગતાં ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને માતા પાર્વતી કૈલાસ પહોંચે છે.

આકાશમાર્ગે દેવર્ષિ નારદ બ્રહ્મલોક પહોંચે છે. બ્રહ્માજીને પણ તમારી દિવ્યદૃષ્ટિથી જોવા કહે છે. બ્રહ્માજી પણ ભગવાન શ્રીહરિ વિષ્ણુની જેમ દિવ્યદૃષ્ટિથી જોઈ કહે છે કે, મને ફક્ત બે હિમલિંગ દેખાઈ રહ્યા છે બીજું કંઈ નહીં. મને આ રહસ્ય સમજાતું નથી. દેવર્ષિની વાત સાંભળી બ્રહ્માજી અને માતા સરસ્વતી પણ કૈલાસ પહોંચે છે.

***

આકાશમાર્ગે આગળ વધતાં દેવર્ષિ નારદની દૃષ્ટિ મહર્ષિ ઓર્વના આશ્રમ પર પડે છે. તેઓ જુએ છે કે કબૂતર યોનીનો શ્રાપ મેળવેલા ઋષિ ધરૌમ્ય માનવ યોની મેળવી ગુરુ ઓર્વના ચરણોમાં બેઠા છે. દેવર્ષિ નારદ તુરંત તેમની પાસે પહોંચે છે.

ઋષિ ધરૌમ્યઃ 'દેવર્ષિ નારદ આપનો આભાર કઈ રીતે વ્યક્ત કરું એ મને સમજાતું નથી. આપની કૃપાદૃષ્ટિથી જ હું કબૂતર યોનીથી માનવ યોની મેળવી શક્યો છું.'

દેવર્ષિ નારદઃ 'મેં ફક્ત ભગવાન શિવને તમને થયેલા અન્યાય વિશે જણાવ્યું હતું, બીજું મેં કંઈ કર્યું નથી.'

ઋષિ ધરૌમ્યઃ 'તમારા કહેવાથી ભગવાન શિવ અને માતા પાર્વતીએ મને આશીર્વાદ આપી કબૂતર યોનીમાંથી મુક્ત કર્યો અને બ્રહ્મજ્ઞાન આપ્યું તદ્‌ઉપરાંત માતા પાર્વતીએ શક્તિઓ પણ આપી.'

દેવર્ષિ નારદઃ 'પણ માતા પાર્વતી અને ભગવાન શિવ તમને ક્યાં મળ્યા એ તો મને તમે જણાવ્યું જ નહીં.'

ઋષિ ધરૌમ્યઃ 'ભગવાન શિવ માતા પાર્વતીને બ્રહ્મજ્ઞાન આપવા અને મને કબૂતર યોનીમાંથી મુક્ત કરવા હિમાલય પર્વતમાળામાં અમરનાથ ગુફાનું નિર્માણ કર્યું છે.'

ભગવાન શિવ અને માતા પાર્વતી કયા સ્થાન પર વિદ્યમાન છે એની જાણકારી મળતાં જ દેવર્ષિ નારદ ત્યાંથી વિદાય લે છે અને કૈલાસ પહોંચે છે. ત્યાં પહેલેથી જ માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરિ વિષ્ણુ, માતા સરસ્વતી અને બ્રહ્માજી ઉપસ્થિત હોય છે.

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'દેવર્ષિ નારદનું આગમન યોગ્ય જાણકારી મળશે એની ખાતરી છે. શું તમને હિમલિંગ રહસ્ય મળી ગયું લાગે છે.'

દેવર્ષિ નારદઃ 'તમારા આશીર્વાદ લઈને કરેલું કામ ક્યારેય નિષ્ફળ થતું નથી, તેમાં સદાય સફળતા જ મળે છે. માતા પાર્વતી અને ભગવાન શિવે મહર્ષિ ઓર્વના શિષ્ય ઋષિ ધરૌમ્યને હિમાલયની પર્વતમાળાની એક ગુફામાં કબૂતર યોનીમાંથી મુક્ત કરી બ્રહ્મજ્ઞાન આપ્યું છે. તો ચાલો અમરનાથ ગુફા.'

(ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

## દુરાનુબન્ધં કાર્યનામંભે

# અશુભ ફળદાયી કાર્યનો આરંભ જ ન કરવો



કાર્યનું પરિણામ હકારાત્મક પરિણામ પણ લાવી શકે અને નકારાત્મક પણ. કાર્યનું પરિણામ તકલીફ પણ સર્જી શકે અને આરામ પણ. કાર્યનું પરિણામ ઉર્ધ્વગમનનું કારણ પણ બની શકે અને પતનનું પણ. કાર્યનું પરિણામ અશુભ ફળ આપે અને શુભ પણ. જે તે કાર્યને કારણે ઈશ્વર તરફની ગતિ થાય અથવા કોઈ વિપરીત કાર્યથી દુર્ગતિ પણ થાય. કાર્યની શરૂઆતમાં સંભવિત અંતિમ ફળ વિશે પૂરતું ચિંતન થાય તે જરૂરી છે. જો એમ જણાય કે અંતે યોગ્ય ફળની પ્રાપ્તિ નહીં થાય તો તે પ્રકારના કાર્યનો આરંભ જ ન કરવો જોઈએ.

ગીતામાં ભક્તનાં લક્ષણો વર્ણવતી વખતે સર્વારમ્ભપરિત્યાગીની વાત થાય છે. અર્થાત જેણે દરેક પ્રકારના - કામના-યુક્ત કર્મના આરંભનો ત્યાગ કરેલો છે, તે ભક્ત શ્રીકૃષ્ણને પ્રિય છે. અહીં સકામ કર્મના પ્રારંભનો જ છેદ ઉડાડી દેવાયો છે. અહીં કામ અને અર્થ આધારિત જે પુરુષાર્થ હોય તેમાં સંલગ્ન ન થવું તેમ પરોક્ષ રીતે કહેવાયું છે. નિમિત્ત થયેલું કર્મ તો કરવાનું જ છે. જન્મ સાથે ઉદ્‌ભવેલ, પરિસ્થિતિને કારણે સ્થાપિત, મૂલ્ય આધારિત તથા આદર્શની સ્થાપના માટે ધર્મના કાર્યમાં પ્રવૃત્તિ થવું જરૂરી છે. આ ઉત્તરદાયિત્વ પ્રકારના કર્મનો બાધ નથી. એક રીતે જોતાં આ કર્મ શુદ્ધિ માટે હોય છે. આ પ્રકારના કર્મ, આ પ્રકારના કાર્યને ક્યારેય ત્યજી ન શકાય.

જીવન નિર્વાહ માટેના, સામાજિક વ્યવહાર માટેના, વ્યવસાયિક કારકિર્દી માટેના, પૈસો, પદ અને પ્રતિષ્ઠા માટેના, રાષ્ટ્રના ઘડતર માટેના - કે આ પ્રકારના કોઈપણ કાર્યનો પ્રારંભ યોગ્ય સમયે થવો જોઈએ. તે કરતાં પણ વધુ અગત્યનું એ છે કે આ દરેક કાર્યનું પરિણામ શું આવશે, તે વિશે જાત સાથે અને અન્ય સાથે વિચાર-વિમર્શ થયો હોવો જોઈએ. કાર્યની શરૂઆત પહેલાં વિચાર-વિમર્શ જરૂરી છે. જે તે કાર્યમાં કેટલો સમય લાગશે, કેવા પ્રકારની નિપુણતા તથા સામર્થ્યની જરૂર રહેશે, કયા કયા સંસાધનો કેટલી માત્રામાં અને ક્યારે ઉપલબ્ધ રાખવાં પડશે, કયા તબક્કે કેવા પ્રકારનો સહકાર જરૂરી બનશે, સમગ્ર પ્રક્રિયામાં ક્યાં ક્યાં અવરોધની સંભાવના રહેશે અને તેમનાં નિરાકરણ માટે કેવાં પ્રકારનું આયોજન જરૂરી બનશે, અંતે જે કંઈ પરિણામ પ્રાપ્ત થશે તેનો પ્રભાવ કેટલા સમય સુધી ટકી રહેશે - આ અને આવી બાબતો પર મંથન જરૂરી છે. આ બાબતો પર વ્યવસ્થિત, પદ્ધતિસર, નિષ્ણાતના અભિપ્રાય લઈને આગળ વધવામાં આવે તે સલાહભર્યું છે.

આ પ્રકારના વ્યવસ્થિત ચિંતનથી એ તો નક્કી થઈ જ શકે કે અંતિમ પરિણામ શુભ હશે કે અશુભ. વ્યવસ્થિત રીતે વિચારતાં એ તો જાણી જ શકાય કે અંતે લાભદાયી પરિસ્થિતિ સર્જાશે કે નુકસાનકારક. જ્યારે સિદ્ધાંતને આધારે મનોમંથન કરવામાં આવે ત્યારે એ ચોક્કસપણે જાણી શકાય કે અંતિમ પરિણામ કયા પક્ષે હશે. આ બધાં પછી, જેનાં સારાં પરિણામો નથી મળવાનાં તે કાર્યને હાથ જ ન લગાડવો. અશુભ ફળ જે કાર્યથી મળવાનું હોય તેને તત્કાળ ત્યજી દેવું. દુરાનુબન્ધ શબ્દનો અર્થ છે લાંબા સમય સુધી ચાલતું કે ટકી રહેતું બંધન અથવા સંબંધ. જો કાર્ય અને તેના સંભવિત ફળ વચ્ચેનો સંબંધ અશુભ હોય, નકારાત્મક હોય, જોખમી હોય, વિસર્જનાત્મક હોય તો તેનો પ્રારંભ જ ન કરવો જોઈએ. ‘સમય આવ્યે જોઈ લેવાશે’ કે ‘પાછળથી જોઈ લઈશું’ જેવાં ભાવને અહીં સ્થાન ન હોવું જોઈએ. અમુક કાર્ય તો ખાતરીબંધ હોય તે જરૂરી છે. જેમ સંસ્કૃતિ અને પરંપરાઓ વચ્ચેની દુરાનુબન્ધતા સમાજને મજબૂત બનાવે તેમ શુભ પરિણામની સંભાવનાવાળું કાર્ય સમાજની પ્રગતિમાં સહાયભૂત થાય.

કોઈપણ કાર્યનો આરંભ કરતાં અગાઉ તેનાં પરિણામો, તેના ફળ અંગે ઊંડો વિચાર કરી લેવો. કોઈપણ કાર્ય હેતુ વગર શરૂ નથી થતું. આ હેતુની સ્પષ્ટતા જરૂરી છે. આ હેતુ શુભ હોવો જરૂરી છે. હેતુ સિદ્ધ કરવા માટે સામર્થ્ય અને સંસાધનો હોય તે જરૂરી છે. હેતુ તથા કાર્ય પાછળની ભાવના સાત્ત્વિક અને સર્જનાત્મક હોવી જોઈએ.

સૃષ્ટિના સમીકરણમાં ખલેલ પહોંચાડવાનો કોઈને અધિકાર નથી. તેથી જ જે તે કાર્ય સૃષ્ટિ સાથે સંવાદિતતા સ્થાપી શકે તે પ્રમાણેનું હોવું જોઈએ. અંતિમ પરિણામ પણ સૃષ્ટિના ઐક્યમાં વિઘટનકારી પરિબળ તરીકે સ્થાપિત ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. આ બધી હકારાત્મક બાબતો વાસ્તવિકતા બનશે કે કેમ તે પહેલા વિચારી લેવું જોઈએ. જો જરા પણ અશુદ્ધતાનો - અશુભતાનો અણસાર હોય તો કાં તો પહેલેથી તેના નિરાકરણ માટે પ્રયત્નો થવા જોઈએ કાં તો તે પ્રકારનું કાર્ય પ્રારંભથી જ રોકી દેવું જોઈએ.

નિષ્ઠા જરૂરી છે, વિશ્વાસ-નિયતા પણ હોવી જોઈએ. દૈવી ગુણોનું પ્રભુત્વ હોવું જોઈએ. સાત્ત્વિકતાનો પ્રભાવ હોવો જોઈએ. આધ્યાત્મિક વિચારસરણી હોવી જોઈએ. ઈશ્વરનો ડર હોવો જોઈએ.

વડીલો તથા ગુરુદેવના આશીર્વાદ પણ જરૂરી છે. અંતઃકરણના દરેક સ્વરૂપમાં શુદ્ધિ હોવી જોઈએ. સ્વયંના અસ્તિત્વમાં સ્થિત થવાની અને સ્થિત રહેવાની ભાવના હોવી જોઈએ. શ્રદ્ધામાં વિશ્વાસ હોવો જોઈએ અને વિશ્વાસમાં શ્રદ્ધા હોવી જોઈએ. દ્વૈત, અદ્વૈત કે દ્વૈતાદ્વૈત, જે પણ વિચારધારા સ્વીકૃત હોય તે પ્રમાણેનું આચરણ હોવું જોઈએ. શાસ્ત્રના કથન પ્રમાણે વ્યવહાર હોવો જોઈએ. જો આ બધું હોય તો અશુભ ફળદાયી કાર્યનો આરંભ જ ન થઈ શકે. ■

# જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

ગત અંકમાં સંશયને દૂર કરી આત્મશક્તિના રહસ્યને ઉજાગર કરી હવે ભગવાન કૃષ્ણ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયને સમજાવી રહ્યા છે.

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય આ ત્રણ તત્ત્વોનું તાત્ત્વિક વિશ્લેષણ ગીતાની આગવી વિશેષતા છે. આ ત્રિવિધ તત્ત્વો વિના જ્ઞાનની પૂર્ણતા શક્ય નથી. આ ત્રણેય પરસ્પર સંબંધિત છે, છતાં પોતપોતાની અલગ ઓળખ ધરાવે છે.

જ્ઞાતા એટલે જાણનાર જે ચેતન શક્તિ ધરાવે છે, જે અનુભવે છે, વિચારે છે, સમજે છે. જ્ઞાતા માનવનું આત્મસ્વરૂપ છે. શરીર, મન કે ઇન્દ્રિયો જાણે છે એવું લાગે છે, પરંતુ એ માત્ર સાધનો છે. જ્ઞાનની પ્રક્રિયા પાછળ રહેલું સચેત તત્ત્વ એટલે જ્ઞાતા- આત્મા. આત્મા જ એ શક્તિ છે જે ઇન્દ્રિયો દ્વારા વિષયોનો અનુભવ કરે છે અને તે જ સર્વ અનુભવોનો સાક્ષી છે.

હા, ઉપનિષદોમાં આત્માને સાક્ષી ચૈતન્ય તરીકે ઓળખાવવામાં આવ્યો છે એટલે કે તે બધાનો સાક્ષી છે. શરીર ઊંઘે, મન સ્વપન જુએ, ઇન્દ્રિયો આરામ કરે, છતાં આત્મા ચેતન જાગૃત રહે છે. સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં પણ આત્મા સદા પ્રકાશમાન રહે છે. એ જ કારણ છે કે સુષુપ્તિ પછી જાગવાથી આપણે કહીએ છીએ કે હું સારી રીતે સૂતો હતો. આ કહેવું એ સાબિત કરે છે કે સૂવાના સમયે પણ કોઈ ‘હું’ તત્ત્વ હાજર હતું, જેને પછી એ અનુભવ યાદ રહ્યો. તે ‘હું’ તત્ત્વ એટલે જ જ્ઞાતા આત્મા.

આ અવિનાશી તત્ત્વ જ જ્ઞાતા છે કારણ કે જો જ્ઞાતા પણ નાશ પામે, તો જ્ઞાનનો પ્રકાશ ક્યાંથી રહેશે? જ્ઞાન તો ત્યા સુધી શક્ય છે જ્યાં સુધી જ્ઞાતા રહે. જ્ઞાતા આત્મા સદા ચેતન છે, પરંતુ તેનું જ્ઞાન મન અને ઇન્દ્રિયો દ્વારા પ્રગટ થાય છે. જેમ વીજળી તાર વડે પ્રકાશ આપે છે, તેમ આત્મા મન અને ઇન્દ્રિયોના માધ્યમથી વિશ્વનો અનુભવ કરે છે. મન અને ઇન્દ્રિયો તાર જેવા છે તેમની માધ્યમ વિના અનુભૂતિ થતી નથી, પરંતુ વીજળી વિના તાર નિષ્ક્રિય છે.



આત્મા વિના મન નિર્જીવ છે.

આમ, શરીર બદલાય છે, મન બદલાય છે, ઇન્દ્રિયો થાકે છે, પરંતુ આત્મા તો અવિચળ સાક્ષી રહીને સર્વનો અનુભવ કરતો રહે છે. એ જ માનવનું સત્ય સ્વરૂપ, સદા ચેતન અને અમર જ્ઞાતા આત્મા છે.

વળી, જ્ઞાન એટલે જાણવાની ક્રિયા. જ્ઞાન એક પ્રકારનું માધ્યમ છે જેના દ્વારા જ્ઞાતા જ્ઞેયને ઓળખે છે. જ્ઞાનમાં ચેતનાનો પ્રવાહ હોય છે, જે મન અને ઇન્દ્રિયો મારફતે બહારની દુનિયા તરફ વળે છે. મન જ્ઞાનનું મુખ્ય સાધન છે. ઇન્દ્રિયો જ્ઞાનના દ્વાર છે, પરંતુ મન એ બધાને જોડે છે અને જ્ઞાતાની તરફ લઈ જાય છે. જ્યારે મન શુદ્ધ અને એકાગ્ર હોય, ત્યારે જ્ઞાન સ્પષ્ટ અને પ્રકાશરૂપ બને છે. ગીતા કહે છે કે જેનું મન વિખરાયેલ છે તે જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી, કારણ કે મનની એકાગ્રતા વિના જ્ઞાનનો પ્રકાશ ઝાંખો રહી જાય છે.

અંતે, જ્ઞેય એટલે જાણવાનો વિષય; જેનું જ્ઞાન મેળવવાનું હોય તે ! જ્ઞેય જ્ઞાનનો વિષય છે, તે દૃશ્ય કે વિચારરૂપ વસ્તુ હોઈ શકે છે. જ્યારે જ્ઞાતા જ્ઞાન દ્વારા જ્ઞેયને ઓળખે છે ત્યારે જ જ્ઞાનની પ્રક્રિયા પૂર્ણ બને છે. ઉદાહરણ તરીકે, કોઈ ફૂલ જોઈને આપણે કહીએ કે આ ગુલાબ છે. અહીં ગુલાબ જ્ઞેય છે, આંખ અને મન દ્વારા જે જાણવાની પ્રક્રિયા થાય છે તે જ્ઞાન છે, અને જે જાણે છે તે જ્ઞાતા છે.

આ ત્રણેય જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એકબીજા વિના અધૂરા છે. જ્ઞાતા વિના જ્ઞાન શક્ય નથી, જ્ઞાન વિના જ્ઞેય ઓળખાય નહીં, અને જ્ઞેય વિના જ્ઞાનની ક્રિયા થઈ શકતી નથી. આમ, આ સંપૂર્ણ પ્રક્રિયા અવિભાજ્ય છે, જે ચેતનાના પ્રવાહમાં સતત કાર્યરત રહે છે.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે બ્રાહ્મીસ્થિતિ થયા પછી મુમુક્ષુ ઉત્કૃષ્ટ જ્ઞાતા બને છે. આ જ્ઞાતાને બધામાં પરમાત્મા દેખાય છે. ‘જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે’ આ પંક્તિ અનુસાર તેને બધે જ દિવ્યતાનો અનુભવ થાય છે. આ સ્થિતિ માટે બ્રહ્મસ્વરૂપ ગુરુની જરૂર પડે. ઉપનિષદો આ જ અવસ્થા માટે કહે છે બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ જે બ્રહ્મને જાણે છે, તે પોતે બ્રહ્મરૂપ બની જાય છે.

હા, આ જ જ્ઞાનની પરાકાષ્ઠા છે જ્યાં જાણનાર, જાણવાની ક્રિયા અને જાણવાનું બધું જ દિવ્ય બની જાય છે. ■

# રાધિકા જેવી કોઈ સ્ત્રી નથી ને કૃષ્ણ જેવો કોઈ પુરુષ નથી

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ મન્મથમન્મથ, કામદેવથી પણ સુંદર. સુરદાસ ગોપીઓના માધ્યમથી કહે છે, ‘દેખો ભાઈ સુંદરતા કો સાગર, દેખિ સુરૂપ સકલ ગોપીજન.’ તો વળી રાધા પણ એટલી જ સુંદર છે. ‘વિરાજતિ રાધા રૂપનિધાન’. અને પછી યુગલની સુંદરતાની વાત કહે છે, ઝૂલત શ્યામ-શ્યામા સંગ. ‘નિરખિ દંપતી અંગ-સોભા, લજત કોટિ અનંગ.’

રાધા લોકોની પણ ખરી, આપણાં લોકગીતમાં ‘રાધકા રંગભીની’નું સરસ તળપદું વર્ણન છે, ઉપમાઓ પણ ગ્રામીણ છે. ‘રાધાનો
અંબોડો જાણે છૂટ્યો તેજી ઘોડો
આંખોનો ઉલાળો જાણે દરિયાનો હિલોળો
નાકની દાંડી, જાણે દીવડીએ શગ માંડી
હાથની હથેળી, જાણે બાવલપુરની થાળી
હાથની આંગળીઓ, જાણે ચોખામગની ફળીઓ,
પેટ જાણે પૂનમનો ચંદ્ર; વાંસાનો વડાકો જાણે સરપનો સડાકો.’
આ લોકમાનસમાં રૂઢ થયેલું રાધાનું સૌંદર્યવર્ણન છે.

આવી રાધાએ શ્રીકૃષ્ણનું મન જીતી લીધું હતું. એક ધોળની થોડી પંક્તિઓ છે. ‘ચૌદ લોકનો નાથ સ્વામી હાથ જોડી ઊભા રહ્યા પૂરણ બ્રહ્મને અખંડ અદ્વૈત તે વનિતાને વશ થયા.’ પ્રસિદ્ધ મુસ્લિમ ભક્ત રહીમને પણ વિચાર થયો હતો કે કૃષ્ણ (એટલે વિષ્ણુ) પાસે તો રત્નાકર સાગરરૂપી ઘર છે. પત્ની તરીકે સ્વયં લક્ષ્મી છે. પોતે જગદીશ્વર છે. તો તેને બીજું શું અપાય? પછી રહીમને વિચાર આવ્યો કે તેનું મન તો રાધાએ લઈ લીધું હતું, એટલે પોતાનું મન આપી દે છે - રાધાગૃહીતમનસે મનસે ચ તુભ્યં, દત્તં મયા નિજમનઃ તદિદં ગૃહાણ’. પછી રહીમ સ્તુતિ કરે છે, ‘સુમિરૌં મન દ્રઢ કર કૈ, નંદકુમાર જે વૃષભાનુ - કુંવરિ કે પ્રાન - આધાર.’ ‘સમ્મોહન તંત્ર’ પ્રમાણે રાધા (ગૌરતેજ) વગર (શ્યામતેજ) કૃષ્ણની આરાધના કરે તે પાપી છે. લોકોએ રાધાને રમત રમતાં દાવ આપી દીધો ત્યારે તે કૃષ્ણને શોધવા નીકળી, ‘શ્યામ ક્યાં રે તમે સંતાયા રે, રમતાં રંગતાળી. રાધા અંતરમાં જઈને છુપાયા રે, રમતાં રંગતાળી.’ અંતે તો પ્રિયતમ પ્રભુ હૃદયના અંતઃસ્થળમાં જ હોય છે જેમ ભક્ત નરસિંહે કહ્યું, ‘રસિયા! રુદે-કમળમાં વસિયો, હવે કેમ થાશે અળગો રે.’

પદ્મપુરાણમાં કહેવામાં આવ્યું છે કે રાધિકા જેવી કોઈ સ્ત્રી નથી અને કૃષ્ણ જેવો કોઈ પુરુષ નથી - ન રાધિકાસમા નારી, ન કૃષ્ણસદ્દશઃ પુમાન્. રાધા કૃષ્ણની પત્ની છે કે નથી એટલે સ્વકીયા છે કે પરકીયા.



એ વિશે મતમતાંતર છે. આ માટે રાધા પર પ્રાચીનકાળથી જે જે પુસ્તકો લખાયાં અને લખાતાં રહ્યાં તેમાં દરેક કર્તાએ પોતપોતાની રીતે કલ્પના કરી છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં સ્વયં બ્રહ્માએ રાધા અને કૃષ્ણનાં લગ્ન કરાવી આપ્યાં હતાં. પદ્મપુરાણમાં રાધા વિષ્ણુપ્રિયા છે. સ્કંદપુરાણમાં રાધિકારૂપી આત્મા સાથે શ્રીકૃષ્ણ રમણ કરે છે. નિંબાર્કાચાર્ય તેને પરિણીતા કૃષ્ણસ્વામિની માને છે. ચૈતન્યમતમાં સામાન્ય રીતે રાધા પરકીયા છે. પુષ્ટિમાર્ગમાં સ્વામિનીજી છે. ‘પંચતંત્ર’માં ઉલ્લેખ મળે છે કે ગોવાળોને ત્યાં વિષ્ણુ અવતર્યા હતા ત્યારે રાધા નામની તેમની ગોપપત્ની હતી. જયદેવે રાધાનું પરકીયા સ્વરૂપે વર્ણન કર્યું છે, તો ભક્તકવિ સુરદાસ રાધાને કૃષ્ણપત્ની માને છે. જીવ ગોસ્વામીએ ‘ગોપાલચંપૂ’ માં રાધા અને કૃષ્ણનાં લગ્ન કરાવ્યાં છે. તો તે જ કક્ષાના ચૈતન્યના પરમ શિષ્ય રૂપ ગોસ્વામીએ તેમના પુસ્તક ‘વિદગ્ધમાધવ’માં રાધાની સાસુ જટિલા અને પતિ અભિમન્યુની વાત કરી છે. રાધાના પતિનું રાયણ નામ પણ મળે છે. મહારાષ્ટ્રના નામદેવના ઉલ્લેખ પ્રમાણે અયન નામ પણ મળે છે.

ભક્તકવિ ચંડીદાસ રાધાને પરકીયા રૂપે જાણે છે. એક વાર શ્રીકૃષ્ણ રાધાને મળવા આવ્યા. અંદર જઈ શકતા નથી. આંગણમાં છુપાઈને ઊભા છે, વરસાદ પડે છે એટલે ભીંજાયા છે. રાધા દુઃખી છે. ‘સઈ, કિ આર બોલિબો તોરે સખી, તને વધુ શું કહું?’ અનેક પુણ્યોના પ્રભાવથી મને આવો પ્રિય બંધુ મળ્યો છે. ઘરમાં વડીલો છે, હું સ્વતંત્ર નથી. બહાર નીકળવામાં વિલંબ થઈ ગયો. શ્રીકૃષ્ણની પ્રીતિ અને પીડા જોઈને મનમાં થાય છે કે કલંકનો ભાર પણ માથા પર લઈ ઘરને આગ લગાડી દઉં. મારો બંધુ (સખા) પોતાના દુઃખને તો સુખ માને, પણ મારા દુઃખથીય દુઃખી થાય છે, બંધુ આપનાર દુઃખ સુખ કરિ માને, આમાર દુઃખેર દુઃખી’. તે વિચાર કરતી રહે છે, ‘સઈ કેવા શુનાઈલો શ્યામ નામ? કાનેર ભિતર દિયા મરમે પશિલો ગો. આકુલ કરિલો મોર પ્રાન હે સખી, કોણે ક્યારે શ્યામનું નામ સંભળાવ્યું? મારા કાનની અંદરથી હૃદયના અંતઃસ્થળમાં પ્રવેશ કરીને મારા પ્રાણને આકુળ કરી દીધા.’ રાધાનું સમર્પણ સંપૂર્ણ છે - કૃષ્ણના ચરણે મારું હૃદય પ્રેમની રસ્સીમાં બંધાઈ ગયું છે. બધું જ સમર્પિત કરી એક મનથી દાસી બની ગઈ છું. કૃષ્ણ સાથેના સંબંધથી તેને કલંક લાગે તો તે સ્વીકારી લેશે, પણ તેની એક જ ઈચ્છા છે.

‘જીવને મરણે જનમે જનમે, પ્રાણનાથ હોઓ તુમિ.’

કૃષ્ણના વિરહમાં રાધા દુઃખી છે. મૈથિલ કવિ વિદ્યાપતિએ સરસ વર્ણન કર્યું છે - આંખોમાંથી એટલાં બધાં આંસુ વહી ગયાં કે પગ ભીંજાઈ ગયા, જાણે કે સ્થળકમળ હવે જલકમળ બની ગયાં. હોઠ પરની લાલિમાપણ હવે નથી. જાણે નવા ઊગેલા પાનને શિશિરના હિમકણોએ ધોઈ નાખ્યાં. શશીમુખી રાધાનાં અંગો કૃષ્ણ પ્રત્યેના અનુરાગથી શિથિલ થઈ ગયાં.’ સંકેતસ્થાન પર કૃષ્ણ ન આવ્યા, વડીલો અને પરિવારજનો સામે તે લજ્જાયુક્ત થઈ. તેણે કૃષ્ણને સંદેશો કહેવડાવ્યો. ‘કૃષ્ણપક્ષની કાળી અંધારી રાતમાં ચંદ્ર હોય તેવી મારી હાલત થઈ છે. હું શું સાંજના સમયે ઊભેલ એક જ તારક છું, કે ભાદરવાની ચોથનો ચંદ્ર છું કે જેને કોઈ જોવા પણ ચાહે. પ્રિયતમે મુખ ફેરવી લીધું. હવે તો જીવન ધારી રહેવાની પણ ખાતરી નથી.’ રાધાને તો શ્યામના વિરહમાં મરણ પણ વહાલું છે. ‘મરણ રે, તુહું મમ શ્યામ સમાન.’ તાપ દૂર કરનાર તેનો કરુણાભર્યો ખોબો મૃત્યુરૂપી અમૃતનું દાન કરે છે. એટલે મૃત્યુને આહ્‌વાન કરે છે, ‘તું હું મમ માધવ, તું હું મમ દોસર. તું હું મમ તાપ ઘુચાઓ.’ ત્યારે ભાનુએ એટલે રવિ ઠાકુરે) તેને સમજાવ્યું કે જીવનવલ્લભ તો મરણથી વધારે જ હોય, માટે હવે વિચાર. (ક્રમશઃ) ■

# વિશ્વાસ આત્મવિશ્વાસ વધારે...

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

ધર્મતેજ પૂર્તિના વ્હાલા જિજ્ઞાસુ વાચક મિત્રો! પ્રસ્તુત લેખના ગયા અંકના પહેલા ભાગમાં કહ્યું તેમ આત્મવિશ્વાસ વેચાતો મળતો નથી. તેને કેળવવો પડે છે.

- મહાન માણસો પણ બાલ્યાવસ્થા કે યુવાનીના સમયમાં એટલો પ્રબળ આત્મવિશ્વાસ ધરાવતા ન હોય એવું પણ હોઈ શકે, પણ સમયાંતરે તેમનામાં પરિવર્તન આવ્યું હોય!

- આપણી આજુબાજુમાં જ આત્મવિશ્વાસનો અભાવ ધરાવનારા ઘણા લોકો જીવતા હોય છે, જેમાં આ લેખક પણ મહદ્‌અંશે સામિલ છે.

- સ્કૂલ કે કોલેજમાં ઘણા વિદ્યાર્થીઓ તમે જોયા હશે કે જેઓને સ્ટેજ ફિયર હોય છે. સ્ટેજ ફિયર થોડું સોફેસ્ટિકેટેડ નામ છે.

- બાકી મૂળ વાત આત્મવિશ્વાસ ન હોવાની જ છે.

- આવી વ્યક્તિઓને જાહેરમાં હાંસીપાત્ર બનવાનો ડર,

* લોકોની સ્વીકૃતિ અથવા માન્યતા મળશે કે નહીં એ ડર હોય છે.

- આ ડર જ દરેક કૉમન માણસમાં આત્મવિશ્વાસનો અભાવ ઉત્પન્ન કરે છે.

- જ્યારે આત્મવિશ્વાસથી છલોછલ હોય એવી વ્યક્તિ બીજા શું કહેશે અથવા બીજા મારા વિશે શું વિચારશે એની પરવા કરતી નથી.

- તેઓ જે કરે છે એમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા ધરાવે છે.

- વ્હાલા જિજ્ઞાસુ વાચક મિત્રો!

* આવો આત્મવિશ્વાસ કેવી રીતે કેળવી શકાય?

- તો જવાબ છે,

* જે બતક એનાં બચ્ચાંને તરતા શીખવાડે છે કે પછી

* પક્ષી એના બચ્ચાંને ઊડતાં શીખવાડે છે બિલકુલ એજ રીતે!

* પક્ષીનાં બચ્ચાં પાસે ઊડવા માટે પાંખ હોય છે છતાં એ ડરે છે, કારણ એને પોતા પર વિશ્વાસ નથી,



- એટલે જ તો કહ્યું છે કે,

* પંખ હોને સે કુછ નહીં હોતા,

* હોંશલોં સે ઉડાન હોતી હે...

- મતલબ કે પાંખો હોવાથી જ ફક્ત ઊડવાનું કે તરવાનું આવડે તેમ નથી હોતું,

- ઊડવા માટે હિંમત અને આત્મવિશ્વાસની જરૂર હોય છે.

- આ બચ્ચાંની મા એમને હળવો ધક્કો મારી આપે છે અને તેઓ પાંખો ફફડાવીને ઊડતાં થઈ જાય છે.

- એક પક્ષી આ રીતે પોતાનાં બચ્ચાંને ઊડતાં શીખવાડે છે.

- એની સરખામણીએ જો આપણી મનુષ્યની વાત કરીએ તો

* કોઈ બાળક પોતાની જાતે જ સાઈકલ શીખવાનો પ્રયાસ કરતો હોય તો તેનાં મા-બાપ એને ટોકશે, વઢશે.

* એ મા-બાપ પોતાનો સમય ભૂલી જાય છે કે જ્યારે પોતે સાઈકલ ચલાવવાનું શીખ્યા ત્યારે કેટલી વાર પડ્યાં હતાં.

- એ બાળક પડશે, લડશે અને વાગશેય ખરું, પણ ત્યારે જ તો સાઈકલ ચલાવતા શીખશે.

* મા-બાપ તરીકે એ બાળકમાં આત્મવિશ્વાસનો સંચાર કરવો જોઈએ.

વ્હાલા ‘ધર્મતેજ’ના વાચક મિત્રો! સાઈકલ તો એક ઉદાહરણ માત્ર છે. * બાકી જીવનના કોઈ પણ ક્ષેત્રમાં બાળકનો વિકાસ કરાવવો હોય તો એનામાં આત્મવિશ્વાસ વધે એવા પ્રયાસ કરવા જોઈએ.

- યાદ રાખો.

* નાના છોડને જ વાળી શકાય છે.

* મજબૂત થડ કદી વળી શકતું નથી;

- માટે તમે પણ જો તમારા બાળકને ચૅમ્પિયન બનાવવા માગતા હો તો એને આત્મવિશ્વાસથી ભરપૂર બનાવો, પણ હા,

- એના પર શિસ્તની બેડીઓ ન લાદી દો.

- અતિશય શિસ્ત અને અતિશય નિરંકુશપણું બન્ને બાળકનો વિકાસ રૂંધે છે, એ બન્ને બાબતોથી બચવાની જરૂર છે.

- આ ઉપરાંત

* તમારા બાળકની સરખામણી ક્યારેય અન્ય બાળક સાથે કરશો નહીં.

- દરેક બાળક એ વિશિષ્ટ શક્તિ ધરાવે છે.

- જે વ્યક્તિ પાસે આત્મવિશ્વાસનું ધન હોય છે એ વ્યક્તિ માટે દુનિયાની કોઈ પણ વસ્તુ મેળવવી આસાન હોય છે. (વધુ આવતા અંક) ***

મોજમસ્તીઃ

- એક ફરિયાદી (પોલીસને):

* ‘મને ફોન પર સતત ધમકીઓ મળી રહી છે.’

- પોલીસઃ ‘કોણ છે જે તમને ધમકીઓ આપે છે?

- ફરિયાદીઃ ‘ટેલિફોનવાળા બિલ નહીં ભરો તો ફોન કાપી નાખવાની ધમકી આપ્યા કરે છે.’ ***

* ફાળો માગનારાઃ ‘શેઠ, અમે એક સ્કૂલ ખોલવા માગીએ છીએ; મદદ કરો...!’

- શેઠઃ જરૂર; મારાં ત્રણેય છોકરાંઓને તમારી સ્કૂલમાં દાખલ કરી દઈશ. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# લાલસાહેબની યોગસાધનાનુભૂતિ



રવિસાહેબના શિષ્ય લાલસાહેબનું જન્મવર્ષ ઈ.સ.૧૭૪૧ પાટણ અને સમાધી વર્ષ ઈ.સ.૧૮૩૫ પાટણ મધ્યે, પોતાના આશ્રમમાં જ. પણ લાલસાહેબે યાત્રા-વિહાર ખૂબ કરેલા. ડીસાના અમારા મિત્ર કનુભાઈ આચાર્યે રવિ-ભાણ પરંપરાના લોહાણા જ્ઞાતિના સંતોના જીવન-કવન વિશે ખૂબ વિગતો એકત્ર કરી છે. એમણે લાલસાહેબના જીવનની ઘણી કિંવદંતીઓ કંઠસ્થ પરંપરામાંથી મેળવીને આલેખી છે.

એક વખત શિષ્ય-સંતવૃંદ સાથે મારવાડની યાત્રાએ નીકળેલા, એક ગામડું રસ્તામાં આવ્યું. એના પાદરમાં એક નાનકડી ઝૂંપડીમાં એક રોગીષ્ટનો કણસવાનો અવાજ-ચીસો પીડાની વેદનામાં સૂર સાંભળીને અંદર ગયા. કોઈ કુટુંબીજનો પણ આજુબાજુ અવલોકવા ન મળ્યા.પથારીની બાજુમાં રોટલાના ટુકડાઓ અને પાણીનું રામૈયું. લાલસાહેબે વૃદ્ધને બેઠા કરીને ખોળામાં માથું રાખીને જમાડ્યો-પાણી પાયું કુષ્ટ રોગીની સારવાર કરવા રોકાઈ ગયા.

બે-એક અઠવાડિયા સુધી લીંબડાનું પાણી ઉકાળીને એનાથી સ્નાન કરાવે. શરીરના ચાંઠા-ઘાને લૂ છે. કુષ્ટરોગીને ઘરના પણ ત્યજી દે એ સમયમાં એની સેવા કરનારા રવિ-ભાણ પરંપરાના સંતશ્રી લાલસાહેબને આદ્ય ગણવાના રહે. દેવીદાસના શિષ્યા અમરબાઈ પણ ઈ.સ.૧૭૨૫ થી ૧૮૦૦ આસપાસના. લેપ્રસી-કુષ્ટરોગીની સારવારનું પ્રથમ સેવા કાર્ય આ સંતોનું પણ વિશ્વ તો બહુ મોડેથી વીસમી સદીમાં સેવાક્ષેત્રમાં વળેલા મધર ટેરેસાને જ એ માન અર્પે છે. લાલસાહેબે કુષ્ટરોગીને રોગ મુક્ત કરેલો.

મારવાડમાં યાત્રા દરમ્યાન ચોર લોકો લાલસાહેબનું ઊંટ ચોરી ગયેલા. સંત મંડળી ચિંતીત થઈ ગઈ. લાલસાહેબે નોંધારાના આધાર નામનો આરાધ ગાયો અને વાતાવરણ બદલાયું. વાવાઝોડું એવું જામ્યું કે ચોર લોકોએ જયાં ઊંટને સંતાડેલ એ છાપરું ઊડી ગયું. ઊંટ ગાંગર્યું. ચોર લોકોએ ઊંટને લાલસાહેબ સમક્ષ લાવ્યા. ક્ષમા માગી અને એમનું જીવન પલટાઈ ગયું. સત્સંગી બની ગયા. એમના બોધ-ઉપદેશથી એમના વ્યક્તિત્વથી બહુ મોટો સમાજ એમના વરાયે ઊંડી આસ્થા ધરાવતો હતો. લાલસાહેબની સાધનાની ભૂમિકાની અનુભૂતિનું એક પદ આસ્વાદીએ-

સદ્‌ગુરુ મેરા સર ધણી, સત નામ સૂણાયો. ...ટેક

લગી હે ચોટ શબદકી, ભાંગ્યાં કરમકા તાળાં,
તિમિર અંધારાં મિટ ગયાં, હૂવા અનભે અંજવાળાં.....૧

તખત ત્રિવેણી તીરમાં, ગુરુ અનભે જ્ઞાન બતાયા,
હંસે હીરા પરખીયા, દીપક દિયા જલાયા.. ...૨

અકલ સરૂપી આપ હો, સોહં સકલ સમાયા,
અલખ નિરંજન ઉરમેં, ઘટ ભીતરી હી પાયા.. ...૩

ગગન ગુફામાં રવિ ગુરુ મિલિયા, દરશમેં દરશાયા,
સૂરજ ઊગિયા શૂનમાં, પિયુજી મંદિર પાયા.. ...૪

મહેર કરી તૂમ દરશન દીના, સુખ સંપત સબ પાયા,
લાલદાસ કહે રંગ મહેલમાં, મેં તેરા જશ ગાયા.. ...૫

સદ્‌ગુરુ રવિસાહેબ કૃપાથી લાલસાહેબે અગમ અનુભૂતિ, અધ્યાત્મવિદ્યાના વિવિધ અનુભવને પ્રાપ્ત કરેલા. એમને છંદ, દુહા, ચોપાઈ બંધની અભિવ્યક્તિ સહજ સિદ્ધ હતી. ભજન ઢાળમાં ભજનો રચ્યા છે એમ સાધુકડી પદાવલિમાં પણ રચેલું પદ અહીં ઉદાહૃત છે. લાલસાહેબ કહે છે કે સદ્‌ગુરુ મારા અધિપતિ છે. એમણે સત્ નામ સંભળાવ્યું. ગુરુમંત્ર આપ્યો. એ શબ્દ-નામજાપથી એવી ચોટ-અસર થઈ કે મારો આ જગત વિશેનો ભ્રમ ભાંગી ગયો. અભયપણું લાધ્યું. અંધકાર-અજ્ઞાન દૂર થયું તખત ત્રિવેણી અર્થાત્ ત્રણેય નાડી સ્થિર થાય એટલે એ સ્થાને લલાટમાં સુરતાની અનુભૂતિથી જયોત - અજવાળું દૈદિપ્યમાન તેજનું દર્શન થાય. આત્મતત્ત્વની ઓળખ થાય.

ગુરુ પોતે જ અકળ સ્વરૂપે સોહમ્ રૂપે સમાવિષ્ટ છે. આ પીંડમાં-ગગનગુફામાં - ગગનમંડળમાં બિરાજતા પરબ્રહ્મને પામી શકાય. શૂન્ય શિખરમાં એનો મેળાપ ગુરુ કૃપાએ થાય છે. આ કાયા-શરીર-પાંચ તત્ત્વથી નિર્માણ પામેલું છે. એના નવા દ્વારા જે બાહ્ય દેખાય છે. એના ઉપર ઈન્દ્રીઓનું શાસન છે. વાસનાબદ્ધ છે, પરંતુ ગુરુકૃપાથી દશમું દ્વાર બ્રહ્મરંધ્ર કે જયાં નિરંજન નિરાકારનું સ્થાનક છે એના દર્શન થાય. પરંતુ ગુરુકૃપાએ જ ષટચક્રભેદની સાધના કે ઉલટ-પલટની સાધના અર્થાત્ મનને ઉલટાવવાની અને પવનને-શ્વાસને-પલટાવવાની ક્રિયાથી-ગુરુની કૃપાથી એ સાધનાના બળે સુખ-સંપતિ એવું બધું મળી શકે.

અતિ અકળ-નિરાકાર પરબ્રહ્મને પામવાની સાધનાધારાનું ભારે બળકટ મનોભૂમિકાનું નિરૂપણ કરવાની, પ્રતીતિકર રીતે પમાડવાની લાલસાહેબની પ્રતિભાશક્તિ અહીં પદ-ભજનમાં નિહિત છે. એટલે જ સદ્‌ગુરુ મેરા સર ધણી એવું પોકારી-પોકારીને ગાય છે. રવિસાહેબની યોગક્રિયાની, સાધનાધારાની શક્તિપાતની ક્રિયાની અનુભૂતિને રસળતી પદાવલિમાં લાલસાહેબે અહીં સમજાવી છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# કવિશ્રી શ્રી ભાણસાહેબ-મૂળદાસજી ને મકરંદ દવેનો સંદેશ

આવતી ચૈત્ર સુદી ત્રીજ એકવીસમી તારીખ શનિવારે રવિભાણ સંપ્રદાયના આદ્ય પુરુષ સંતકવિશ્રી ભાણસાહેબનો આજથી ૨૭૧ વરસ પહેલાં લીધેલ જીવંત સમાધિનો દિવસ આવે છે. એમનો જન્મ વિ.સં ૧૭૫૪ના મહા સુદ ૧૧, તા. ૨૧-૦૧-૧૬૯૮ના દિને વારાહી ગામના લોહાણા કુળમાં પિતા કલ્યાણજી ભગત અખાણીને ત્યાં માતા અંબાબાઈના કુખે કીનખિલોડ ગામે થયો હતો. પોતાની સંતમંડળી સાથે ભાણસાહેબ દ્વારકાધીશના દર્શન કરી યાત્રાએથી શેરખી પાછાં ફરતાં વિ.સં.૧૮૧૧ ચૈત્ર સુદી ૩ ના દિવસે વિરમગામ પાસેના કમીજલા ગામે આવી પહોંચ્યા. તેમના શિષ્ય ભક્ત મેપા ભગત ભરવાડ ગાયો ચરાવીને પાછા આવે ત્યારે રામ રામ કહેજો તેવું મેઘાબાઈને કહીને ભાણ સાહેબે આગળ પ્રયાણ કર્યું કમીજલા ગામ બહાર પૂર્વ દિશાએ આવેલા તળાવની પાળ પાસે સંત મંડળી પહોંચી, ત્યાં પાછળથી મેપાભગત ભરવાડનો સાદ સંભળાયો : 'ગુરુદેવ ભાણસાહેબ થોભો. ઊભા રયો... રોકાઈ જાવ... હવે એક ડગલું ય આગળ વધો તો તમને રામદુહાઈ છે..' 'રામદુહાઈ ' શબ્દ સાંભળતાં જ ભાણસાહેબ થંભી ગયા. એ જ ક્ષણે સ્થિર થઈ ગયા. ભાવાવેશમાં દોડતા આવેલા મેપાભગતે ગુરુના પગ પકડી લીધા ત્યારે સદ્‌ગુરુ ભાણસાહેબે હસતાં હસતાં વેણ કાઢ્યાં : 'મેપા હવે તો એક ડગલું ય આઘું-પાછું નૈં જવાય. તેં રામદુહાઈ દીધી. મારું આયખું પૂરું થયું. હવે આ જ ઠેકાણે સમાધ ગળાવો..' રામદુહાઈની બેડી પગમાં પડી ગઈ. શ્રી રામના સોગંદનું એ વચન પાળવા ભાણસાહેબે ત્યાં જ સમાધિ ગળાવી. વિક્રમ સંવત ૧૮૧૧ના ચૈત્ર સુદી ત્રીજ અને ગુરુવાર તા.૧૬-૦૩-૧૭૫૫નો દિવસે બરોબર સત્તાવન વર્ષના આયુષ્ય સાથે ભાણસાહેબે આ જગ્યા પર જીવતાં સમાધિ લઈ લીધી. ત્યારે ભાણસાહેબે ગાયેલું..

*હંસો હાલવાને લાગ્યો, આ કાયાનો ગઢ ભાંગ્યો,*
*તમે પોરા પરમાણે જાગો, હંસો હાલવાને લાગ્યો રે..*
*- હંસો હાલવાને...૦*
*નિત નિત નિત નવ કરો નયણે, સૂતાને સાહેબ આઘો ;*



*સુમરણ કરી લ્યો સાચા ધણીનું, તમે મોજ મુક્તાફળ માંગો ..*
*જાગ્યા સોઈ નર સંસારમાં સીધ્યા, જેણે ઉજેડી મેલ્યો આઘો ;*
*મારગ ધાયા તે બહુત સુખ પાયા, તેનો જરા મરણ ભે ભાંગ્યો..*
*- હંસો હાલવાને...૦*
*જરા પહોંચી ત્યારે જમડા આવ્યા, દેહડી તણો દલ ભાંગ્યો ;*
*કુડીએ આવી કાયાનો ગઢ ઘેર્યો, ત્યારે અંધો અરજવાને લાગ્યો ..*
*કૂડી છે કાયા ને કૂડી છે માયા, જૂઠડો આ જગ જાણો*
*સાચો નામ સાહેબકો જાણો, ભણે લુહાણો ભાણો. ....*
*- હંસો હાલવાને...૦*

ભાણ સાહેબે ગાયેલું કે આ હંસલો આ આત્મા હવે પ્રયાણ કરવાનો છે, આ કાયારૂપી ગઢ હમણાં પડીને ભાંગી જવાનો છે. તમે સૌ જાગો-આ જાગવાની વેળા થઈ છે. સવારનો પહોર થયો છે. પોરા પ્રમાણે નહીં જાગો તો પછી પસ્તાવાનો વખત આવશે. સૂતા રહેશો તો સાહેબ આઘો જ રહેશે, માટે સાચા ધણીનું સ્મરણ કરી લ્યો. જે જાગ્યા છે તે જ સિદ્ધ બની શક્યા છે, જેણે પોતાની અજ્ઞાન નિંદરાને હટાવીને સાચો રસ્તો પકડી લીધો તેને જરા-વૃદ્ધાવસ્થા કે મરણનો ભય નથી રહેતો. અવસ્થા આવશે ત્યારે આ દેહનું અભિમાન ભાંગીને ભૂક્કો થાશે, આ કાયાના ગઢને કાળ ઘેરી લેશે ત્યારે જમરાજાને અરજ કરશે પણ ત્યારે એના હાથમાંથી છૂટાશે નહીં.આ કાયા , આ માયા અને આ જગત તદ્દન જૂઠાં છે એમ જાણી લેજો, સાચું એક માત્ર સાહેબનું નામ છે .

મૃત્યુ દરેકને માટે અનિવાર્ય છે પણ આપણા કેટલાક સંત ભક્ત કવિઓ પોતાના જીવનની અંતિમ પળો સુધી જાગૃત રહીને સમસ્ત લોકસમુદાયને જીવતરનો મર્મ સમજાવતા રહ્યા છે. સંત કવિ મૂળદાસજીનો જન્મ વિ.સં.૧૭૧૧ ઈ.સ. ૧૬૫૫ કારતક સુદ ૧૧ સોમવારે થયેલો. એમના દ્વારા ૧૦૬ વરસની ઉંમરે જૂની ગુજરાતીમાં ૭૧૨ ચોપાઈમાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો ગુજરાતી ભાષામાં ચોપાઈબંધમાં ભાવાનુવાદ થયો. રચના સમય વિ.સં.૧૮૧૭ ઈ.સ.૧૭૬૧ આસો સુદ ૧૧ ને સોમવારે. એ પછી તેઓ ૧૮ વરસ જીવ્યા.. આ કૃતિની નકલ ત્રણ વરસ પછી મૂળદાસજીએ પોતે જ પોતાના સ્વહસ્તાક્ષરોમાં વિ.સં.૧૮૨૦ ઈ.સ.૧૭૬૪ અધિક અષાઢ માસની એકાદશી, બુધવારના દિવસે અમરેલીમાં કરેલી છે. જેની મૂળ હસ્તપ્રત મૂળદાસજીના અક્ષરોમાં મારી પાસે સચવાયેલી છે. વિ.સં. ૧૮૩૫ ઈ.સ.૧૭૭૯ના ચૈત્ર સુદી ૯ રામ નવમીના દિવસે મૂળદાસજીએ ૧૨૪ વર્ષની વયે અમરેલીમાં જીવતાં સમાધિ લેતી વેળા આખરી શીખામણ આપતું ભજન ગાયેલું. જાગજો નર ચેતજો, છેલ્લી સનંદનો પોકાર રે.. ભાઈ હરિ ભજનમાં ભરપૂર રહેજો, ભજનમાં તમે ભીના રહેજો, હરિ નામનો આધાર રે... સત નામ તણો આધાર રે.. - જાગજો તમે ચેતજો નર ...૦

મરમી કવિશ્રી મકરન્દભાઈ દવેએ પોતાની વિદાય (તા. ૩૧-૧-૨૦૦૫)ના છ મહિના પહેલાં તા.૨૭-૭-૨૦૦૪ના રોજ આ કાવ્ય લખેલું..

*અબ બેલા આઈ જાવન કી, જાવન કી મન ભાવન કી,*
*અબ બેલા આઈ જાવન કી..*
*રાગ રાગિની ખૂબ બજાઈ, બહૂત લોગ કે વો મન ભાઈ,*
*અબ બેલા પ્રિયા રીઝાવન કી..*
*બહૂત નીંદ આતી હૈ ગહેરી, અપને વતન કી યાદ સુનેહરી,*
*અબ બેલા સેજ સજાવન કી..* ■

પર્વચક્ર

ડૉ. ભાનુબેન કે. વ્યાસ
feedback@bombaysamachar.com

# ગૂડીપડવાનું અદકેરું મહત્ત્વ



શાલિવાહન શક પ્રમાણે ચૈત્ર મહિનો પ્રથમ મહિનો ગણાય છે અને નવું વર્ષ ચૈત્ર સુદ એકમના દિવસથી શરૂ થાય છે. જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ પણ આ ખૂબ મહત્ત્વનો દિવસ છે. તેઓનું પણ વર્ષ આ દિવસથી શરૂ થાય છે અને ચૈત્રી પંચાંગના નામે ઓળખાતું પંચાંગ પણ આ જ દિવસથી અમલમાં આવે છે. વર્ષનાં શ્રેષ્ઠ ત્રણ મુહૂર્તોમાં ગૂડી પડવાની ગણતરી થઈ છે. દક્ષિણી લોકોનું નવું વર્ષ પણ આ દિવસથી શરૂ થાય છે.

મહારાષ્ટ્રમાં ચૈત્ર સુદ પ્રતિપદા 'ગૂડી પડવા'ના નામે ઓળખાય છે. આ દિવસે શ્રી રામે દક્ષિણની ભૂમિને વાલિના ત્રાસથી છોડાવી હતી. અમાનુષી જુલમમાંથી મુક્ત થયેલી પ્રજાએ ઘેર ઘેર ઉત્સવ કરીને ગૂડીઓ એટલે કે ધજાઓ ફરકાવી હતી. વાલિના ત્રાસમાંથી મુક્ત થયેલી પ્રજા આ રીતે સ્વતંત્રતાનો આનંદ ઉજવી રહી. આજે પણ ઘરમાં આંગણાંમાં ગૂડી પડવો એ આસૂરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનો સંદેશ છે. એટલે એ દિવસને ગૂડી પડવો એવું નામ અપાયું છે.

તાંબાના કળશને ગૂડી કહેવાય છે. આ દિવસે ચાંદી, તાંબા કે કાંસાના કળશને એક નવાં કપડાં સાથે છેડેથી બાંધી તેને બારી કે બારણાં પાસે લાકડીની ઉપર ઊંધો રાખવામાં આવે છે. નવા વર્ષના પ્રારંભને ઉજવવાની મહારાષ્ટ્રની આ ખાસ પ્રણાલિકા છે. એ દિવસે લોકો પંચાંગ વાંચે છે અને સાંજે આકાશમાં નવો ચંદ્ર જોવા પ્રયત્ન કરે છે. આ દિવસે ચંદ્રદર્શન ખૂબ જ પવિત્ર અને શુકનવંતું ગણાય છે જે કે તે ભાગ્યે જ થાય છે. મિષ્ટાન્ન ખાવાની પ્રથા વર્ષોથી છે. એ રીતે આનંદપૂર્વક ઉત્સવ ઉજવાય છે. મલબાર પ્રદેશમાં તો પ્રતિપદાને દિવસે વહેલી સવારે ઊઠીને ઘરનાં આબાલવૃદ્ધિ સૌ આંખ મીંચીને દેવગૃહમાં પ્રભુનાં દર્શન કરવા જાય છે. આ તહેવાર માટે કેરળનો પ્રદેશ ખાસ જાણીતો છે. ત્યાં એને 'વિષુ' કહેવામાં આવે છે. કેટલાંક રૂઢિચૂસ્ત કુટુંબો સદી જૂની કોઈ એક પરિણીત મહિલા વહેલી સવારે જ પૂજાની થાળ બનાવે. તેમાં તેલનાં બે દીવા મૂકવામાં આવે છે. શ્રીફળનાં બે અડધિયામાં આ દીવડા મૂકવામાં આવે છે. પૂજાની થાળીમાં ચોખા, ફળ, કોન્નાપુ નામનું ફૂલ વિગરે મૂકવામાં આવે છે. કુટુંબમાંના સોનાના દાગીના પણ પૂજા માટે મૂકવામાં આવે છે. આમ એનું પૂજન ખૂબ સારી રીતે થાય છે. પૂજાપાઠ માટે ગૃહિણી દરેક સભ્યને આંખે પાટા બાંધી જે ખંડમાં એ થાળી મૂકવામાં આવી હોય ત્યાં લઈ જાય છે અને સૌથી પહેલાં એ થાળીનાં જ દર્શન કરાવવામાં આવે છે. તેઓ માને છે કે આમ કરવાથી સુખ સમૃદ્ધિ વધે અને કુટુંબમાં એકતા પણ જળવાય. સિંધી બંધુઓ પણ આ દિવસે તહેવારને 'ચેટી ચાંદ' તરીકે ઓળખાવે છે. મલબારમાં પણ પ્રતિપદાને દિવસે પરોઢિયે ઊઠીને ઘરનાં આબાલવૃદ્ધ સૌ આંખ મીંચીને દેવગૃહમાં ભગવાનનાં દર્શન કરવા જાય છે.

આ દિવસે લીમડાના રસનું પાન કરવામાં આવે છે. મંદિરમાં દર્શન કરવા આવનાર સૌને લીમડો અને સાકર પ્રસાદરૂપે મળે છે. ચૈત્ર માસમાં લીમડો ખાવાની પ્રથા વૈદ્યકની દૃષ્ટિએ પણ સ્વાસ્થ્યદાયક છે. મરી, હિંગ, મીઠું, જીરું અને અજમા સાથે લીમડાની કૂંપળોને સવારે ઊઠીને ખાવી એ ચૈત્રી પડવાની ખાસ વિધિ ગણાય છે. એટલે આ દિવસ નીમઉત્સવને નામે પણ ઓળખાય છે. એટલે ઉપર કહ્યું તેમ આરોગ્યની દૃષ્ટિએ પણ અનેક નિયમો આપણા ઉત્સવો સાથે અનિવાર્યરૂપે સંકળાયા છે. કેટલાક લોકો આખો ચૈત્ર માસ દિવસ દરમિયાન એક જ વખત મીઠું ખાવાનો નિયમ લે છે. લીમડાના સેવનથી અનેક રોગ દૂર થાય છે. તેની શીળી છાંય અને હવાના શુધ્ધીકરણ માટે તે જાણીતો છે. તેનાં ફૂલ, ફળ, છાલ, મૂળ, પાંદડા વગેરે પ્રત્યેક વસ્તુ ગુણકારી છે. લીમડાનું રૂપક જીવનને ઉપકારક છે. સત્યનો ઘૂંટડો કડવો હોવા છતાંય એના ગુણ મીઠા છે. સત્યસેવન ઉદાત્ત ઉર્ધ્વગામી છે. નવા વર્ષના પ્રથમ દિવસે જ કડવાશનું પાન કરનાર વ્યક્તિ એ કડવાશને પણ મીઠાશમાં ફેરવી નાખે છે. મંદિરમાંથી મળતા લીમડા અને સાકરના પ્રસાદની પાછળ પણ એ જ ભાવના છે કે જીવનમાં સુખ કે દુઃખ પછી સુખનો સૂર્યોદય થતો જ હોય છે. માટે બંને અવસ્થાને તટસ્થ ભાવે સ્વીકારવી. કોઈ ગઝલકારે પણ કહ્યું છે.

'રવિ સમ તેજરાશિને ઉદય ને અસ્ત આવે છે,
શશિ સમ શાંતમૂર્તિ પણ વધીને ક્ષીણ થાયે છે,
સમંદરના તરંગોમાં જો ભરતી-ઓટ આવે છે,
રડે શાને ઓ માનવ! જો સુખો દુઃખ લઈને આવે છે.'

નવે વર્ષે નવો સંકલ્પ; પણ એ નવા સંકલ્પ પહેલાં સિંહાવલોકન કરવું એ પણ જરૂરી છે. ફલાંગો મારતો સિંહ વચમાં વચમાં થોભીને પોતે કેટલે સુધી આવ્યો તેનું નિરીક્ષણ કરી લે છે. પ્રગતિશીલ મનુષ્યે પણ પોતે સંકલ્પો કર્યાં, એમાંથી કેટલા પાર પડયા, કેટલા સુધારવા પડ્યા, કયા સંકલ્પો જતા કર્યા વગેરેનું તારણ કાઢ્યા પછી જ નવા સંકલ્પો કરવા જોઈએ. ગૂડી પડવો એ ઘરમાંથી વાલિનો - આસૂરી સંપત્તિનો રામે-દૈવીશક્તિએ નાશ કર્યા તેનું સૂચન છે. ગૂડી પડવો શાંત, સ્થિર અને સાત્ત્વિક ભાવવાળા મન ઉપર ભાર મૂકે છે અને એટલે જ ભોગ પર યોગનો; વૈભવ પર વિભૂતિનો અને વિકાર પર વિચારનો વિજય ગૂડી પડવો બન્યો છે.

ચૈત્ર માસની શરૂઆત હોળીના રંગોત્સવ બાદ ચૈત્ર સુદ-૧ના 'ગૂડી પડવા'ના પારંપરિક પર્વથી થાય છે. ગૂડી પડવા બાદ ચૌદસ સુદ ૩ના મનોરથ વ્રત અને ગણગૌરી, સુદ-૮ના 'અશોકાષ્ટમી', સુદ-૯ના 'રામનવમી', સુદ ૧૩ના 'મહાવીર જયંતી', સુદ-૧૫ના 'હનુમાન જયંતી' અને ચૈત્રી પૂર્ણિમા તથા વદ-૮ના 'પુત્રદા અષ્ટમી' જેવાં પર્વો અને ઉત્સવો આવેલા છે.

જેવી રીતે વિક્રમ સંવતના નૂતન વર્ષની શરૂઆત કારતક સુદીથી થાય છે તેવી રીતે 'ગૂડી પડવા'ના પર્વથી શાલિવાહન શકના નૂતન વર્ષની શરૂઆત થાય છે. ભારતના મહારાષ્ટ્રના અને કેટલાંક રાજ્યોના વેપારીઓ શાલિવાહનના નૂતન વર્ષના દિવસે તેમની પેઢીઓના ચોપડા બદલે છે અને નવા હિસાબના ચોપડાઓનું પૂજન કરે છે. ભાવિક મહિલાઓ 'અલૂણાવ્રત' કરે છે. મહારાષ્ટ્રિયનો આ ગૂડી પડવાના દિવસે શ્રીખંડ-પૂરી, જલેબી અને દૂધની મીઠાઈઓનાં મનભાવન ભોજનના આસ્વાદ માણે છે. મહારાષ્ટ્રિયનો અને ઘણાં બિન મહારાષ્ટ્રિયન પણ નવી જગ્યા, કારખાનાનાં મુહૂર્ત તથા શુભ કાર્યો આ દિવસે કરે છે.

શ્રી રામચંદ્રજી ૧૪ વર્ષના વનવાસ બાદ સીતાજી અને ભાઈ લક્ષ્મણ જોડે પુષ્પક વિમાનમાં ચૈત્ર સુદી ૧ના દિવસે અયોધ્યા પધાર્યા ત્યારે લાખો પ્રજાજનોએ ભવ્ય સ્વાગત કરી રાજ્યાભિષેક કરેલો. મહારાષ્ટ્રિયન લોકો ગૂડી પડવાનો પર્વ દિવાળીના જેવો ધામધૂમથી ઉજવે છે. મહારાષ્ટ્રિયન અને ઘણાં હિંદુઓ મુહૂર્ત તથા શુભ કાર્યો આ દિવસે કરે છે. ■

ફોકસ

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# વૈષ્ણોદેવી મંદિરઃ ચૈત્ર નવરાત્રીમાં બને છે આસ્થાનું મુખ્ય કેન્દ્ર




આપણો દેશ એટલે ભક્તિ અને ધર્મમાં અસીમ આસ્થા ધરાવતો દેશ છે. આપણાં દેશમાં ૫૧ શક્તિપીઠ છે. દરેક શક્તિપીઠ નવરાત્રી દરમિયાન આસ્થા અને આધ્યાત્મથી ઝગમગી ઊઠે છે. વાત જ્યારે વૈષ્ણોદેવી મંદિરની આવે છે તો નવરાત્રીમાં આ મંદિરની આભા કંઈક અનોખી અને આકર્ષિત હોય છે. જમ્મુ-કાશ્મીરથી ૧૨-૧૩ કિલોમીટરની ઉપરની તરફ ત્રિકુટ પર્વત પર લગભગ ૫૨૦૦ ફિટની ઊંચાઈએ આ વૈષ્ણોદેવી મંદિર આવેલું છે. એમાં ત્રણ પિંડી (મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી) વિરાજમાન છે. આ મંદિરે પહોંચવા માટે પગપાળા, ઘોડા પર કે પછી પાલખીમાં જઈ શકાય છે. હવે તો અત્યાધુનિક સુવિધા મળતાં હેલિકૉપ્ટર અને રોપ-વેથી પણ જવાય છે. એક અંદાજ પ્રમાણે દર વર્ષે આ મંદિરમાં ૮૦ લાખથી એક કરોડ શ્રદ્ધાળુઓ માતાનાં દર્શન કરવા જાય છે. એમાંથી ૩૦થી ૪૦ ટકા ભક્તો માત્ર નવરાત્રી દરમિયાન જ આવે છે. આ મંદિર પ્રત્યે લોકોમાં અસીમ શ્રદ્ધા છે. આ મંદિરની પાછળ પૌરાણિક અને આધ્યાત્મિક કથા પણ છે. એવું કહેવામાં આવે છે કે વૈષ્ણોદેવી મંદિર જે ત્રિકુટ પર્વત પર સ્થિત છે, એની ગુફામાં દેવીએ તપસ્યા કરી હતી. સાથે જ ભૈરવનાથનો વધ પણ કથા સાથે જોડાયેલો છે.

ચૈત્ર નવરાત્રી દેવી શક્તિના જાગરણનો સમય ગણવામાં આવે છે. એથી આ મંદિર આધ્યાત્મિક ઊર્જાનું કેન્દ્ર બની જાય છે. અહીં દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ આવે છે. માતાના જયકારાથી આખો પર્વત ગુંજી ઊઠે છે. દેવી ઉપાસના માટે આ નવરાત્રીનું મહત્ત્વ વધી જાય છે. ચૈત્ર નવરાત્રીથી હિન્દુઓનું નવવર્ષ પણ શરૂ થાય છે. લોકો ઘરે ઘટસ્થાપના કરે છે.

આજે ડિજિટલ મીડિયાના યુગમાં એનું આકર્ષણ અને ઝગમગાટ દેશના ખૂણેખૂણે પહોંચી જાય છે. મંદિરમાંથી લાઈવ દર્શન, સોશ્યલ મીડિયા ટ્રેન્ડ આ બધું જોઈ શકાય છે. ચૈત્ર નવરાત્રીમાં આ મંદિર રાષ્ટ્રીય ઉત્સવ સમાન દેખાય છે. રાષ્ટ્રીય ચેતના બનીને આ ઉત્સવ ઊભરી આવે છે. દેશની આર્થિક-સામાજિક સ્થિતિને પણ એ સારી રીતે પ્રભાવિત કરે છે. કટરા અને એની આસપાસના ક્ષેત્ર હંમેશાં પ્રવાસીઓથી ધમધમે છે, એથી આ ક્ષેત્રની આર્થિક સ્થિતિ પણ સંપન્ન છે. નવરાત્રી અને અન્ય દિવસોમાં હોટલ, ટ્રાન્સપોર્ટ, સ્થાનિય વેપાર ઉચ્ચસ્તર પર પહોંચી જાય છે. એનાથી સ્થાનિક લોકોને પણ રોજગાર મળી રહે છે.

આખા વર્ષભર શરૂ રહેનાર વૈષ્ણો દેવી મંદિર કુદરતી સૌંદર્યથી ભરપૂર અને આહ્‌લાદક વાતાવરણથી છવાયેલું રહે છે. અહીંની યાત્રામાં શ્રમ, આસ્થા અને સામૂહિકતા દેખાઈ આવે છે. ચૈત્ર નવરાત્રીમાં અહીં માતાના દર્શન માટે આવતા ભક્તો નવા વર્ષની શુભ શરૂઆત થાય એ મનોકામના સાથે આવે છે. સાથે જ કોઈ ઈચ્છા પૂરી થાય એવી માનતા પણ લે છે. એથી જ આ મંદિરમાં વિશિષ્ટ આધ્યાત્મિક ઊર્જાનો પ્રવાહ વહે છે. શ્રદ્ધાળુઓ માટે આ રાષ્ટ્રીય એકતા અને શ્રદ્ધાનું કેન્દ્ર બની જાય છે. ■

# ભારતીય ક્રિકેટની અદ્ભુત પ્રતિભા સફળતામાં સાકાર થાય છે એ જોઈ હું રાજીનો રેડઃ રાહુલ દ્રવિડ

નવી દિલ્હી : દેશની ક્રિકેટની સમૃદ્ધ ક્ષમતા હવે દેખીતી સફળતામાં પરિવર્તિત થઈ રહી છે અને વૈશ્વિક સ્પર્ધાઓમાં શ્રેણીબદ્ધ વિજય એ વાત સિદ્ધ કરે છે કે ભારતીય ક્રિકેટમાં ટેલન્ટ લાંબા સમયથી હતી, એમ ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને વડા કોચ રાહુલ દ્રવિડે કહ્યું હતું. રાહુલને બીસીસીઆઈના એન્યુઅલ એવૉર્ડ ફંકશનમાં કર્નલ સીકે નાયડુ લાઈફટાઈમ એચિવમેન્ટ એવૉર્ડ એનાયત કરાયો હતો. રાહુલે કહ્યું હતું કે આનાથી બધુ સારું ચાલી રહ્યું હોવાની મને લાગણી થાય છે. આ બધું એ સમયે બની રહ્યું છે જ્યારે ભારત તેની પાસે રહેલી અદ્ભુત ક્ષમતાને મેદાનમાં અને મેદાનની બહાર સાકાર કરી રહ્યું છે. મને લાગે છે કે ભારત પાસે જેની જરૂર હોય એ બધું જ છે. એ જોઈને આનંદ થાય છે કે આપણે આપણી કાબેલિયત સિદ્ધ કરી છે. રાહુલે જણાવ્યું હતું કે સફળતા વિવિધ પરિબળો જેવા કે ખેલાડીથી માંડીને વહીવટીકર્તા અને ચાહકો સાથે આવવાથી મળી છે. આપણી પાસે સુંદર ઘરેલું સિસ્ટમ છે. આપણી પાસે સારી જુનિયર ક્રિકેટ સિસ્ટમ છે. આપણી પાસે અફલાતૂન ચાહકો છે. આપણી પાસે જે રીતના ટેકેદારો અને ચાહકો છે કે આ બધાનો સરવાળો થઈને સફળતા જ મળે છે. (એજન્સી) ■






### ક્રિકેટસ્ટાર્સનો અવૉર્ડ નાઈટમાં ઝળહળાટ

નવી દિલ્હીમાં રવિવારે બીસીસીઆઈના નમન અવૉર્ડ્સ એનાયત કરવા માટેનો કાર્યક્રમ યોજાયો હતો. બીસીસીઆઈ દ્વારા શુભમન ગિલને પુરુષોના વર્ગમાં અને સ્મૃતિ મંધાનાને મહિલાઓના વર્ગમાં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર્સ જાહેર કરાયા હતા. ગિલને પોલી ઉમરીગર અવૉર્ડ માટે પસંદ કરાયો હતો. ભૂતપૂર્વ ક્રિકેટર્સ – રોજર બિન્ની, રાહુલ દ્રવિડ અને મિતાલી રાજને કર્નલ સી. કે. નાયડુ લાઇફટાઇમ અચિવમેન્ટ અવૉર્ડ માટે પસંદ કરાયા હતા. ગિલે ૨૦૨૩ પછી આ બીજી વખત ક્રિકેટર ઑફ ધ યરનો અવૉર્ડ જીત્યો હતો. મંધાનાએ આ અવૉર્ડ પાંચ વખત જીત્યો હતો. સાથે ચેમ્પિયન્સ ટ્રોફી જીતનાર, ટી–૨૦ વર્લ્ડ કપ જીતનાર, મહિલા વર્લ્ડ કપ જીતનાર તથા અન્ડર–૧૯ વિશ્વકપ જીતનાર ટીમોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.







**જય શાહનું ટાર્ગેટ પાકિસ્તાન, બાંગ્લાદેશ**

## ... કહ્યું કે કોઇ ટીમ સંસ્થાથી મોટી તો નથી જ

મુંબઈઃ તાજેતરમાં પૂર્ણ થયેલા આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ અંગે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના ચેરમેન જય શાહે કહ્યું કે કોઈ પણ ટીમ સંસ્થાથી મોટી નથી. મુંબઈમાં એક એવોર્ડ સમારોહમાં બોલતા શાહે કહ્યું કે ટૂર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં ઘણી ચર્ચાઓ અને અનિશ્ચિતતાઓ હતી, જેના કારણે આ વર્લ્ડ કપ ખાસ મહત્ત્વનો બન્યો.

જય શાહે કહ્યું કે આ આઈસીસી વર્લ્ડ કપ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કારણ કે ટૂર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં ચોક્કસ ટીમો ભાગ લેશે કે નહીં અને વર્લ્ડ કપ કેવી રીતે યોજાશે તે અંગે ઘણી ચર્ચા થઈ હતી. કોઈપણ દેશનું નામ લીધા વિના તેમણે સ્પષ્ટપણે કહ્યું કે વૈશ્વિક ક્રિકેટ સંસ્થા કોઈપણ એક ટીમ કરતાં મોટી છે. તેમણે કહ્યું હતું કે આઈસીસીના ચેરમેન તરીકે હું કહી શકું છું કે કોઈ પણ ટીમ સંસ્થાથી મોટી નથી અને કોઈ એક ટીમ સંસ્થા બનાવતી નથી. બધી ટીમોના ભેગા થવાથી એક સંસ્થા બને છે. બાંગ્લાદેશની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમે આખરે સુરક્ષા ચિંતાઓને કારણે સ્પર્ધામાંથી ખસી ગઈ હતી જ્યારે પાકિસ્તાનની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમે અગાઉ ભારતની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમ સામેની તેમની હાઇ-પ્રોફાઇલ મેચનો બહિષ્કાર કરવાની ધમકી આપી હતી. ■

## ‘હમણાં ને હમણાં ફોનમાંથી સોશ્યલ મીડિયા ડીલિટ કર’

### વર્લ્ડ કપમાં ત્રણ-ત્રણ ઝીરો પછી અભિષેકને ગંભીર, સૂર્યા, હાર્દિક ખખડાવતા કહેલું

નવી દિલ્હીઃ ભારતના ઓપનર અભિષેક શર્માની ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શરૂઆત ખરાબ રહી હતી. પોતાનો પહેલો ટી૨૦ વર્લ્ડ કપ રમી રહેલા અભિષેક પહેલી ત્રણ મેચમાં ખાતું ખોલાવી પણ શક્યો ન હતો. અમેરિકા સામે ભારતની પહેલી મેચમાં અભિષેક શૂન્ય પર આઉટ થયો હતો. બાદમાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામેની મેચમાં તે એક પણ રન કરી શક્યો ન હતો. ટીમ મેનેજમેન્ટે નેધરલેન્ડ્સ સામેની ત્રીજી મેચમાં તેને બીજી તક આપી હતી, પરંતુ સતત ત્રીજી મેચમાં પણ તેનું એ જ ભાગ્ય રહ્યું હતું.

અભિષેકના ચહેરા પર હતાશા, આત્મવિશ્વાસનો અભાવ અને રનની ભૂખ સ્પષ્ટપણે સ્પષ્ટ હતી. કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે આ મુશ્કેલ સમયમાં તેને ટેકો આપ્યો. અભિષેકે ખુલાસો કર્યો હતો કે ગંભીર અને સૂર્યાએ તાજેતરમાં પૂરા થયેલા ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના તેના સૌથી ખરાબ તબક્કા દરમિયાન તેને શું સલાહ આપી હતી.

અભિષેકે સ્વીકાર કર્યો હતો કે તે ટૂર્નામેન્ટમાં સતત બીજી વખત શૂન્ય પર આઉટ થયા પછી ખૂબ જ નિરાશ થઈ ગયો હતો. તેણે કહ્યું હતું કે, ‘‘તમને ધીમે ધીમે તેની આદત પડી જાય છે. ટીકા થવી સ્વાભાવિક છે. ભારતમાં તે સ્વાભાવિક છે કારણ કે લોકોને તમારી પાસે ખૂબ અપેક્ષાઓ હોય છે. ત્રણ વખત શૂન્ય પર આઉટ થયા પછી સૂર્યા, ગૌતમ ગંભીર સર અને હાર્દિક પંડ્યા મારી પાસે આવ્યા અને કહ્યું હતું કે, ‘હમણા જ તારા ફોનમાંથી સોશ્યલ મીડિયા ડિલીટ કર.’

જોકે ફાઇનલમાં તેણે ન્યૂ ઝીલેન્ડના બોલરોને ધોઈ નાખ્યા અને માત્ર ૨૧ બોલમાં ૫૨ રન કર્યા હતા. ■

## કિવીઓ સામે ટી-૨૦ વર્લ્ડ કપની હારનો બદલો સાઉથ આફ્રિકાએ લીધો

### ન્યૂ ઝીલેન્ડને ૯૧ રનમાં ઑલ આઉટ કરી આસાનીથી લક્ષ્ય સિદ્ધ કર્યું

ઑકલેન્ડ : આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ પૂર્ણ થયા બાદ દક્ષિણ આફ્રિકાની ટીમ ન્યૂ ઝીલેન્ડના પ્રવાસે છે. જ્યાં બંને ટીમો પાંચ મેચની રોમાંચક ટી-૨૦ સિરીઝ રમી રહી છે. શ્રેણીની પહેલી મેચમાં દક્ષિણ આફ્રિકાએ એકતરફી જીત મેળવી હતી. સાઉથ આફ્રિકાએ ન્યૂ ઝીલેન્ડને ૭ વિકેટથી હરાવીને ૨૦૨૬ ટી-૨૦ વર્લ્ડ કપમાં પોતાની સેમિફાઇનલ હારનો બદલો લીધો હતો.

નોંધનીય છે કે આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની પહેલી સેમિફાઇનલ મેચ ૪ માર્ચે કોલકાતામાં ન્યૂ ઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ હતી. ન્યૂ ઝીલેન્ડે આ મેચ ૯ વિકેટથી જીતી હતી. જોકે, ટી-૨૦ સિરીઝની પહેલી મેચમાં દક્ષિણ આફ્રિકાનો દબદબો રહ્યો હતો.

ન્યૂ ઝીલેન્ડના કેપ્ટન મિશેલ સેન્ટનરે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, તેમનો નિર્ણય ખોટો સાબિત થયો હતો. કિવી ટીમ ૧૪.૩ ઓવરમાં ફક્ત ૯૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેમ્સ નીશમે સૌથી વધુ ૨૬ રન કર્યા હતા. અન્ય કોઈ ખેલાડી ૨૦ રનથી વધુ રન કરી શક્યો નહીં. દક્ષિણ આફ્રિકા તરફથી નકોબાની મોકોએનાએ સૌથી વધુ વિકેટ લીધી હતી, જેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો હતો. તે સિવાય ગેરાલ્ડ કોટઝી, ઓટનિલ બાર્ટમેન અને કેપ્ટન કેશવ મહારાજે બે-બે વિકેટ લીધી હતી.

દક્ષિણ આફ્રિકાએ ૯૨ રનનો લક્ષ્યાંક ૨૦ બોલ અને સાત વિકેટ બાકી રાખીને હાંસલ કર્યો હતો. તેમણે આ લક્ષ્યાંક માત્ર ૧૬.૪ ઓવરમાં હાંસલ કર્યો. ■

## પાકિસ્તાનનો ભૂતપૂર્વ કૅપ્ટન સરફરાઝ અહેમદ રિટાયર થયો

કરાચીઃ ભારત સામે બે મુખ્ય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ટુર્નામેન્ટની ફાઇનલ જીતનાર એકમાત્ર પાકિસ્તાની કેપ્ટન, વિકેટકીપર-બેટ્સમેન સરફરાઝ અહેમદે રવિવારે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી છે. સરફરાઝે ડિસેમ્બર ૨૦૧૩માં પર્થમાં ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચમાં પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. ■

## સંજુ સેમસન ફોર્મમાં હોય તો પ્રથમ છ ઓવરમાં જ મેચ જીતાડી શકે : ગંભીર

નવી દિલ્હીઃ ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે જ્યારે સંજૂ સેમસન ફોર્મમાં હોય છે ત્યારે તે પાવરપ્લેમાં જ વિરોધી ટીમ પાસેથી મેચ છીનવી શકે છે. આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપના અંતિમ તબક્કામાં સંજૂએ શાનદાર પ્રદર્શન કર્યું. તેણે સેમિફાઇનલ અને ફાઇનલમાં વિસ્ફોટક અડધી સદી ફટકારી ભારતને રેકોર્ડ ત્રીજી વખત ટાઇટલ જીતવામાં મદદ કરી હતી. અભિષેક શર્મા અને સેમસને ફાઇનલમાં પાવરપ્લેમાં ૯૨ રન કર્યા હતા જેનાથી મેચ ન્યૂ ઝીલેન્ડ પાસેથી છીનવાઈ ગઈ હતી.

ગંભીરે કહ્યું હતું કે, ‘‘અમે જાણીએ છીએ કે સંજૂ શું કરી શકે છે. તેની પ્રતિભા અને વિસ્ફોટક બેટિંગ પર ક્યારેય કોઈ શંકા નહોતી. જો તે લયમાં હોય તો તે પ્રથમ છ ઓવરમાં મેચ જીતાડી શકે છે.’’ વર્લ્ડ કપ પહેલા ન્યૂ ઝીલેન્ડ સામે સેમસનનું પ્રદર્શન નબળું હતું અને તેથી તેને આઈસીસી ટૂર્નામેન્ટની શરૂઆતની મેચોમાં પ્લેઇંગ ઇલેવનમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. પરંતુ જ્યારે ઝિમ્બાબ્વે સામેની કરો યા મરો મેચમાં તક આપવામાં આવી ત્યારે સેમસન ફોર્મમાં પરત ફર્યો અને તેણે ૧૫ બોલમાં ૨૪ રન કર્યા અને ત્યારબાદ આગામી ત્રણ મેચમાં ૯૭, ૮૯ અને ૮૯ રન કર્યા હતા. ગંભીરે કહ્યું હતું કે, ‘‘મેં તેને જીમમાં આ કહ્યું. વાસ્તવમાં અમે સાથે ટ્રેનિંગ લઈ રહ્યા હતા અને મેં તેને કહ્યું કે તું ઝિમ્બાબ્વે સામે રમશે અને તેણે કહ્યું, ‘ઠીક છે.’ અમારી વાતચીત અનૌપચારિક હોય છે. તે મુખ્ય કોચ અને ખેલાડી વચ્ચેના સંબંધ જેવી નથી. તે એક એવો સંબંધ છે જ્યાં અમારી મોટાભાગની સામ-સામે વાતચીત પ્રેક્ટિસ સત્રો દરમિયાન થાય છે.’’ ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ટકાઉ | ઉષ્ણ |
| ટટ્ટાર | વિસ્તરણ |
| ટાઢું | પ્રશસ્ય |
| ટીકાપાત્ર | ઢીલું |
| ટૂંકાણ | તકલાદી |

### માતૃભાષાની મહેક

તણખલાની તોલે રૂઢિપ્રયોગ ધ્યાનમાં રાખી કેટલાક સુંદર સુભાષિત છે જે જીવન દર્શન કરાવે છે. વેળા કવેળા સમજે નહીં ને વગર વિચાર્યું બોલે, લાલો કહે માલાને તે તો તણખલાની તોલે. તુચ્છ હોવું અને તુચ્છ ગણાવું એમાં બહુ મોટું અંતર છે. એવા કેટલાક લોકો હોય છે જેમને ક્યાં અને ક્યારે શું બોલવું એની ગતાગમ નથી હોતી.

### ગુજરાત મોરી મોરી રે

નિસર્ગ પ્રેમીઓ માટે અનોખી ભેટની ગરજ સારતું વઘઈ બોટનિકલ ગાર્ડન ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે એ જણાવો.

અ) નર્મદા
બ) બોટાદ
ક) ડાંગ
ડ) સાબરકાંઠા

### ઈર્શાદ

આવન-આવન કહ ગયે, કર ગયે કોલ અનેક;
ગણતાં-ગણતાં ઘસ ગઈ જીભાં, હારી આંગળીઓની રેખ.

--- મીરાંબાઈ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ■ | ૩ | ■ | ■ | ૪ | ૫ | ■ |
| ૬ | | | | | ■ | ૭ | | | ૮ |
| | ■ | | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | ■ | |
| | ■ | ૧૫ | ■ | ■ | ૧૬ | | | ■ | ■ |
| ■ | ■ | ૧૭ | ૧૮ | | ■ | ■ | | ■ | ૧૯ |
| ૨૦ | ■ | ૨૧ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | |
| ૨૪ | ૨૫ | ■ | ૨૬ | | | ■ | ૨૭ | ■ | |
| ૨૮ | | ૨૯ | | ■ | ૩૦ | | | ૩૧ | |
| ■ | ૩૨ | | ■ | ■ | | ■ | ૩૩ | | ■ |

### આડી ચાવી

૧. --- રહેતા ઠાકરા, નાણાંનવ રહેત (૨)
૪. મદારી (૨)
૬. --- કરવું=ઘટક તત્ત્વો જુદા પાડવા (૫)
૭. થાપણ, સાચવવા આપેલી ચીજ (૪)
૯. સજ્જ, તૈયાર (૩)
૧૦. રાજાનો મુગટ (૨)
૧૧. એક પ્રવાહી ધાતુ (૨)
૧૨. આપણું રાષ્ટ્રીય પક્ષી (૨)
૧૩. --- કરવો=નાત જમાડવી (૨)
૧૬. લીન, એકાકાર (૩)
૧૭. લત, ખો (૩)
૨૧. હોડી (૨)
૨૨. ભીમનું આયુધ (૨)
૨૩. વીતી ગયેલું (૨)
૨૪. સુધી (૨)
૨૬. સૈન્યનું (૩)
૨૮. --- થવું=કામમાં આવવું (૪)
૩૦. કૂકડાના વાહન પર ફરનારી દેવી (૫)
૩૨. શૂર, પરાક્રમી (૨)
૩૩. રોજની આવક (૨)

### ઊભી ચાવી

૧. પતિ (૨)
૨. દૃઢ (૩)
૩. શિક્ષણ (૪)
૪. સુંદર સ્ત્રી (૨)
૫. લાચારી, ગરીબાઈ (૩)
૬. રાજા (૪)
૭. આબુ પર્વત આવેલો છે તે પર્વતની હારમાળા (૪)
૮. વિદ્વાન, જાણકાર (૩)
૧૪. તેજ, ભભકો (૩)
૧૫. માગણી (૩)
૧૮. સગવડ, સોઈ (૪)
૧૯. બડાઈ, શેખી (૪)
૨૦. કાલી માતા (૩)
૨૨. રાંક, નરમ સ્વભાવનું (૪)
૨૫. ગીરો, ઘરેણે મૂકેલું (૩)
૨૭. પૂંજો, નકામું ફેંકી દેવા જેવું (૩)
૨૯. ફળની અંદરનો માવો (૨)
૩૧. મિયાં બીબી --- તો ક્યા કરેગા કાજી? (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ૨ ર | ૩ મા | ર્થ | ■ | ■ | ૪ ઉ | ૫ પ | ૬ વ | ૭ ન |
| ૮ શા | જ | સી | ■ | ૯ તા | પ્ર | ■ | ૧૦ વ | લ | ય |
| શ | ■ | ૧૧ જી | ૧૨ વં | ત | ■ | ■ | ન | ■ | ન |
| ■ | ૧૩ અ | ■ | શ | ■ | ૧૪ મ | તિ | ■ | ૧૫ અ | ■ |
| ૧૬ ક | વ | ૧૭ ન | ■ | ■ | હિ | ■ | ૧૮ ત | ગુ | ૧૯ જ |
| ૨૦ વિ | સા | ત | ■ | ૨૧ રો | ■ | ■ | ૨૨ ટ | પ | કી |
| ■ | ન | ■ | ૨૩ ન | ગ | ■ | ૨૪ શં | ■ | મ | ■ |
| ૨૫ જ | ■ | ૨૬ ખા | ■ | ■ | ૨૭ ઓ | કા | ૨૮ ત | ■ | ૨૯ રૂ |
| ૩૦ સ | ૩૧ પા | ટ | ■ | ૩૨ છો | ડ | ■ | ૩૩ રા | ૩૪ જ | સ |
| ૩૫ ત | ર | કી | બ | ■ | ■ | ૩૬ ઉ | પ | રા | ણું |

### ઓળખાણ પડી?

આઠ અબજ રામનામ મંત્ર સાથેની ૧૦૮ ફુટ ઊંચી મૂર્તિ ધરાવતું ખોખરા હનુમાન મંદિર ક્યાં આવેલું છે? અહીં વેદની વિદ્યા પણ અપાય છે.

અ) વેરાવળ
બ) ઉપલેટા
ક) ગોંડલ
ડ) મોરબી



### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘ચાકર ચોરે તો બરકત જાય’ પંક્તિમાં બરકતનો અર્થ શું થાય એ જણાવો.

અ) નુકસાન બ) બાદબાકી ક) સમૃદ્ધિ ડ) વહેમ

### માઈન્ડ ગેમ

વિવિધ દેશના આર્થિક વ્યવહારમાં અલગ અલગ ચલણ હોય છે. સહેલાણીઓમાં અત્યંત પ્રિય એવા થાઈલેન્ડમાં કયું ચલણ અસ્તિત્વમાં છે?

અ) યુરો બ) થાલસીન ક) રૂબલ ડ) બાહત

### સુડોકુ-૯૨૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | | ૬ | | ૨ | | ૭ | ૪ |
| ૯ | | ૫ | | | | ૬ | | ૨ |
| ૭ | | | | ૫ | | | | ૩ |
| ૨ | ૩ | | | | | | ૪ | ૫ |
| | | ૪ | | | | ૯ | | |
| ૫ | ૭ | | | | | | ૧ | ૬ |
| ૧ | | | | ૭ | | | | ૯ |
| ૪ | | ૭ | | | | ૩ | | ૮ |
| ૬ | ૨ | | ૯ | | ૪ | | ૫ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૮ | ૨ | ૯ | ૪ | ૩ | ૭ | ૧ |
| ૭ | ૨ | ૯ | ૮ | ૩ | ૧ | ૫ | ૬ | ૪ |
| ૪ | ૧ | ૩ | ૭ | ૫ | ૬ | ૯ | ૮ | ૨ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૮ |
| ૮ | ૬ | ૪ | ૩ | ૭ | ૯ | ૨ | ૧ | ૫ |
| ૫ | ૯ | ૭ | ૧ | ૮ | ૨ | ૪ | ૩ | ૬ |
| ૩ | ૭ | ૧ | ૫ | ૪ | ૮ | ૬ | ૨ | ૯ |
| ૨ | ૪ | ૬ | ૯ | ૧ | ૭ | ૮ | ૫ | ૩ |
| ૯ | ૮ | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૪ | ૭ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| ઝાંખું | પ્રકાશિત |
| ઝાઝું | થોડું |
| ઝેર | અમૃત |
| ઝઘડો | સુલેહ |
| ઝડપી | મંદ |

**ગુજરાત મોરી મોરી રેઃ** દાંતીવાડા

**ઓળખાણ પડી?** કરમસદ

**માઈન્ડ ગેમ :** યેન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** પ્રેમ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિટ્યા (૩) નીતા દેસાઈ (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) સુભાષ મોમાયા (૭) મુલરાજ કપુર (૮) ખુશરુ કાપડિયા (૯) પુષ્પા પટેલ (૧૦) ભારતી બુચ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) જ્યોતી ખાંડવાલા (૧૩) નિખીલ બંગાળી (૧૪) અમીષી બંગાળી (૧૫) હર્ષા મહેતા (૧૬) મીનળ કાપડિયા (૧૭) પ્રવીણ વોરા (૧૮) મહેન્દ્ર લોઢવિયા (૧૯) મહેશ સંઘવી (૨૦) તાહેર ઔરંગાબાદવાળા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) શીરીન ઔરંગાબાદવાળા (૨૩) લજીતા ખોના (૨૪) ભરત કજરીયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) વીણા સંપટ (૨૮) નિતીન જયંતીલાલ બજરીય (૨૯) અરવિંદ કામદાર (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) અંજુ ટોલીયા (૩૪) ડાયના સંતોક (૩૫) અલકા વાણી (૩૬) પુષ્પા ખોના (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) કમલ મટાલીયા (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) કિર્તી છેડા (૪૨) ચેતના છેડા (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) મહેશ દોશી

# ગુજરાતમાં ગરમીથી આંશિક રાહત, પણ માવઠાની આગાહીથી ખેડૂતો ચિંતામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ આકરી ગરમી પડી રહી છે. રાજકોટ, અમદાવાદ, સુરેન્દ્રનગર જેવા શહેરોમાં ગરમીનો પારો ૪૦થી ૪૧ જ રહેતો હતો. છેલ્લા બે દિવસથી થોડી રાહત મળી છે અને પારો બેથી ત્રણ ડિગ્રી ઘટ્યો છે, પરંતુ માવઠાની શક્યતાના સમાચારોએ ખેડૂતોની ચિંતામાં વધારો કરી દીધો છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટમાં સૌથી વધુ ૩૮.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. અન્ય શહેરોની વાત કરવામાં આવે તો અમદાવાદમાં ૩૮ ડિગ્રી સેલ્સિયસ, ડીસામાં ૩૭.૮ ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં ૩૭.૫ ડિગ્રી સેલ્સિયસ, ભુજમાં ૩૭.૫ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૩૭ ડિગ્રી સેલ્સિયસ, ભાવનગરમાં ૩૫.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કચ્છના છૂટાછવાયા વિસ્તારોમાં હિટવેવની સ્થિતિ જોવા મળી હતી અને રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાયું હતું. જોકે, આગામી પાંચ દિવસમાં ગરમીથી થોડી રાહત મળવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ક્રમશઃ ૨-૪ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. અમદાવાદ શહેર માટે ૧૫ માર્ચ સુધી આકાશ ચોખ્ખું રહેવાની અને મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ જ્યારે લઘુતમ તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે.

બીજી બાજુ ગુજરાતમાં આકરા ઉનાળા વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યના ઘણા ભાગોમાં ૧૮ અને ૧૯ માર્ચના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડી શકે છે, તેમ હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે. ૧૯ માર્ચે દક્ષિણ ગુજરાતના વડોદરા, સુરત, ભરૂચ સહિતના જિલ્લાઓમાં પણ વરસાદી માહોલ રહેવાની સંભાવના છે. ત્યારબાદ ૨૦ માર્ચે અરવલ્લી, દાહોદ અને મહિસાગર જેવા વિસ્તારોમાં વરસાદની અસર જોવા મળી શકે છે.

તે ઉપરાંત ૧૮ અને ૧૯ માર્ચ માટે ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાઈ શકે તેવી શક્યતા છે. આ દરમિયાન ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે વીજળીના કડાકા થવાની શક્યતા છે. આ પવન અને સંભવિત કરાના કારણે ઊભા પાક, ખાસ કરીને ઘઉં, તલ, ચણા, જીરું, તેમજ કેળા અને પપૈયાના વાવેતરને નુકસાન થઈ શકે છે, આ સાથે કેરીને પણ નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. તેમ સૂત્રો જણાવી રહ્યા છે. ■

# યુદ્ધની અસરઃ રાજકોટમાં સગડી લેવા માટે લાઈનો, ભાવ બમણા થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એલપીજી સિલિન્ડરની અછતે લોકોને ફરી પારંપારિક રસોઈ પદ્ધતિ તરફ વાળ્યા છે. ઘણી જગ્યાએ ચૂલા સળગાવવામાં આવ્યા છે ત્યારે ઘણા નાના-મોટા રેસ્ટોરાંના માલિકો કોલસા-લાકડાથી ચાલતી સગડી તરફ વળ્યા છે. છેલ્લા એકાદ અઠવાડિયામાં, દૂધસાગર રોડ પર આવેલા સગડી બજારમાં ભારે ભીડ જોવા મળી હતી, જેમાં ગ્રાહકો માત્ર ગુજરાતભરમાંથી જ નહીં પરંતુ મહારાષ્ટ્રમાંથી પણ સગડી ખરીદવા આવી રહ્યા હોવાનું વેપારીસૂત્રો જણાવી રહ્યા છે. સગડી બનાવવાના અને વેચવાના ધંધા સાથે વર્ષોથી જોડાયેલા વેપારીઓ કહે છે કે થોડા જ દિવસોમાં માગ અનેક ગણી વધી ગઈ છે. જ્યાં પહેલા દરરોજ ફક્ત બે થી ત્રણ કોલસાના ચૂલા વેચાતા હતા, તે હવે દરરોજ ૧૦-૧૨ થઈ ગયા છે, જેના પરિણામે સગડી મળી રહી નથી અને ગ્રાહકોએ ઓર્ડર આપી ત્રણ-ચાર દિવસની રાહ જોવી પડે છે. કોલસાના ચૂલાની સાથે, બ્લોઅર્સ અને ચૂલાને ટેકો આપવા માટે ઉપયોગમાં લેવાતા મેટલ સ્ટેન્ડ જેવી એસેસરીઝની માગ પણ વધી છે. દૂધસાગર રોડ પર સગડીના એક ઉત્પાદકે જણાવ્યું હતું કે માગમાં અચાનક વધારો થવાથી ઉત્પાદન પર દબાણ આવ્યું છે. એક સગડી બનાવવામાં લગભગ આખો દિવસ લાગે છે કારણ કે તેમાં કટિંગ, ફિટિંગ, સિમેન્ટિંગ વગેરે પહેલા એક સગડીનો ખર્ચ મજૂરી સહિત લગભગ ૧,૦૦૦ રૂપિયા થતો હતો, પરંતુ હવે સામગ્રી અને મજૂરી ખર્ચમાં વધારો થવાને કારણે ખર્ચ લગભગ ૨,૦૦૦ રૂપિયા થઈ ગયો છે, તેમ પણ વેપારીએ ઉમેર્યું હતું. જોકે અમુક વેપારીઓએ જણાવ્યું હતું કે તેમણે ભાવ વધાર્યા નથી. જ્યારે અમુકના જણાવ્યા અનુસાર કાચો માલ જે પ્રમાણે મળે તે પ્રમાણે ભાવ રાખવામાં આવ્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર રોજની વધુમાં વધુ ૧૦ સગડી બની શકે, પરંતુ માગ ૨૦ની છે. આથી ભાવ પણ બમણા થઈ ગયા છે. આ સાથે સગડી રાખવા મેટલના સ્ટેન્ડ વગેરે જોઈએ તેની પણ ડિમાન્ડ વધી છે. અમદાવાદ, સુરત, વડોદરા,અમરેલી, સુરેન્દ્રનગર સાથે મુંબઈના હોટેલ અને રેસ્ટોરાંમાલિકો પણ સગડી લેવા અહીં આવ્યા હોવાનું વેપારી સૂત્રોએ જણાવ્યું હતું. સિલિન્ડરના અભાવમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવી ફૂડ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા માટે જરૂરી બની ગયું છે. જોકે સરકારે સ્થિતિ ઝડપથી પૂર્વવત કરવાની ખાતરી આપી છે. ■

# હવે દ્વારકાને મળશે નર્મદાનાં નીર, 'સૌની' યોજના હેઠળ ૧૫ ગામને રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દ્વારકા જિલ્લાના ખેડૂતોમાં રાહતની લહેર ફેલાઈ હતી કારણ કે સૌની (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ) યોજના હેઠળ નર્મદાનું પાણી આખરે ઘણા ગામડાઓમાં પહોંચી ગયું છે. સૌની લિંક-૧ પેકેજ-૫ દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યું છે, જેનાથી આ વિસ્તારોના ખેડૂતોને ઘણી મદદ મળી રહેશે, તેમ સૂત્રો જણાવે છે.

મહાદેવિયા, સિંહણ, વડાલિયા, સિંહણ આહિર, વિંજલપર, સિદ્ધપુર અને મોવાન સહિતના ગામોના ખેડૂતોએ નર્મદાનું પાણી સ્થાનિક જળાશયોમાં વહેવા લાગતાં ખુશી વ્યક્ત કરી હતી. ઘણા લોકોએ આ પહેલને ખેતી માટે જીવનદાતા ગણાવી હતી. આ પુરવઠાથી ખંભાળિયા અને કલ્યાણપુર તાલુકાના ૧૫થી વધુ ગામને ફાયદો થયો છે, જ્યાં નદીઓ, નહેરો, ચેકડેમ અને તળાવોમાં પાણી આવવાનું શરૂ થયું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ધારાસભ્ય મૂળુભાઈ બેરા અને સ્થાનિક નેતાઓ દ્વારા સિંચાઈ વિભાગને કરાયેલી રજૂઆતો બાદ પાણી છોડવાની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી હતી. જામનગરના ઉંડ જળ સિંચાઈ વિભાગના કાર્યકારી ઇજનેરએ જણાવ્યું હતું કે નર્મદાના પાણીને પહેલા આજી-૩ ડેમથી ઉંડ-૧ ડેમ સુધી પહોંચાડવામાં આવતું હતું, ત્યારબાદ તેને પીપરટોડા પંપ હાઉસ સુધી પમ્પ કરવામાં આવતું હતું અને અંતે પમ્પિંગ સ્ટેશનો દ્વારા વિંજલપર પહોંચાડવામાં આવતું હતું, જ્યાંથી તેને આસપાસના વિસ્તારોમાં વિતરણ કરવામાં આવતું હતું.

સમગ્ર કામગીરી દરમિયાન, દ્વારકા જિલ્લામાં લગભગ ૨૩૦ એમસીએફટી પાણી છોડવામાં આવ્યું છે, જેના કારણે અત્યાર સુધીમાં લગભગ ૬૦ ચેકડેમ અને તળાવો ભરાયાં છે. અધિકારીઓએ ઉમેર્યું કે બાકીના ચેકડેમ અને તળાવો ભરવાનું કામ હજુ પણ ચાલુ છે.

ખેડૂતો માને છે કે નર્મદાના પાણીનો પ્રવાહ ભૂગર્ભજળના સ્તરને રિચાર્જ કરશે, પશુધનને ટેકો આપશે અને આગામી ખેતીની મોસમ માટે પૂરતું પાણી મળી રહેશે. ■

# એપ્રિલ મહિનાથી જામનગર નવી મુંબઈ વચ્ચે રોજ એક ફ્લાઈટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતથી નવી મુંબઈ એરપોર્ટ વચ્ચે ઘણી કનેક્ટિવિટી વધી રહી છે. ભાવનગર, રાજકોટ, અમદાવાદ,સુરત, વડોદરા બાદ હવે સૌરાષ્ટ્રના જામનગર અને નવી મુંબઈ વચ્ચે પણ રોજની એક ફ્લાઈટ શરૂ થવાની છે.

ગુજરાતનું વધુ એક શહેર આવતા મહિને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સાથે જોડાયેલું હશે, કારણ કે ઇન્ડિગોએ આવતા મહિનાની ૨૩ તારીખથી જામનગર અને નવી મુંબઈ વચ્ચે દૈનિક સીધી ફ્લાઇટ્સ શરૂ કરવાની જાહેરાત કરી છે. ઈન્ડિગોના જણાવ્યા અનુસાર જામનગર છઠ્ઠુ શહેર છે, જ્યાં નવી મુંબઈથી ઈન્ડિગોની ફ્લાઈટ જશે.

એર કનેક્ટિવિટી વધતા વેપાર-ધંધા અને પર્યટન બન્નેને લાભ થશે. આ ફ્લાઇટ મુસાફરોને ઇન્ડિગોની ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ કનેક્ટિવિટીનો લાભ પણ આપશે. જામનગર ગુજરાતના મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રોમાંનું એક છે, જેમાં ઊર્જા, પેટ્રોકેમિકલ, બંદર અને ઉત્પાદન ક્ષેત્રોનું મુખ્ય યોગદાન છે. આ સાથે જામનગર બાંધણી, બ્રાસપાર્ટ ઉદ્યોગ માટે પણ જાણીતું છે. એર કનેક્ટિવિટી લોકોને સૌરાષ્ટ્રના વધુ એક શહેર સાથે જોડશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વાગડ ફોલ્ટલાઇનમાં ૩.૪ અને ૨.૭ની તીવ્રતાના ભૂકંપના ઝટકા નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભૂકંપ ઝોન-૬ (અત્યંત જોખમી) માં સમાવાયેલા સરહદી જિલ્લા કચ્છમાં ૨૦૦૧ના વિનાશક ધરતીકંપના ૨૬ વર્ષ બાદ પણ ભૂગર્ભીય હલચલ શાંત થવાનું નામ નથી લઈ રહી. શનિવારે રાત્રે વાગડ ફોલ્ટલાઇન પર ફરી બે આંચકા આવ્યા હતા.

મધ્યમ કક્ષાના આ બે કંપનો અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, ગત રાત્રે ૧૦ અને ૫૨ કલાકે દુધઇથી ૨૦ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતો ૩.૪ની તીવ્રતાનો આંચકો રિક્ટર સ્કેલ પર અંકિત થયાના થોડા કલાકો બાદ ભચાઉ નજીક ૨.૭ની તીવ્રતા વાળા ભૂકંપે ધરા ધ્રુજાવી દીધી હતી.

આ બંને આંચકાઓની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારોમાં વિશેષ અનુભવાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. રાત્રે ડરામણા અવાજ સાથે ધરતી ધ્રૂજવા લાગતાં લોકોમાં ભય પ્રસર્યો હોવાનું ભચાઉના સ્થાનિકોએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સદીઓથી કચ્છની અશાંત રહેલી ભૂમિને સતત ધ્રુજાવી રહેલા ધરતીકંપના આંચકાઓના કેન્દ્રબિંદુ વાગડ ફોલ્ટલાઇન, કચ્છ મેઇનલેન્ડ ફોલ્ટ આસપાસના જ રહ્યા છે જેમાં ભચાઉ, ફતેહગઢ, રાપર, કરમરીયા અને પ્રાચીન નગર ધોળાવીરાનો સમાવેશ થાય છે.

# ₹ ૧૮૩ કરોડના ડિજિટલ પોન્ઝી સ્કીમના કેસમાં ભરૂચમાંથી બે ભાગેડુની ધરપકડ

## કૌભાંડની રકમ તેમની ફર્મ્સ એકમો અને તેમની સાથે જોડાયેલી વ્યક્તિઓના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે(ઈડી)ની મુંબઈ ઝોનલ ઓફિસે ક્યુએફઓએન એપના માધ્યમથી ચલાવવામાં આવી રહેલી ૧૮૩ કરોડની એક બનાવટી ડિજિટલ પોન્ઝી સ્કીમના મામલે ગુજરાતના ભરૂચમાંથી બે લોકોની ધરપકડ કરી હતી. તેઓ ભારતમાંથી ભાગી ગયા પછી દુબઈથી વાયા નેપાળના રસ્તે ભારત પરત આવ્યા હતા. સુધીર દલસુખભાઈ કોટડિયા અને ઉમંગ શાંતિભાઈ કોટડિયાને પ્રીવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ ૧૧ માર્ચના દોર ધરપકડ કરવામાં આવી હતી. તેઓ ક્યુએફઓએન એપ લિમિટેડ અને અન્ય એસોસિયેટેડ એકમો દ્વારા ફ્રોડ કહેવાય તેવી ડિજિટલ ઇન્વેસ્ટમેન્ટ સ્કીમ (પોન્ઝી) સ્કીમ ચલાવતા હતા. મુંબઈની સ્પેશ્યલ પીએમએલએ કોર્ટે બંનેને ૨૦ માર્ચ સુધીમાં ઇડીની કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.

ઇડીનો દાવો હતો કે બંને પકડાયેલા આરોપીઓ ભાગી ગયા હતા અને તપાસ સતત ટાળી રહ્યા હતા. તેઓ દુબઈ ભાગી ગયા હતા અને પછી નેપાળના રૂટથી ભારત પરત આવ્યા હતા. ઇડીએ ઇન્ટેલિજન્સ આધારિત ટ્રેકિંગ પછી પકડ્યા હતા. બંને પર ગુજરાત અને મહારાષ્ટ્રના નિર્દોષ રોકાણકારો પાસેથી બેથી લઈને ૧૦.૫ ટકા વળતર આપી પોન્ઝી સ્કીમ ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

આ પોન્ઝી સ્કીમ અંગેની તપાસ ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મહારાષ્ટ્રના થાણે સ્થિત વર્તક નગરમાં નોંધાયેલી પોલીસ ફરિયાદના આધારે શરૂ થઈ હતી. આ ફરિયાદ આઈપીસી અને એમપીઆઈડીની વિવિધ કલમો હેઠળ સુધીર કોટડિયા, ઉમંગ કોટડિયા અને જયસુખ સાખરિયા તથા અન્ય લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. આ લોકો પર કથિત રીતે એક પોન્ઝી સ્કિમ ચલાવવાનો આરોપ છે. તેઓની સામે ભરૂચમાં પણ પોન્ઝી સ્કીમનો કેસ નોંધાયો હતો.

ઈડીના અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીઓએ ગુજરાત અને મહારાષ્ટ્રના રોકાણકારોને નિશાન બનાવ્યા હતા. તેમણે રોકાણકારોને ૨ ટકા થી ૧૦.૫ ટકા સુધીના અસામાન્ય રીતે ઊંચા માસિક વળતરનું વચન આપ્યું હતું. આ યોજનામાં દાવો કરવામાં આવ્યો હતો કે નફો ઓનલાઈન જાહેરાતો અને એપ-આધારિત ડિજિટલ પ્રવૃત્તિઓ દ્વારા રળી આપવામાં આવશે.

તપાસમાં જાણવા મળ્યું હતું કે તેઓ નવા રોકાણકારો પાસેથી મળતા નાણાનો ઉપયોગ જૂના રોકાણકારોને વળતર આપવા કરતા હતા. આ પ્રક્રિયામાં સારી એવી રકમ આરોપીઓ લઈ જતા હતા. કૌભાંડની રકમ તેમની ફર્મ્સ એકમો અને તેમની સાથે જોડાયેલી વ્યક્તિઓના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. થોડું ભંડોળ તો આંગડિયા દ્વારા રોકડેથી ટ્રાન્સફર કરવામાં આવ્યુ હતું. ઇડીના જણાવ્યા મુજબ આ કેસમાં કૌભાંડની રકમ રૂ.૧૮૩ કરોડ છે. ■

# ગુજરાતે ૧૧.30 લાખ શિશુ અને ૨૪ લાખ બાળકના સફળ રસીકરણનો રેકોર્ડ બનાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના સાર્વત્રિક રસીકરણ અભિયાન હેઠળ એપ્રિલથી ફેબ્રુઆરી (૨૦૨૫-૨૬) દરમિયાન રાજ્યમાં એક વર્ષ સુધીના ૧૧ લાખ ૩૦ હજારથી વધુ શીશુઓને સંપૂર્ણ રસીકરણ કવરેજ આપવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન, ૧૧ લાખ ૯૪ હજારથી વધુ બાળકોને બીસીજી રસી, ૧૧ લાખ ૫૯ હજાર બાળકોને પેન્ટાવેલેન્ટ (ડીપીટી-હેપેટાઇટિસ-બી-હિબ) રસી અને ૧૧ લાખ ૨૪ હજાર બાળકોને ઓરી-રુબેલા રસી આપવામાં આવી હતી, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. તેવી જ રીતે, શિક્ષણ અને આરોગ્ય વિભાગના સંકલનથી શાળા અને બાલવાટિકા આધારિત રસીકરણ અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ ૧૦ અને ૧૬ વર્ષના વિદ્યાર્થીઓને શાળાઓમાં રસી આપવામાં આવી, જ્યારે વર્ષ ૨૦૨૫માં ૫ વર્ષના બાળકોને બાલવાટિકાઓમાં ડીપીટીનો બીજો ડોઝ આપવામાં આવ્યો. આ બંને શ્રેણીઓમાં છેલ્લા એક વર્ષમાં ૨૪ લાખથી વધુ બાળકોનું સફળતાપૂર્વક રસીકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૨૦૦૭થી ગુજરાતની પોલિયો મુક્ત રાજ્યની સિદ્ધિને ટકાવી રાખવા માટે વર્ષ ૨૦૨૫માં પણ રાજ્ય સરકાર દ્વારા ૧૪ જિલ્લાઓમાં વિશેષ અભિયાન ચલાવીને ૦ થી ૫ વર્ષની વયના ૨૪.૬૫ લાખ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. ■

# રાજકોટના ઈન્ટર્ન ડોક્ટરના આપઘાત કેસમાં પાંચ એમબીબીએસ વિદ્યાર્થીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની એઈમ્સ હોસ્પિટલના ઈન્ટર્ન ડોક્ટર રતન મેઘવાલે રેલવે ટ્રેક પર પડતું મૂકી આપઘાત કર્યો હતો. આ કેસમાં પાંચ મેડિકલ વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી હતી. એમબીબીએસનો અભ્યાસ કરતા રતને પોતાની સ્યૂસાઈડ નોટમાં આ પાંચ વિદ્યાર્થી અને એક મહિલા મિત્રના કથિત માનસિક અને શારીરિક ત્રાસનો ઉલ્લેખ કર્યો હતો. મૃતકે અગાઉ બે વાર આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું પણ બહાર આવ્યું હતું. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર હાલ પોલીસે કોર્ટના આદેશ મુજબ પાંચ ઇન્ટર્ન ડોક્ટર્સને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અગાઉ રતને ૨૮મી જાન્યુઆરીએ પારાપીપળીયા ફાટક પાસે આપઘાત કરવાની કોશિશ કરી હતી. ગ્રામજનોએ તે સમયે તેને બચાવી લીધો હતો અને ત્યારબાદ તેનું કાઉન્સેલિંગ થયું હતું. જોકે તે પોતાને વતન રાજસ્થાન ચાલી ગયો હતો.

યુવક માનસિક રીતે અસ્વસ્થ હોવાનું બહાર આવ્યું હતું. હવે તેની સ્યૂસાઈડ નોટને આધારે પોલીસે કાર્યવાહી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રાજ્યના બે જિલ્લાને એક જ દિવસમાં ₹ ૧૧૦૦ કરોડનાં વિકાસકામોની ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પૂર્વ પટ્ટીના બે આદિવાસી જિલ્લા પંચમહાલ અને દાહોદમાં એક જ દિવસમાં રૂ. ૧૧૦૦ કરોડના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. મુખ્ય પ્રધાને પંચમહાલ જિલ્લામાં ૭૩૨ કરોડ રૂપિયાના ૧૧૨ કામ તથા દાહોદ જિલ્લામાં ૩૬૭ કરોડ રૂપિયાના ૧૨૦૦થી વધુ કામની ભેટ આદિજાતિ પરિવારોને આપી હતી.

મુખ્ય પ્રધાને પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબાના ૭૯ ગામોના ૧૩૦ તળાવમાં પાનમ જળાશયનું પાણી પહોંચાડવાની અંદાજે રૂ. ૪૦૬ કરોડની ઉદવહન સિંચાઈ પાઇપલાઇન યોજનાનું લોકાર્પણ કર્યું હતું.

આ યોજનાના પરિણામે અંદાજે ૮૬ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈની સુવિધા મળતી થશે. પાનમ જળાશયમાંથી આ હેતુસર ૨૩૬ ફૂટ ઊંચાઈથી પાણી લિફ્ટ કરીને ૨૦૫ કિલોમીટર લાંબી વિતરણ પાઇપલાઇન મારફતે વહેવડાવવામાં આવશે. ભૂપેન્દ્ર પટેલે પાણીને જ વિકાસનો મુખ્ય આધાર ગણવાતા આ અવસરે જણાવ્યું હતું કે રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી બેલ્ટમાં અત્યાર સુધીમાં રૂ. ૩૧૬૦ કરોડના ખર્ચે ૧૧ ઉદવાહન સિંચાઈ યોજનાથી ૨ લાખ ૨૩ હજાર એકર જમીનને સિંચાઈ સુવિધા પૂરી પાડવામાં આવી છે. રાજ્ય સરકારના આ વર્ષના ૪ લાખ કરોડ રૂપિયાના ઐતિહાસિક બજેટમાં પણ આદિવાસી વિસ્તારોમાં સિંચાઈની સગવડ આપવા ૪૮૫ કરોડ રૂપિયાની જોગવાઈ લિફ્ટ ઈરિગેશન માટે સુનિશ્ચિત કરી છે. ■

# મધ્યાહ્ન ભોજન યોજના માટે ગેસનો પુરવઠો સુનિશ્ચિત કરવા કલેક્ટરોને સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશભરમાં એલપીજી સિલિન્ડરોની અછત વચ્ચે, શાળામાં વિદ્યાર્થીઓ માટે ચલાવવામાં આવતી મધ્યાહ્ન ભોજન યોજના માટે રસોઈ ગેસનો પુરવઠો અવિરત રહે તે સુનિશ્ચિત કરવા માટે પીએમ પોષણ આયોગે એક પરિપત્ર બહાર પાડ્યો હતો. આ યોજના હેઠળ, રાજ્યભરની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં બાલવાટિકાથી ધોરણ આઠ સુધીના વિદ્યાર્થીઓને ભોજન પૂરું પાડવામાં આવે છે. અધિકારીઓને સાવચેતીનાં પગલાં લેવા સૂચના આપવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓને કોઈપણ વિક્ષેપ વિના ભોજન મળતું રહે.

મધ્યાહ્ન ભોજન યોજનાના કમિશનરે તમામ જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશનરોને ગેસ પુરવઠો પ્રાથમિકતાના ધોરણે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મધ્યાહ્ન ભોજન યોજના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (એનએફએસએ) ૨૦૧૩ હેઠળ આવે છે. તેથી બાલવાટિકાથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓને નિયમિત રીતે પૌષ્ટિક ભોજન પહોંચાડવું રાજ્ય સરકારની કાનૂની જવાબદારી ગણાય છે અને કોઈપણ સંજોગોમાં શાળાઓમાં રસોઈ બંધ ન થવી જોઈએ. રાજ્યની મોટાભાગની શાળાઓમાં ભોજન એલપીજી સિલિન્ડર પર બનાવવામાં આવે છે, જ્યારે કેટલીક જગ્યાએ સેન્ટ્રલાઈઝ્ડ કિચન મારફતે ભોજન તૈયાર થાય છે. ગેસ સપ્લાયમાં અડચણોને ધ્યાનમાં રાખીને ગેસ એજન્સીઓને પીએમ પોષણ કેન્દ્રોને અગ્રતા આપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

જિલ્લા પુરવઠા અધિકારીઓ અને મહાનગરપાલિકાના અધિકારીઓને ગેસ પુરવઠા પર સતત નજર રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે, જેથી ગેસની અછત છતાં વિદ્યાર્થીઓના પોષણ અને મધ્યાહ્ન ભોજન વ્યવસ્થામાં કોઈ ખલેલ ન પડે. ■

# નવા શૈક્ષણિક વર્ષથી ગુજરાતમાં નવી ૧૬ સરકારી કોલેજ ખૂલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના શિક્ષણ પ્રધાન ડો. પ્રદ્યુમન વાજાએ વિધાનસભામાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૬-૨૭થી રાજ્યમાં કુલ ૧૬ નવી સરકારી કોલેજ શરૂ કરવામાં આવશે અને ૮ હયાત કોલેજમાં નવા શૈક્ષણિક પ્રવાહો શરૂ કરવામાં આવશે, જેમાં રાણપુર ખાતે નવી કોલેજનો સમાવેશ થાય છે.

તેમણે વિવિધ યોજનાઓ અને ફાળવણીઓ અંગે માહિતી આપતા વધુમાં જણાવ્યું હતું કે ૫૦૦થી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧,૧૪૧ વ્યાયામ શિક્ષકની કાયમી નિમણૂક માટે નવી મંજૂરી આપવામાં આવી છે.

આ સાથે તેમણે અમદાવાદની એલ.ડી. ઈજનેરી કોલેજમાં રિસર્ચ પાર્ક અને નવા બોયઝ હોસ્ટેલ બ્લોક માટે કુલ ₹૧૦૨ કરોડની ફાળવણી, મોરબીની ઐતિહાસિક એલ.ઈ. કોલેજના હેરિટેજ રિસ્ટોરેશન અને સ્ટેટ ઓફ ધ આર્ટ લેબોરેટરી માટે ₹૩૫ કરોડની ખાસ જોગવાઈ, સરકારી કોલેજોમાં પ્લેગ્રાઉન્ડ વિકાસ અને ઇન્ડોર જીમ માટે ₹૪૦ કરોડ તથા વિદ્યાર્થીઓના કાઉન્સેલિંગ માટે ₹૪.૬૯ કરોડની નવી જોગવાઈ કરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ■

# વર્ષ ૨૦૨૬ની પ્રથમ લોકઅદાલતમાં ૫.૭૭ લાખથી વધુ પેન્ડિંગ કેસોનો સુખદ્ નિવેડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના સંયુક્ત ઉપક્રમે વર્ષ ૨૦૨૬ની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલતનું તા. ૧૪ માર્ચ ના રોજ સમગ્ર રાજ્યમાં આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત હાઇ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક જસ્ટિસ સુનિતા અગ્રવાલ તથા વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટિસ એ. વાય. કોગજેના સીધા માર્ગદર્શન હેઠળ આયોજિત આ લોક અદાલત પક્ષકારો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ હતી.

આ લોક અદાલતમાં મોટર અકસ્માત વળતર, દીવાની દાવાઓ, ચેક રિટર્ન, ફોજદારી સમાધાનપાત્ર કેસો, કૌટુંબિક ઝઘડાઓ અને ઔદ્યોગિક તકરારો જેવા વિવિધ પ્રકારના આશરે ૬,૬૭,૮૫૮ પેન્ડિંગ કેસો હાથ પર લેવામાં આવ્યા હતા. જેમાંથી પક્ષકારોના પરસ્પર સહકારથી ૫,૭૭,૫૭૯ કેસોનો સુખદ અંત આવ્યો હતો, જેમાં આશરે રૂ. ૩૦૯૩.૦૨ કરોડના વળતરના હુકમો કરવામાં આવ્યા હતા.

પ્રિ-લિટિગેશન અને પોસ્ટ-લિટિગેશન એમ બંને તબક્કાના કુલ ૧૩,૯૮,૭૮૭ કેસોનો નિકાલ કરીને કુલ રૂ. ૩૨૦૯.૮૦ કરોડના એવોર્ડ પસાર કરવામાં આવ્યા છે, જે રાજ્યની ન્યાયિક પ્રક્રિયામાં એક મોટી સિદ્ધિ ગણાય છે.

વિશેષમાં, રાજ્યના ૮,૨૧,૨૦૮ પ્રિ-લિટિગેશન કેસોમાં પણ પક્ષકારો વચ્ચે સમજૂતી સધાઈ હતી અને તેમાં રૂ. ૧૧૬.૭૮ કરોડના એવોર્ડ આપવામાં આવ્યા હતા. ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘન અંગેના ૬,૪૮,૩૭૫ ઈ-ચલણના કેસોના નિકાલ દ્વારા રૂ. ૫૦.૪૮ કરોડની દંડની રકમ વસૂલવામાં આવી છે. સામાજિક દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ એવા ૩૫૮૧ દામ્પત્ય જીવનના વિવાદોમાં પણ લોક અદાલતના માધ્યમથી સમાધાન થતા અનેક પરિવારો ફરી એક થયા છે.

નામદાર ચીફ જસ્ટિસ અને કારોબારી અધ્યક્ષના સતત પ્રયત્નો અને રાજ્યભરની અદાલતોમાં ગોઠવવામાં આવેલી અસરકારક મધ્યસ્થી વ્યવસ્થાને કારણે ૧૦ વર્ષથી વધુ સમયથી પડતર હોય તેવા ૭૬૪ જટિલ કેસોનો નિકાલ લાવવામાં સફળતા મળી હતી. આ ઉપરાંત, પૂર્વનિર્ધારિત ૬૬૫૫ ટાર્ગેટેડ કેસોમાં પણ સફળ ફેંસલો આવ્યો હતો. ■

# વાકોલા-બીકેસી એલિવેટેડ રોડ ખુલ્લો મુકાવાની ડેડલાઈન ફરી લંબાઈ

## સાંતાક્રુઝથી બીકેસીનું અંતર પાંચથી દસ મિનિટમાં કાપી શકાશે

મુંબઈ: મુંબઈમાં હાલ અનેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટના કામ ચાલી રહ્યા છે, જેમાં સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ પ્રોજેક્ટનો જ એક ભાગ ગણાતા વાકોલાથી બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી) એલિવેટેડ રોડ એક મહત્ત્વનો રોડ ગણાય છે. આ રોડ અગાઉ માર્ચ અંત સુધીમાં ખુલ્લો મુકવામાં આવશે એવી મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ જાહેરાત કરી હતી પણ અમુક ટેક્નિકલ કામ હજી બાકી હોવાથી તેને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં હજી વિલંબ થવાની શક્યતા છે.

એમએમઆરડીએના જણાવ્યા અનુસાર વાકાલો પરિસરમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પાસેના પુલ પર એક મહત્વનો ગર્ડર બેસાડવાનું કામ હજી બાકી છે. તે વિસ્તારનો રસ્તો વળાંકવાળો હોવાથી આ કામ બહુ સાવધાનીપૂર્વક કરવાનું પડવાનું છે. તેથી ટ્રાફિક બ્લોક લઈને આ પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેથી પ્રોજેક્ટનું બાકીનું કામ એપ્રિલ મહિનામાં ઢકેલવામાં આવ્યું છે.

વાકોલોથી બીકેસી દરમ્યાન ૧.૨ કિલોમીટર લંબાઈનો એલિવેટેડ રોડ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ માટે અંદાજે ૬.૪૫ કરોડ રૂપિયાનો ખર્ચ છે. આ રોડ પર બંને બાજુએ બે-બે લેન હશે. આ રોડ વાકોલા જંકશન, આંબેડકર ચોક, યુનિવર્સટી જંકશન અને બીકેસી જંકશન આ મહત્ત્વના સ્થળોને જોડશે, તેથી આ પરિસરમાં આવતા-જતા વાહનો માટે એક નવો પર્યાયી માર્ગ ઉપલબ્ધ થવાનો છે.

હાલ સાંતાક્રુઝથી બીકેસીનું અંતર કાપવા માટે ૩૦થી ૩૫ મિનિટનો સમય લાગે છે. આ એલિવેટેડ રોડ શરૂ થયા બાદ આ પ્રવાસ ફક્ત પાંચથી ૧૦ મિનિટમાં પૂરું કરી શકાશે. આ રોડ પર સિગ્નલરહિત હશે અને ટ્રાફિક મુક્ત હશે.

આ પ્રોજેક્ટને કારણે વાકોલા, આંબેડકર ચોક, યુનિવર્સિટી પરિસર અને બીકેસી જેવા મહત્ત્વના વિસ્તારમાં જવું સરળ થઈ રહેશે. તેમ જ વેસ્ટર્ન એક્સપ્રેસ પરથી દહિસર દિશા તરફ જતા વાહનોને પણ રોડનું એક્સિસ મળશે. તેથી પૂર્વ અને પશ્ચિમ ઉપનગર દરમ્યાન પ્રવાસ કરનારા વાહનો માટે આ રોડ મહત્ત્વનો સાબિત થશે. ■




**ભલે પધાર્યાં:** ગૂડી પડવાથી શરૂ થતી ચૈત્રી નવરાત્રિની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રવિવારે રજાના દિવસે ટ્રાફિક ઓછો હોવાને કારણે તાડદેવના એક મંડળે માતાજીની ભવ્ય પ્રતિમાને પંડાલ સુધી વાજતે-ગાજતે લઈ આવ્યા હતા. (અમય ખરાડે)

# સેક્સ્ટોર્શનથી કંટાળી કલ્યાણના રહેવાસીનો આપઘાત: ગુનો નોંધાયો

થાણે: મોર્ફ કરેલી વાંધાજનક તસવીરો સોશ્યલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી બ્લૅકમેઈલિંગ કરનારા સાયબર ઠગોથી કંટાળીને કલ્યાણના ૪૫ વર્ષના રહેવાસીએ આપઘાત કર્યો હતો. મોબાઈલ ફોન અને ઈ-મેઈલની તપાસ બાદ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ કલ્યાણ પૂર્વમાં રહેતા હેમંત દયાશંકર પાંડેએ ૭ જાન્યુઆરીએ નિવાસસ્થાને ગળાફાંસો ખાધો હતો. મોટી રકમ ટ્રાન્સફર કરવા માટે સાયબર ઠગ દ્વારા કરાતા દબાણને કારણે પાંડેએ જીવન ટૂંકાવ્યું હોવાનું તપાસમાં જણાયું હતું. આ પ્રકરણે પાંડેના મોટા ભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે અજાણ્યા શખસ દ્વારા પાંડેને ધમકી આપવામાં આવતી હતી. પાંડેની અશ્લીલ તસવીરો પોતાની પાસે હોવાનું કહીને શખસ ધમકાવતો હતો.

પાંડેના મોબાઈલ ફોનનું વિશ્લેષણ કરવામાં આવતાં સાયબર ઠગ બે લાખ રૂપિયાની માગણી સાથે દબાણ કરતો હોવાનું જણાયું હતું. આ માટે પાંડેએ પોતાના ભાઈ પાસેથી ૧.૬ લાખ રૂપિયા માગ્યા હતા.

પાંડેના ઈ-મેઈલની પણ તપાસ કરવામાં આવી હતી. તેને મોર્ફ કરેલી તસવીરો મેઈલથી મોકલવામાં આવી હોવાનું જણાયું હતું. મેઈલ મોકલનારે નાણાંની માગણી કરી હતી અને માગણી પૂરી ન કરે તો સોશ્યલ મીડિયા પર બદનામી કરવાની ધમકી આપી હતી, એવું પોલીસે જણાવ્યું હતું. એપ્રિલ, ૨૦૨૫થી જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન પાંડેએ ખાસ્સીએવી રકમ ટ્રાન્સફર કરી હતી. વારંવાર નાણાંની માગણીથી કંટાળીને પાંડેએ આપઘાત કર્યો હોવાનો દાવો તેના પરિવારજનોએ કર્યો હતો. આ પ્રકરણે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઇન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

## સંસ્થા સમાચાર

### ૧૧૩ વર્ષ જૂના 'જૈન પ્રકાશ'ના ઉત્કર્ષ કાજે ૧.૫૦ કરોડના ફંડથી હર્ષોલ્લાસ



ઓલ ઇન્ડિયા શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ મુંબઇ છેલ્લાં ૧૨૦ વર્ષથી કાર્યરત છે. તેમના મુખપત્ર જૈન પ્રકાશની વિમોચન વિધિ મીનળબેન રોહિતભાઇ શાહના વરદ્હસ્તે સંપન્ન થયેલ.

આ પ્રસંગે પૂ. આગમમુનિ મ. સા. આદિ તથા પૂ. હસ્મિતાજી મ. સ., પૂ. મીનાજી મ. સ. અને પૂ. શુભેચ્છાકુમારી મ. સ. આદિ તથા શ્રેષ્ઠિવર્યો ઉપસ્થિત હતા.

પૂ. ગુરુદેવે જણાવેલ કે આજના કાળમાં મેગેઝિને શરૂ કરવા સહેલા છે. ચલાવવા આકરા છે. સુખી સમાજે જવાબદારી સ્વીકારવી જોઇએ, કેમ કે જ્ઞાન દીવો છે અને જીવનને ઉર્ધ્વગામી બનાવનાર છે. શ્રી દશા શ્રીમાળી જૈન ભોજનાલય પૂ. સદ્ગુણાબેન, સી. યુ. શાહ, પ્રમોદાબેન કોટીચા, ચીમનભાઇ સાવલા, શશીકાંત બદાણી, શિવુભાઇ લાઠીયા, મનોજ અજમેરા, માલિનીબેન સંઘવી, મહેશ દોશી, પૂર્ણાબેન શેઠ, અમીશા વોરા વગેરે અનેક જ્ઞાનપ્રેમી દાતાઓના સહકારથી દોઢેક કરોડનું ફંડ થવા પામેલ. પૂર્વ તંત્રી ગુણવંત બરવાળીયા, ડો. રતનબેન છાડવા, મણીલાલ ગાલા અને ઝાલાવાડી માસિકના સંધ્યા શાહનું મોમેન્ટોથી તરલાબેન દોશીના હસ્તે અભિવાદન કરાયું હતું. અતિથિઓનું ટ્રસ્ટી હિરેન શાહ, સંજય શેઠ, અરવિંદ દેસાઇ, સંજય સંઘવી, મુકેશ કામદાર તેમ જ પારલાના યોગેન લાઠીયા, હર્ષદ ગાઠાણી વગેરેના હસ્તે સન્માન કરાયું હતું. પૂર્ણાબેન શેઠે જન્મભૂમિ પત્રની યાત્રા વર્ણવી જૈનોના યોગદાનને બિરદાવેલ.

આજીવન લવાજમ યોજનામાં પ્રથમ ૧૦૮ સભ્યો માટે ૫૦ ટકા ડિસ્કાઉન્ટ જ્યોત્સ્ના મહેશ દોશી તરફથી જાહેર કરાતાં ૨૫૦૦ રૂપિયામાં વહેલા તે પહેલાના ધોરણે આજીવન સભ્ય બની શકાશે. પારસ શેઠે ભક્તિ કરાવી હતી. જીવદયાનો ચડાવો પાર્થ જસાણી, સરોજબેન ચંદુભાઇ દોશીએ લીધેલ.

### પૂ. ધીરગુરુદેવનો વિહાર કાર્યક્રમ

પૂ. શ્રી ધીરગુરુદેવ તા. ૧૭ ને મંગળવારે સવારે ૭.૩૦ કલાકે હિંગવાલા મોટા ઉપાશ્રયેથી વિહાર કરી વિનુભાઇ લાખાણીના નિવાસે નીલકંઠ રીગાલીયા, પંતનગર પધાર્યા બાદ ૮થી ૯ કલાકે 'સમજો તો સુખ' વિષય પર વ્યાખ્યાન ત્યારબાદ નવકારશી રાખેલ છે. પૂ. ગુરુદેવ લોનાવાલા તરફ પધારશે.

# શૅર ટ્રેડિંગને નામે બોગસ કૉલ સેન્ટર ચલાવી એક કરોડ રૂપિયાની છેતરપિંડી: બે પકડાયા

થાણે: શૅર ટ્રેડિંગમાં આકર્ષક વળતરની લાલચ આપી અનેક લોકો પાસેથી એક કરોડથી વધુ રૂપિયા પડાવનારા બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કરી નવી મુંબઈ પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ શિવમ વિનોદકુમાર દુબે (૨૯) અને સુજિત માસીચરણ વારિમિકી (૩૦) તરીકે થઈ હતી. બન્ને આરોપી થાણે જિલ્લાના રહેવાસી છે. જોકે બન્ને જણ કૉલ સેન્ટર સાથે કઈ રીતે જોડાયેલા છે તે અંગે પોલીસે કોઈ ચોખવટ કરી નહોતી.

મળેલી માહિતીને આધારે પોલીસની ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ અને સાયબર યુનિટના અધિકારીઓએ ગુરુવારે કાર્યવાહી કરી હતી. રબાળે એમઆઈડીસી પોલીસની હદમાં આવેલા મ્હાપેના ઈન્ડસ્ટ્રિયલ એરિયામાંથી ઑપરેટ થતા કૉલ સેન્ટર પર રેઇડ કરવામાં આવી હતી.

પોલીસે રેઇડ કરી ત્યારે કૉલ સેન્ટરમાં બાવીસ યુવક-યુવતી કામ કરતાં હતાં, જે કમ્પ્યુટરનો ઉપયોગ કરીને વૉટ્સઍપ ચૅટ્સ અને ફોન કૉલ્સથી ગ્રાહકો સાથે સંપર્કમાં હતાં.

શૅર માર્કેટ રિસર્ટ કંપનીના નામ હેઠળ આ કૉલ સેન્ટર ચલાવવામાં આવતું હતું. કંપનીના કર્મચારીઓ ઈન્ટ્રાડે અને ઈક્વિટી સ્ટૉક ટ્રેડિંગમાં રોકાણની ઉત્તમ તકનો દાવો કરીને રોકાણકારોનો સંપર્ક સાધતા હતા.

કમ્પ્યુટર્સમાંથી રિકવર કરાયેલી ચૅટ્સ દર્શાવે છે કે આ કંપની મારફત શૅરબજારમાં રોકાણ કરવામાં આવે તો ઊંચું વળતર મળવાની ખાતરી રોકાણકારોને આપવામાં આવતી હતી. ઑપરેટર્સ દ્વારા આપવામાં બૅન્ક ખાતાઓમાં રોકાણકારોને નાણાં ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવતું હતું.

પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે લિંક મોકલાવીને રોકાણકારો સાથે એક કરોડ રૂપિયાથી વધુની કથિત છેતરપિંડી આચરાઈ હતી. કૉલ સેન્ટર દ્વારા રોકાણકારોને આપવામાં આવેલી લિંકની તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે એ બૅન્ક ખાતાંનો ઉપયોગ કરીને છેતરપિંડી કરવા બદલ દેશમાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં પાંચ સાયબર ફ્રોડના કેસ નોંધાયેલા છે. (પીટીઆઈ) ■

# લોક અદાલતમાં સિક્યોરિટી મૅનેજરના પરિવારને એક કરોડનું વળતર અપાયું

થાણે: માર્ગઅકસ્માતમાં ૨૦૨૪માં જીવ ગુમાવનારા આસિસ્ટન્ટ સિક્યોરિટી મૅનેજરના પરિવારને થાણેની લોક અદાલતે એક કરોડ રૂપિયાનું વળતર અપાવ્યું હતું.

પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ એસ. બી. અગ્રવાલે શનિવારે દાવેદારોને ચેક સુપરત કર્યો હતો.

અકસ્માતની ઘટના પચીસ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બની હતી. આનંદ રાજન નાડર તેની બાઈક પર ઘરેથી નીકળીને ભિવંડીના પડઘા વિસ્તારમાં આવેલા કામના સ્થળે જઈ રહ્યો હતો. માર્ગમાં પેટ્રોલ પમ્પમાંથી સ્પીડમાં નીકળેલા ટેમ્પોએ નાડરની બાઈકને ટક્કર મારી હતી.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા નાડરને ભિવંડીની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. નાડર એપ્રિલ, ૨૦૨૪માં આસિસ્ટન્ટ મૅનેજર (સિક્યોરિટી) તરીકે કંપનીમાં જોડાયો હતો. તે સમયે તેને વાર્ષિક ૧૧ લાખ રૂપિયાનું વેતન હતું.

ઘટનાને પગલે નાડરની પત્ની અને વાલીઓએ ટેમ્પોના માલિક અને વીમા કંપની સામે મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલમાં અરજી કરી હતી. લોક અદાલતે બન્ને પક્ષ વચ્ચે આપસમાં દાવાની પતાવટ કરી હતી. (પીટીઆઈ) ■

# રોડ રેજની ઘટનામાં યુવકની હત્યા: ટૅક્સી ડ્રાઈવર સહિત બેની ધરપકડ


મુંબઈ: મલાડમાં બનેલી રોડ રેજની ઘટનામાં બાઈકસવાર યુવકની કથિત હત્યા કરવામાં આવતાં પોલીસે ટૅક્સી ડ્રાઈવર સહિત બેની ધરપકડ કરી હતી.

બાંગુર નગર પોલીસે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ સત્યેન્દ્ર ગુપ્તા (૨૮) અને સુનીલ પાલ તરીકે થઈ હતી. ટૅક્સી ડ્રાઈવર સત્યેન્દ્ર ગુપ્તા સાથે થયેલી બોલાચાલીમાં બાઈકસવાર શરીક અન્સારી (૨૫) પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ મલાડ પશ્ચિમમાં ઓશિવરા મેટ્રો સ્ટેશન નીચે બની હતી. મલાડ પશ્ચિમમાં ડિજિટલ માર્કેટિંગ ફર્મમાં કામ કરતો અન્સારી બાઈક પર લિંક રોડથી અંધેરીની દિશામાં જઈ રહ્યો હતો ત્યારે ગુપ્તા તેની ટૅક્સીમાં બાઈકની પાછળ હતો.

કહેવાય છે કે ગુપ્તા અને અન્સારી મીઠ ચોકી જંક્શન નજીક પહોંચ્યા ત્યારે તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી. ગુસ્સામાં બન્નેએ પોતાનાં વાહન રસ્તાને કિનારે પાર્ક કર્યાં હતાં. પછી તેમની વચ્ચે ઝઘડો થયો હતો. ગુપ્તાની સાથે ટૅક્સીમાં તેનો મિત્ર પાલ પણ હતો. ઝઘડામાં આરોપીએ તીક્ષ્ણ હથિયારથી અન્સારી પર હુમલો કર્યો હતો. છાતી અને ગરદન પર ગંભીર ઇજાને કારણે અન્સારીને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.દરમિયાન બનાવની જાણ થતાં બાંગુર નગર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ■

# લાતુર-તુળજાપુર નૅશનલ હાઈવે પર ત્રણ વાહનનો ભયંકર અકસ્માત: ત્રણનાં મોત



ધારાશિવ: લાતુર-તુળજાપુર નૅશનલ હાઈવે પર ધારાશિવ નજીક થયેલા કાળજું કંપાવનારા અકસ્માતમાં ત્રણ જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે ચાર ગંભીર રીતે ઘવાયા હતા. વૅગનઆર કારને ટકરાયા પછી હવામાં ફંગોળાઈને સામેની દિશામાં જઈ ઊંધી વળેલી બોલેરો હોન્ડા સિટી સાથે ભટકાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ નૅશનલ હાઈવે પર કરજખેડા પાટી નજીક રવિવારની બપોરે અકસ્માતની ઘટના બની હતી. વાહનો એકબીજા સાથે એટલાં જોરથી ટકરાયાં હતાં કે ત્રણેય વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

કહેવાય છે કે બોલેરો કાર પૂરપાટ વેગે દોડતી હતી. કરજખેડા પાટી નજીક પહોંચેલી બોલેરો આગળ જઈ રહેલી વૅગનઆર કાર સાથે ટકરાઈ હતી. પછી બોલેરો ફંગોળાઈને ડિવાઈડર કુદાવી સામેની દિશામાં ઊંધી વળી ગઈ હતી. તે જ સમયે સામેની દિશામાંથી આવેલી હોન્ડા સિટી કાર બોલેરો સાથે ટકરાઈ હતી.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક રહેવાસીઓ મદદ માટે દોડી આવ્યા હતા. પોલીસ અને હાઈવે પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. કહેવાય છે કે વાહનોમાં હાજર લોકોને બહાર કાઢવામાં પોલીસે ખાસ્સી જહેમત ઉઠાવવી પડી હતી.

ઘટના જણે ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ચારને પહેલાં ધારાશિવની હૉસ્પિટલમાં અને પછી વધુ સારવાર માટે સોલાપુરની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

અકસ્માતને પગલે નૅશનલ હાઈવે પર વાહનવ્યવહારને અસર થઈ હતી. વાહનોની લાંબી લાઈન લાગતાં ટ્રાફિક જૅમ થઈ ગયો હતો.

ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તાને કિનારે ખસેડવામાં આવ્યા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ કરાયો હતો. ■

# દુકાનનું બોર્ડ મરાઠીને બદલે ગુજરાતીમાં: મનસેએ કાળો રંગ લગાડીને વિરોધ કર્યો




ભાયંદર: મીરા-ભાયંદરમાં ભાષા વિવાદ ફરી સામે આવ્યો છે. મીરા રોડ વિસ્તારમાં એક ખાદ્ય પદાર્થ વિક્રેતાએ મરાઠીને બદલે ગુજરાતીમાં દુકાનનું બોર્ડ લગાવ્યું હતું. આનાથી ગુસ્સે ભરાયેલા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકરોએ બોર્ડ પર કાળો રંગ લગાવીને વિરોધ કર્યો હતો.

મીરા-ભાયંદરમાં છેલ્લા કેટલાક સમયથી મરાઠી-બિન મરાઠી ભાષાઓના મુદ્દા પર વિવાદો થતા રહે છે. તેથી શહેરમાં શાંતિપૂર્ણ વાતાવરણ રહે તે માટે વહીવટીતંત્ર સતત પ્રયાસો કરી રહ્યું છે. દરમિયાન મીરા રોડના અમર પેલેસ વિસ્તારમાં ઈંડામાંથી બનેલી વાનગીઓ વેચતી દુકાનનું બોર્ડ 'સુરતી ઘોટાળા' ગુજરાતીમાં લખેલું છે. મનસેએ આ અંગે વાંધો ઉઠાવ્યો છે અને અધિકારીઓનો દાવો છે કે તેમણે મહાનગરપાલિકામાં ફરિયાદ પણ નોંધાવી છે.

શનિવારે મનસે મીરા-ભાયંદર શહેર પ્રમુખ સંદીપ રાણેએ સંબંધિત દુકાનના બોર્ડ પર કાળો રંગ લગાવ્યો હતો, અને આરોપ લગાવ્યો હતો કે વહીવટીતંત્ર કાર્યવાહી કરી રહ્યું નથી. તેમણે દુકાનદારને ભવિષ્યમાં દુકાનની નેમપ્લેટ મરાઠીમાં લગાવવાની ચેતવણી પણ આપી હતી.

સરકારે રાજ્યમાં દુકાનોના બોર્ડ મરાઠી ભાષામાં ફરજિયાત કરવાના નિર્ણય છતાં, તેનો અસરકારક રીતે અમલ થઈ રહ્યો નથી તેવી ટીકા કરવામાં આવી હતી. રાણેએ એવી પણ ચેતવણી આપી હતી કે વહીવટીતંત્રે મરાઠીના અપમાનના પ્રકારો પર ગંભીર ધ્યાન આપવું જોઈએ, નહીં તો મનસે આંદોલન શરૂ કરશે. ■

**લાડકી બહેનોને સરકાર તરફથી મોટું સરપ્રાઈઝ**

# લાભાર્થી મહિલાઓને સીધા ત્રણ હજાર રૂપિયા મળશે

મુંબઈ: રાજ્ય સરકારે એવા પરિવારોની મહિલાઓ માટે લાડકી બહેન યોજના શરૂ કરી છે જેમની આવક ૨.૫ લાખ રૂપિયાથી ઓછી છે. આ યોજના હેઠળ, લાભાર્થી મહિલાઓના બેંક ખાતામાં દર મહિને ૧.૫ હજાર રૂપિયા જમા કરવામાં આવે છે. આ યોજના મહિલાઓમાં ખૂબ જ લોકપ્રિય બની છે. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી લાડકી બહેનોને મળતા લાભોમાં અનિયમિતતા જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક મહિનામાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ હતી અને આ ચૂંટણીઓની આચારસંહિતાના કારણે, લાડકી બહેનોને પૈસા મેળવવામાં વિલંબ થતો જોવા મળ્યો હતો. આ દરમિયાન, મોટા સમાચાર આવ્યા છે.

એટલે કે, જાન્યુઆરી મહિના પછી આ યોજનાની મહિલા લાભાર્થીઓને આ યોજનાના પૈસા મળ્યા ન હતા. જોકે, સરકારે હવે એક મોટો નિર્ણય લીધો છે. તે મુજબ, લાભાર્થી મહિલાઓને ફેબ્રુઆરી અને માર્ચ એમ બે મહિનાના પૈસા એકસાથે મળશે. નવા નાણાકીય વર્ષની શરૂઆતમાં એટલે કે એપ્રિલના પહેલા અઠવાડિયામાં લાડકી બહેનોના ખાતામાં ત્રણ હજાર રૂપિયા જમા કરવામાં આવશે તેવા અહેવાલ છે.

દરમિયાન, આ યોજના માટે અપાત્ર હોય એવી ઘણી મહિલાઓએ આ યોજનાનો લાભ લીધો હતો, તેથી સરકારે આ યોજના માટે કેવાયસી ફરજિયાત બનાવ્યું હતું. સરકારે લાભાર્થી મહિલાઓને આ યોજના માટે કેવાયસી પૂર્ણ કરવા માટે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ની અંતિમ તારીખ આપી હતી, ત્યારબાદ જે મહિલાઓએ કેવાયસી કર્યું છે, પરંતુ તેમાં કેટલીક તકનીકી ભૂલો હતી, તેમને ભૂલ સુધારવા માટે હવે ૩૧ માર્ચની અંતિમ તારીખ આપવામાં આવી છે. ૩૧ માર્ચ પછી, જે મહિલાઓનું કેવાયસી પૂર્ણ થયું નથી, અથવા જે મહિલાઓ યોજના માટે અપાત્ર બની છે, તેમના હપ્તા બંધ થવાની સંભાવના છે. રાજ્યના બજેટમાં આ યોજના માટે નોંધપાત્ર જોગવાઈઓ કરવામાં આવી છે. ઉપરાંત, બજેટ રજૂ કરતી વખતે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે આ યોજના ક્યારેય બંધ થશે નહીં, તે ચાલુ રહેશે. ■

# મુંબઈના મેયરની કાર પરની લાલ-બ્લૂ લાઈટથી વિવાદ: છેવટે લાઈટ હટાવી દેવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે દેશમાંથી 'વીઆઈપી' સંસ્કૃતિને તિલાંજલી આપવા માટે સામાન્ય સરકારી વાહનો પર લાલ લાઈટ, નામના બોર્ડ અને ધ્વજ જેવા ચિહ્ન બેસાડવા પર નવ વર્ષ પહેલા પ્રતિબંધ મુક્યો હતો ત્યારે મુંબઈ મહાનગરપાલિકામાં ૪૪ વર્ષ બાદ સત્તા મેળવનારા ભાજપના મેયર રીતુ તાવડે દ્વારા જ આ નિયમનું ઉલ્લંઘન થતા ચોતરફથી ભાજપની ટીકા થતા ખુદ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મેયર રીતુ તાવડેના સમર્થનમાં આગળ આવીને સ્પષ્ટતા કરવાની નોબત આવી હતી.

મુંબઈના મેયરને મુંબઈ મહાનગરપાલિકા તરફથી ઉપલબ્ધ કરવામાં આવેલા સત્તાવાર વાહન પર લાલ અને બ્લુ કલરની લાઈટને લઈને ભારે વિવાદ થયો હતો અને મેયર રીતુ તાવડે ફરી એક વખત વિવાદનું કેન્દ્ર બની ગયા હતા. અગાઉ વીઆઈપીઓની કાર પર બેસાડવામાં આવતી લાલ લાઈટને હટાવીને વીઆઈપી કલ્ચર બંધ કરી દેવામાં આવ્યું હોવા છતાં મેયરને આપવામાં આવેલી નવી કારના બોનેટ પર લાલ અને બ્લુ કાર લાગેલી હોવાને મુદ્દે ભારે વિવાદ થતા ખુદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને સ્પષ્ટતા કરવી પડી હતી.

મુંબઈના મેયર રીતુ તાવડેને મહાનગરપાલિકા પ્રશાસન તરફથી નવી આપવામાં આવેલી કાર પર લાલ અને બ્લુ લાઈટ બેસાડવામાં આવતા વિવાદ નિર્માણ થયો હતો. આ બાબતે સોશ્યલ મિડિયા સહિત અખબારમાં અહેવાલ આવ્યા બાદ રાજકીય સ્તરે પણ મેયર અને ભાજપની ભારે ટીકા થઈ હતી. એ બાદ પાલિકા પ્રશાસને મેયર સહિત પાલિકા ઉચ્ચ પદાધિકારીઓના વાહન પરથી લાઈટ હટાવી દીધી હતી. તેમ જ આ સંદર્ભ પ્રશાસને પણ સ્પષ્ટતા કરી હતી.

કેન્દ્ર સરકારે સામાન્ય સરકારી વાહનો પર લાલ લાઈટ લગાડવા પર પ્રતિબંધ મુક્યો છે. જોકે ભાજપની સત્તા મુંબઈ મહાનગરપાલિકા પર આવતાની સાથે જ નિયમની ઐસીકી તૈસી કરીને મેયર સહિત તમામ પદાધિકારીઓના વાહનની આગળની બાજુએ બ્લુ અને લાલ લાઈટ બેસાડવામાં આવી હતી, તેના પર ભારે ટીકા થઈ હતી.

### ગાડી પર લાઈટ બેસાડવાને મુદ્દે નિયમ શું છે?

ભારત સરકારના ૧ મે, ૨૦૧૭ના ગેઝટ ઍક્ટ મુજબ સામાન્ય સરકારી વાહનો પર લાલ લાઈટ, નામનું બોર્ડ, ઝંડો અથવા કોઈ પણ અધિકાર દર્શાવનારા ચિહ્ન લગાડવા પર પ્રતિબંધ છે. ફકત ફાયરબ્રિગેડ, પોલીસ, સંરક્ષણ દળ, અધસૈનિક દળ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેવા આપનારાવાહનોને વિશેષ પરિસ્થિતિમાં લાલ, બ્લુ, સફેદ અને રંગબેરંગી લાઈટ લગાડવાની મંજૂરી છે. વાહન કાયદેસરના કામ માટે તહેનાત ના હોય તો તેમને લાઈટ બેસાડવાની છૂટ નથી. આ નિયમનું ઉલ્લંઘન થાય તો પ્રશાસન આકરી કાર્યવાહી કરી શકે છે.

### મેયરનો કોઈ વાંક નથી: ફડણવીસ

મેયરની ગાડી પરની લાઈટને મુદ્દે સોશ્યલ મિડિયા અને અખબારોમાં ભારે ટીકા થવાની સાથે જ ભાજપની પણ બદનામી થવાને ડરે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ખુદને મેયરની તરફેણમાં ઝુકાવવું પડયું હતું. પક્ષની બદનામીને ડરે મુખ્ય પ્રધાને મોડેથી સ્પષ્ટતા કરી હતી કે આમાં મેયરનો કોઈ દોષ નથી. કારણ વગર તેમને બદનામ કરવામાં આવી રહ્યા છે. તેમને નિયમોની જાણ છે. એમ પણ લાઈટ વાહનની છત પર નહીં પણ બોનેટ પર બેસાડવામાં આવી હતી.

# યુદ્ધની વિકરાળ જવાળા આખલાને દઝાડતી રહેશે ત્યાં સુધી માર્કેટને કળ વળવી મુશ્કેલ, નિફ્ટી માટે ૨૨,૯૦૦ની સપાટી ટકાવવી અત્યંત જરૂરી

શેર બજાર

નિલેશ વાઘેલા

મુંબઇઃ ઇરાન પર અમેરિકા અને ઇઝરાયલે કરેલા સંયુક્ત લશ્કરી હુમલાએ હવે વિકરાળ યુદ્ધનું સ્વરૂપ ધારણ કર્યું છે અને જ્યાં સુધી આ યુદ્ધને બ્રેક નહીં લાગે ત્યાં સુધી ઇક્વિટી માર્કેટમાં સ્થિરતા આવવી સંભવ નથી. વૈશ્વિકઅર્થતંત્રને સૌથી મોટો ફટકો ક્રૂડ ઓઇલના ઉકળતા ભાવને કારણે પડી રહ્યો છે. આ ઉપરાંત તેની સાઇડ ઇફેક્ટમાં રૂપિયાનું અવમૂલ્યન અને વિદેશી ભંડોળના સતત એક્ઝિટને કારણે બજારને વધુ ફટકો પડી રહ્યો છે.

આ બધાના પરિણામે, સેન્સેક્સ ૪,૩૫૪.૯૮ પોઈન્ટ અથવા ૫.૫૨ ટકા ઘટીને ૭૪,૫૬૩.૯૨ની સપાટી પર બંધ થયો, જ્યારે નિફ્ટી ૫૦ ૧,૨૯૯.૩૫ પોઈન્ટ અથવા ૫.૩૧ ટકા ઘટીને ૨૩,૧૫૧.૧૦ની સપાટી પર બંધ થયો, જે તાજેતરના વર્ષોમાં સૌથી અત્યંત તીવ્ર સાપ્તાહિક ઘટાડામાંનો એક છે. નોંધવું રહ્યું કે, પાછલા શુક્રવારે સેન્સેક્સ વધુ ૧૪૭૦ પોઇન્ટ તૂટ્યો હતો. પાછલા સત્રના છેલ્લા ત્રણ જ સત્રમાં સેન્સેક્સમાં લગભગ ૩૭૦૦ પોઇન્ટથી વધુ ધોવાણ થયું છે.

ઇરાન અને અમેરિકા વચ્ચેની અથડામણો વધુને વધુ તીવ્ર બની રહી હોવાથી ક્રૂડ ઓઇલના ભાવ ફરી વધીને બેરલદીઠ ૧૦૦ ડોલર આંબી ગયા છે. ઇરાને ટ્રમ્પને ચેતવણી આપી છે કે તે અમેરિકાના અર્થતંત્રને ભાંગી નાંખશે. આ ઉપરાંત ઇરાને ઇઝરાયલ પર ૧૫૦૦ મિસાઇલનો વરસાદ કરવાની તાજી ધમકી ઉચ્ચારી છે. આની સામે અમેરિકાએ ઇરાનને ખતમ કરી નાંખવાની ધમકી આપી છે, તે જોતાં યુદ્ધ વહેલું અટકવાની શક્યતા નથી. બોન્ડ યિલ્ડમાં વધારો અને રૂપિયાની નબળાઇ ઉપરાંત એફઆઇઆઇની એકધારી વેચવાલીએ પણ બજારનું માનસ ખરડી રહી છે.

ભારત માટે પોઝિટીવ ડેવલપમેન્ટમાં હોર્મુઝ સ્ટ્રેઇટથી ભારતનું એક ઓઇલ કન્ટેનર ભારત આવી પહોંચ્યું હોવાના અહેવાલ છે અને એલપીજીના અન્ય બે જહાજ પણ આવી રહ્યા છે. ઇરાને ભારતના જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાં પસાર થવાની પરવાનગી આપી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતે બંને દેશોના વિદેશ પ્રધાનો વચ્ચેની વાતચીત દરમિયાન ઈરાન સાથે દરિયાઈ શિપિંગ સલામતી અને ઊર્જા સુરક્ષા અંગે ચર્ચા કરી હતી. ઇરાન આ યુદ્ધકાળમાં ભારત અંગે સારો ભાવ ધરાવે છે એ રાહતની બાબત છે. સ્ટોક માર્કેટના નિષ્ણાતો અનુસાર વધતા ભૂરાજકીય જોખમો, ક્રૂડ ઓઇલના ભાવમાં સતત વધારો અને વિદેશી ભંડોળની એકધારી વેચવાલીને જોતા રોકાણકારોએ નજીકના ભવિષ્યમાં સાવધ અને શિસ્તબદ્ધ અભિગમ અપનાવવો જોઈએ. બજારની દિશા ગ્લોબલ ફ્યુઅલ માર્કેટમાં ઘટી રહેલી ઘટનાઓ અને પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ સાથે ગાઢ રીતે સંકળાયેલી રહેવાની શક્યતા છે.

અગ્રણી ટેક્નિકલ એનાલિસ્ટે સેન્સેક્સના આઉટલુક અંગે જણાવ્યું હતું કે બજારની વ્યાપક નબળાઈને કારણે ઇન્ડેક્સ પણ દબાણ હેઠળ રહ્યો છે અને હાલમાં ૭૪,૫૦૦-૭૪,૦૦૦ ઝોનમાં મહત્વપૂર્ણ સપોર્ટ લેવલ ચકાસી રહ્યો છે. ઉપરની દિશા તરફ, તાત્કાલિક પ્રતિકાર ૭૫,૬૦૦ની નજીક મૂકવામાં આવ્યો છે, જ્યાં તાજેતરમાં વેચાણનું દબાણ ઉભરી આવ્યું છે. જ્યારે હેવીવેઇટ શેરોની પસંદગીયુક્ત ભાગીદારી ઇન્ડેક્સને તૂટક તૂટક ટેકો પૂરો પાડી શકે છે, ત્યારે ચાલુ વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે બજારમાં વ્યાપક સાવચેતીનું માનસ રહે છે. સેન્સેક્સ માટે નજીકના ગાળાનો આઉટલુક નકારાત્મક પૂર્વગ્રહ સાથે નબળો રહે છે, રોકાણકારો વર્તમાન વાતાવરણમાં આક્રમક સ્થિતિને બદલે ઘટાડા પર પસંદગીયુક્ત સંચયને પસંદ કરે તેવી શક્યતા છે.

દરમિયાન, નિફ્ટીના આઉટલુક અંગે એક અન્ય ટેક્નિકલ નિષ્ણાતે જણાવ્યું હતું કે ઇન્ડેક્સ સતત ત્રીજા સપ્તાહે તીવ્ર ઘટાડો થયો હતો અને ૨૩,૧૫૧.૧૦ના સાપ્તાહિક નીચા સ્તરે સ્થિર થયો હતો, જે નજીકના ગાળાના ટેકનિકલ માળખામાં નોંધપાત્ર અધોગતિ દર્શાવે છે. તાત્કાલિક સપોર્ટ ૨૨,૯૦૦ના સ્તરની આસપાસ મૂકવામાં આવ્યો છે અને આ ઝોનનો ભંગ ૨૨,૫૦૦ સુધી ઘટાડાને લંબાવી શકે છે, ત્યારબાદ ૨૨,૦૦૦ની નજીક મોટો સપોર્ટ આવી શકે છે. ઉપરની દિશા તરફ, ૨૩,૮૦૦-૨૪,૩૦૦ રેન્જ મજબૂત પ્રતિકાર ઝોન તરીકે કાર્ય કરે તેવી શક્યતા છે અને બજારની સ્થિરતા માટે આ બેન્ડથી ઉપર સતત ચાલની જરૂર પડશે.

ભારતનું મૂડી બજાર હજુ પણ સ્થિતિસ્થાપક અને મજબૂત રહ્યું છે. આશરે રૂ. ૬૦૦૦ કરોડના એનએચએઆઇ સમર્થિત રાજમાર્ગ ઇન્ફ્રા ઇન્વેસ્ટમેન્ટ ઇન્વિટમેન્ટ (ઇન્વિટ) અંતર્ગત લગભગ રૂ. ૬૦,૦૦૦ કરોડનું સબસ્ક્રિપ્શન હાંસલ થયું છે, જેમાં ક્વિબ્સ હિસ્સો (એક્સ એન્કર) ૧૮.૭૮ ગણો અને એનઆઇઆઇ પોર્શન ૬.૬૦ ગણો સબસ્ક્રાઇબ થયો છે. શુક્રવારે સાંજે ૪:૧૦ વાગ્યા સુધીમાં પબ્લિક ઇશ્યૂના બંધ દિવસે કુલ સબ્સક્રીપ્શન ૧૩.૨૩ ગણું નોંધાયું છે.

ૠજીઃ ક્રોપ સાયન્સનો રૂ. ૪૦૦.૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ આજે ૧૬ માર્ચ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૮ માર્ચના રોજ બંધ થશે. શેરની ફાળવણી માટે ૨૦ માર્ચ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૨૪ માર્ચ નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૦૪થી રૂ. ૩૨૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૪૬ છે. સરકારી માલિકીની કંપની કોલ ઇન્ડિયાની શાખા કંપની કોલ સેન્ટ્રલ માઇન પ્લાનીંગ એન્ડ ડીઝાઇન ઇન્સ્ટિટ્યૂટ વીસમી માર્ચે આઇપીઓ લાવી રહી છે. સેંડેમેક મેકેન્ટ્રોનિક્સનો શેર બુધવારે બીએસઇ પર તેના રૂ. ૧૩૫૨ના ઇશ્યૂ ભાવ સામે ૧૧.૬૮ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૫૧૦ના ભાવે લિસ્ટેડ થયો હતો. નોંધવું રહ્યું કે પ્રાઇમરી માર્કેટમાં તાજેતરમાં ઘણા નવા ભરણાં ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હતા.

દરમિયાન, રિઝર્વ બેન્કે ઓપન માર્કેટ ઓપરેશન મારફત સરકારી જામીનગીરી, જી-સેકની ખરીદી મારફત બેન્કિંગ સિસ્ટમમાં રૂ. ૫૦,૦૦૦ કરોડની પ્રવાહિતા ઠાલવી છે. દરમિયાન, ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો વધીને ૩.૨૧ ટકા થયો, જે જાન્યુઆરીમાં ૨.૭૪ ટકા હતો. ગુરુવારે જાહેર કરાયેલ ગ્રાહક ભાવ સૂચકાંક અનુસાર, દેશમાં રીટેલ ફુગાવો ફેબ્રુઆરીમાં વધીને ૩.૨૧ ટકા થયો, જે અગાઉના મહિનામાં ૨.૭૪ ટકા હતો. ફુગાવાનો ડેટા ૨૦૨૪ના બેઝ યર સાથે નવી સીપીઆઇ શ્રેણી પર આધારિત છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઇઝેશન દ્વારા જાહેર કરાયેલા ડેટા દર્શાવે છે કે ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો ક્રમિક રીતે વધીને ૩.૪૭ ટકા થયો છે, જે જાન્યુઆરીમાં ૨.૧૩ ટકા હતો.

# ઈરાની યુદ્ધને કારણે તીવ્ર ધોવાણ છતાં, ભારત હજુ પણ એશિયાનું બીજું સૌથી મોંઘું બજાર !

મુંબઇઃ એફઆઇઆઇની એકધારી વેચવાલી માટે એક મહત્ત્વનું કારણ ઊંચા વેલ્યુએશન ગણવામાં આવે છે. જોકે, પશ્ચિમ એશિયાના સંકટને કારણે શેરબજારમાં નોંધાયેલા જોરદાર કડાકાએ ભારતનું મૂલ્યાંકન ટોચના સ્તરથી ઘટાડયું હોવા છતાં બજાર એશિયન સાથીઓમાં બીજા ક્રમનું સૌથી મોંઘુ બજાર રહ્યું છે.

શેરબજારના નિષ્ણાતો આને માટે પીઇ રેશિયોને માપદંઢ ગણાવી રહ્યું છે. ભારતનો નિફ્ટીનો પાછલા બાર મહિનાનો પ્રાઇસ યુ અર્નિંગ (પીઈ) રેશિયો બ્લૂમબર્ગ ડેટા મુજબ પાંચ વર્ષ અને ૧૦ વર્ષની સરેરાશ કરતા ઓછો છે. ભારતનો પીઇ રેશિયો ઇન્ડોનેશિયા, દક્ષિણ કોરિયા અને ચીન કરતા વધારે છે.

ફેબ્રુઆરીના અંતમાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી નિફ્ટી આઠ ટકાથી વધુ ઘટયો છે, જે મલેશિયા, ચીન, સિંગાપોર, હોંગકોંગ અને તાઇવાન જેવા દેશોમાં નોંધાયેલા એકથી છ ટકાના ઘટાડા કરતા વધુ તીવ્ર છે. જોકે, અન્ય નબળા પ્રદર્શન કરનારા દેશો પણ છે, જેમને ભારત કરતાં પણ નબળો દેખાવ કર્યો હતો. જાપાન, દક્ષિણ કોરિયા અને ઇન્ડોનેશિયામાં હેડલાઇન સૂચકાંકો આ જ સમયગાળા દરમિયાન ૯ -નવથી૧૩ ટકાની આસપાસ નીચે ઉતર્યા હતા.

બજાર નિષ્ણાતોના મતે ભારત ઘણા લાંબા સમયથી વૈશ્વિક મોરચે મોંઘું બજાર રહ્યું છે. પરંતુ, એકલ બિંદુથી, ઘણા લોકો હજુ પણ દેશના અંતર્ગત વિકાસને ધ્યાનમાં લેતા તેને વાજબી કહે છે. મોટાભાગના નિષ્ણાતો માને છે કે ભારતનું મૂલ્યાંકન હંમેશા તેજી અને મંદી બજારના દ્રશ્યોમાં વધારે રહ્યું છે.

ભારતીય બજારના પ્રીમિયમ ઐતિહાસિક રીતે જે રેન્જમાં રહ્યા છે તેના કરતાં નીચા સ્તરે છે. કોર્પોરેટ બેલેન્સ શીટ અને ભારતીય કંપનીઓના ઇક્વિટી પર વળતરની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને આ વાજબી છે. જો કે, ચિંતા એ છે કે જો યુદ્ધ લંબાય છે, તો કોર્પોરેટ કમાણી ઘટી શકે છે અને મૂલ્યાંકનને અલગ સંદર્ભમાં જોવું પડશે.

નિષ્ણાતો માને છે કે મૂલ્યાંકનને ચોક્કસ દેશમાં સામાન્ય વ્યાજ દરો અને હેડલાઇન ઇન્ડેક્સ દ્વારા રજૂ થતી કમાણી વૃદ્ધિના પ્રકાશમાં જોવું જોઈએ. આ પરિબળોને જોયા વિના આપણે ભારતના મૂલ્યાંકનની તુલના કોરિયા, ચીન અથવા યુએસ સાથે કરી શકતા નથી. જો કમાણી વૃદ્ધિ પકડે છે અથવા મજબૂત બને છે, તો મૂલ્યાંકન વધુ સારું રહેશે.

# દેશની ટોચની કંપનીઓના બજાર મૂલ્યમાંથી ૪.૪૮ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારતીય શેરબજારમાં તીવ્ર ઘટાડાને કારણે આ અઠવાડિયે દેશની ટોચની કંપનીઓના બજાર મૂલ્યમાંથી ૪.૪૮ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું હતું. એચડીએફસી બેંકના મૂલ્યાંકનમાં ૬૧,૭૧૫ કરોડ રૂપિયાનું નુકસાન નોંધાયું છે, જ્યારે રોકાણકારોના નબળા વલણને કારણે ઘણી અન્ય મોટી કંપનીઓમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

આ અઠવાડિયે શેરબજારમાં ભારે ઘટાડાને કારણે ભારતની ટોચની કંપનીઓના બજાર મૂલ્યમાં મોટો ઘટાડો થયો છે. દેશની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓના સંયુક્ત બજાર મૂડીમાં લગભગ રૂ. ૪.૪૮ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. આમાં સૌથી મોટી ખોટ એચડીએફસી બેંકની હતી, જેના બજાર મૂલ્યમાં સપ્તાહ દરમિયાન તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો.

આ ઘટાડો એટલા માટે આવ્યો કારણ કે વ્યાપક બજાર ભારે દબાણ હેઠળ રહ્યું અને રોકાણકારોએ અનેક ક્ષેત્રોના શેરોમાં વ્યાપક વેચવાલી કરી હતી. શેરબજાર માટે આ અઠવાડિયું ખાસ કરીને મુશ્કેલ હતું કારણ કે બેન્ચમાર્ક સૂચકાંકોમાં ભારે નુકસાન નોંધાયું હતું.

બીએસઇ સેન્સેક્સ ૪,૩૫૪.૯૮ પોઈન્ટ અથવા ૫.૫૧ ટકા ઘટ્યો હતો. તે જ સમયે, નિફ્ટી ૫૦ ૧,૨૯૯.૩૫ પોઈન્ટ અથવા ૫.૩૧ ટકા ઘટ્યો હતો. સપ્તાહ દરમિયાન ઘણા પરિબળોએ રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરી. ક્રૂડ ઓઇલના વધતા ભાવ, ફુગાવાની ચિંતા અને પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષને કારણે રોકાણકારો સાવધ બન્યા હતા.

આ અનિશ્ચતતાને કારણે, ઘણા રોકાણકારોએ શેર વેચવાનું અને સુરક્ષિત સંપત્તિ તરફ જવાનું પસંદ કર્યું હતું. મુખ્ય નુકસાનકર્તાઓમાં સપ્તાહ દરમિયાન એચડીએફસી બેંકનું બજાર મૂડીકરણ રૂ. ૬૧,૭૧૫.૩૨ કરોડ ઘટ્યું હતું. આ ઘટાડા પછી, બેંકનું કુલ મૂલ્યાંકન લગભગ રૂ. ૧૨.૫૭ લાખ કરોડ રહ્યું.

ટોચની કંપનીઓમાં જાહેર ક્ષેત્રની ધિરાણકર્તા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો. તેનું બજાર મૂલ્ય રૂ. ૮૯,૩૦૬.૨૨ કરોડ ઘટીને રૂ. ૯.૬૬ લાખ કરોડ થયું. નાણાકીય સેવા કંપની બજાજ ફાઇનાન્સને પણ ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો, તેનું મૂલ્યાંકન રૂ. ૫૯,૦૮૨.૪૯ કરોડ ઘટી ગયું.

અન્ય મોટી કંપનીઓને પણ ફટકો પડ્યો હતો. આ અઠવાડિયા દરમિયાન ઘણી અન્ય મોટી કંપનીઓના બજાર મૂલ્યમાં પણ ઘટાડો જોવા મળ્યો, જેમાં આઇટી જાયન્ટ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસનું મૂલ્યાંકન રૂ. ૫૩,૩૧૨.૫૨ કરોડ ઘટ્યું. આઇસીઆઇસીઆઇ બેંકનું બજાર મૂડીકરણ રૂ. ૪૨,૨૦૫.૦૪ કરોડ ઘટ્યું હતું.

જ્યારે ટેલિકોમ કંપની ભારતી એરટેલનું બજાર મૂડીકરણ રૂ. ૩૮,૬૮૮.૭૮ કરોડ ઘટ્યું. ઉર્જા ક્ષેત્રની અગ્રણી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું પણ મૂલ્યાંકન રૂ. ૩૩,૨૮૯.૮૮ કરોડ ઘટ્યું, જોકે તે ભારતમાં સૌથી મૂલ્યવાન કંપની રહી. સપ્તાહ દરમિયાન ભારતીય જીવન વીમા નિગમ, ઇન્ફોસિસ અને હિન્દુસ્તાન યુનિલિવરનું બજાર મૂલ્ય પણ ઘટ્યું હતું.

# ફેસબુક અને ઇન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટામાં ૧૫,૦૦૦ કર્મચારીઓની છટણીની તૈયારીમાં?

મુંબઇઃ એઆઇનો ખર્ચ મોંઘો પડતા ફેસબુક અને ઇન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટા ફરી એકવાર મોટા પાયે છટણીની તૈયારીમાં હોવાના અહેવાલ પ્રસરી રહ્યા છે. રોઇટર્સના રિપોર્ટ અનુસાર, કંપની તેના વૈશ્વિક કર્મચારીઓમાંથી ૨૦ ટકા કર્મચારીઓને બહારનો રસ્તો બતાવી શકે છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં મેટા પાસે લગભગ ૭૯,૦૦૦ કર્મચારીઓ હતા, આ હિસાબે લગભગ ૧૫,૦૦૦થી વધુ લોકોની નોકરી જઈ શકે છે.

કંપની આ પગલું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર વધી રહેલા અબજો ડોલરના ખર્ચ અને ડેટા સેન્ટર્સના ખર્ચને મેનેજ કરવા માટે ઉઠાવી રહી છે. જોકે, મેટાના પ્રવક્તા એન્ડી સ્ટોને આ સમાચારોને કાલ્પનિક ગણાવીને હાલમાં કોઈપણ છટણીનો ઇનકાર કર્યો છે. જોકે, અહેવાલો અનુસાર, મેટાએ તેની સુપરઇન્ટેલિજન્સ લેબ્સ માં નવી પ્રતિભાઓ લાવવા માટે ભારે રોકાણ કર્યું છે. કંપનીએ તાજેતરમાં એલેક્ઝાન્ડર વાંગના સ્ટાર્ટઅપ સ્કેલ એઆઇને ૧૪.૫ બિલિયન ડોલર (લગભગ ૧.૨૧ લાખ કરોડ રૂપિયા)માં ખરીદ્યું છે.

આ ઉપરાંત, મેટાએ ૨૦૨૮ સુધીમાં એઆઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર ૬૦૦ બિલિયન ડોલર (લગભગ ૫૦ લાખ કરોડ રૂપિયા) ખર્ચ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ ભારે ખર્ચને પહોંચી વળવા માટે કંપની કર્મચારીઓની સંખ્યા ઘટાડવાનું વિચારી રહી છે.

ઝકરબર્ગે આ વર્ષે જાન્યુઆરીમાં કહ્યું હતું કે જે પ્રોજેક્ટ્સ પહેલા મોટી ટીમો દ્વારા પૂરા કરવામાં આવતા હતા, તે હવે એઆઈની મદદથી એક સિંગલ ટેલેન્ટેડ વ્યક્તિ દ્વારા પૂરા કરી શકાય છે. મેટાની અત્યાર સુધીની સૌથી મોટી છટણી થઈ શકે છે. જો કંપની ૨૦ ટકા કર્મચારીઓને છૂટા કરે છે, તો તે મેટાના ઇતિહાસની સૌથી મોટી છટણી હશે. આ પહેલા નવેમ્બર ૨૦૨૨માં કંપનીએ ૧૧,૦૦૦ લોકોને છૂટા કર્યા હતા. તેના બરાબર ચાર મહિના પછી માર્ચ ૨૦૨૩માં ૧૦,૦૦૦ વધુ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા.

# સ્ટીલ ઉદ્યોગને બમણા ફટકાની ચિંતા

મુંબઈ : અખાતી દેશોના માર્ગને અવોધી રહેલા યુદ્ધને કારણે ભારતના સ્ટીલ ઉદ્યોગને બમણો માર પડવાની ચિંતા સતાવી રહી છે. કાચા માલની કિંમતમાં વધારા ઉપરાંત સસ્તા સ્ટીલનું ડમ્પિંગ તોળાઈ રહ્યું છે. અખાતના દેશોમાં ડિલિવરી માટે રવાના થયેલા જાપાન, ચીન તથા એશિયનદેશોના સસ્તા સ્ટીલ હાલમાં મધદરિયે અટવાયેલા છે.

અખાતી દેશો તરફ જહાજોની અવરજવર અટકી પડી છે ત્યારે આ સ્ટીલ ભારતમાં ઠલવાવાની સ્થાનિક ઉદ્યોગને ચિંતા સતાવી રહી છે. ઉપલબ્ધ માહિતી પ્રમાણે યુદ્ધને કારણે સ્ટીલના કાચા માલના ભાવમાં પાંચ ટકા વધારો થયો છે એટલુ જ નહીં સસ્તુ સ્ટીલ દેશની બજારો તરફ વળી શકે છે.

એક અંદાજ પ્રમાણે આશરે ૧૫ લાખ ટન જેટલું સ્ટીલ દરિયામાં અટવાયેલું છે અને સ્ટીલના નિકાસકાર દેશો તેની માટે વૈકલ્પિક બજારની શોધમાં છે. ચીન તથા જાપાનના નિકાસકારો દ્વારા ભારતના ટ્રેડરોનો સંપર્ક કરવામાં આવી રહ્યો હોવાનું બજારના વર્તુળોએ જણાવ્યું હતું. સ્ટીલ ક્ષેત્ર માટે લાઈમસ્ટોનની ઉપલબ્ધતા એક મોટી ચિંતા છે. ભારતનું સ્ટીલ ક્ષેત્ર તેની લાઈમસ્ટોન (ચૂના)ની આવશ્યકતામાંથી ૭૫થી ૮૦ ટકા જરૂરિયાત અખાત વિસ્તારમાંથી પૂરી કરે છે. ભારતની લાઈમસ્ટોનની વાર્ષિક આયાત ૩.૧૦ કરોડ ટન જેટલી છે. જે મોટેભાગે ઓમાન તથા યુએઈ ખાતેથી મેળવવામાં આવે છે.

# એફઆઈઆઈએ રૂપિયા એક લાખ કરોડથી વધુ ઘરભેગા કર્યા

મુંબઈ : એફઆઈઆઈએ વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં ભારતીય શેરબજારમાં વેચવાલી કરીને રૂપિયા એક લાખ કરોડથી વધુ ઘરભેગા કર્યા છે. માર્ચના પ્રથમ પખવાડિયામાં યુદ્ધ વચ્ચે એફઆઈઆઈની ભારતીય ઈક્વિટીસ કેશમાં રૂપિયા ૫૬૮૮૩.૨૨ કરોડની નેટ વેચવાલી રહી છે. વિદેશી રોકાણકારો વેચવાલીની દ્રષ્ટિએ વર્તમાન વર્ષનો માર્ચ સૌથી ખરાબ મહિનો રહ્યો છે, જેમાં ૧૩ માર્ચના રોજ રૂપિયા ૧૦૭૧૬.૬૪ કરોડની આવેલી નેટ વેચવાલી ૨૦૨૬ની સૌથી મોટી એક દિવસીય વેચવાલી હતી એમ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના ડેટા જણાવે છે. ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે વિદેશી રોકાણકારોની મોટી પીછેહઠ જોવા મળી રહી છે. વિદેશી રોકાણકારોની વેચવાલી સામે ઘરેલું સંસ્થાકીય રોકાણકારો વર્તમાન મહિનામાં ઈક્વિટી કેશમાં રૂપિયા ૭૦૫૨૬.૭૦ કરોડના નેટ લેવાલ રહ્યા છે.

# અપેક્ષા કરતાં ઓછી બોલીને પગલે આઇડીબીઆઇ બેંકની ડિસઇન્વેસ્ટમેન્ટ યોજનાને બ્રેક

મુંબઇઃ સરકારની વ્યાપક ડિસઇન્વેસ્ટમેન્ટ યોજનાઓને ઝટકો આપતા, આઇડીબીઆઇ બેંકમાં સરકારના હિસ્સાનું વેચાણ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા મગાવવામાં આવેલી લઘુત્તમ કિંમત કરતાં ઓછી બોલી લાગતાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું બ્લૂમબર્ગના અહેવાલમાં જણાવાયું છે. મુંબઈ સ્થિત મુખ્ય મથક ધરાવતી બેંકમાં સરકારનો હિસ્સો ૪૫.૪૮ ટકા છે, જ્યારે ભારતીય જીવન વીમા નિગમ (એલઆઇસી) ૪૯.૨૪ ટકા ધરાવે છે. આનાથી તેમની સંયુક્ત માલિકી ૯૪.૭૨ ટકા થાય છે. કેન્દ્ર સરકાર અને એલઆઇસી તેમના સંયુક્ત હિસ્સાના લગભગ ૬૦.૭૨ ટકા વેચાણની પ્રક્રિયામાં હતા. વર્તમાન બજાર ભાવ મુજબ, આ રકમ લગભગ ૬.૫ અબજ ડોલર જેવી થાય છે. પ્રસ્તાવિત હિસ્સો ખરીદવા માટે ફક્ત બે બોલી લગાવનારાઓ જ મેદાનમાં હતા, જેમાં અબજોપતિ રોકાણકાર પ્રેમ વત્સાની માલિકીની હોલ્ડિંગ કંપની ફેરફેક્સ અને અમીરાત એનબીડીવનો સમાવેશ હતો. સરકારની વિવિધ પ્રસ્તાવિત ડિસઇન્વેસ્ટમેન્ટ યોજનાઓમાં આઇડીબીઆઇ બેંકનું વેચાણ પણ સામેલ હતું, જેમાં અત્યાર સુધી ફક્ત એર ઇન્ડિયા જ સફળ થઈ છે. જ્યારે કેન્દ્ર શિપિંગ કોર્પોરેશન, બીઇએમએલ (અગાઉની ભારત અર્થ મૂવર્સ લિમિટેડ) અને ભારત પેટ્રોલિયમનું ખાનગીકરણ કરવા માગતું હતું, ત્યારે આ મોરચે કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. તાજેતરમાં સુધી ફક્ત આઇડીબીઆઇનો જ હિસ્સો વેચવાની યોજના આગળ વધી રહી હતી. જ્યારે આ યોજના હવે મુલતવી રાખવામાં આવી છે, ત્યારે આઇડીબીઆઇ બેંકની ડિસઇન્વેસ્ટમેન્ટ પ્રક્રિયાને સત્તાવાર રીતે બાજુ પર રાખવા માટે કેબિનેટની મંજૂરીની જરૂર પડશે.

આ ઘટના સરકાર માટે એક આંચકો હતો, જેણે આગામી નાણાકીય વર્ષમાં ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા રૂ. ૮૦,૦૦૦ મેળવવાની યોજના બનાવી છે. ૨૦૨૨માં, સરકારી માલિકીની એરલાઇન એર ઇન્ડિયાને ટાટા ગ્રુપને ૧૮,૦૦૦ કરોડ રૂપિયામાં વેચી દેવામાં આવી હતી. આ એકમાત્ર એવો કિસ્સો છે જ્યારે મોદી સરકાર તેની જાહેર ક્ષેત્રની એક કંપનીનું ખાનગીકરણ કરવામાં સફળ રહી છે.

# સેન્સેક્સમાં ૪૩૫૫ પોઇન્ટ અથવા તો ૫.૫૨ ટકાનું સાપ્તાહિક ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિથિ તરફથી)

મુંબઇઃ શેરબજારના રોકાણકારો માટે વિતેલું સપ્તાહ ખૂબ જ નુકસાનકારક રહ્યું હતું. પાછલા સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન એકમાત્ર પાવર સિવાય બધા જ ઈન્ડેક્સ ઘટ્યા હતા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ.૪૧,૦૮૨.૪૧ કરોડની નેટ વેચવાલી નોંધાઇ હતી.

શુક્રવાર તા. ૧૩ માર્ચ, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૭૮,૯૧૮.૯૦ના બંધથી ૪,૩૫૪.૯૮ પોઈન્ટ્સ (૫.૫૨ ટકા) ઘટ્યો હતો.

સોમવાર, ૯ માર્ચના રોજ સેન્સેક્સ ૭૭,૦૫૬.૭૫ ખૂલી મંગળવારે ઉપરમાં ૭૮,૫૨૬.૨૫ સુધી, જ્યારે શુક્રવાર, ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ નીચામાં ૭૪,૪૫૪.૬૦ સુધી જઈ ૭૪,૫૬૩.૯૨ બંધ રહ્યો હતો.

એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ.૪૨૯.૮૨ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ.૪૪૯.૬૮ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૧૯.૮૬ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૫.૨૧ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૫.૦૬ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૪.૮૭ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર પાવર ઈન્ડેક્સ ૦.૭૩ ટકા વધ્યો હતો જ્યારે અન્ય બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં ઓટો ૯.૯૫ ટકા, પીએસયુ બેન્ક ૭.૧ ટકા, બેન્કેક્સ ૬.૯૭ ટકા, મેટલ ૫.૮૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૪.૬૧ ટકા, પીએસયુ ૪.૩૫ ટકા, રિયલ્ટી ૪.૩૨ ટકા, કેપિટલ ગુડ્સ ૪.૨૫ ટકા, ટેક ૩.૯૬ ટકા, એફએમસીજી ૩.૮૬ ટકા, આઈટી ૩.૬૫ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૩.૧૫ ટકા અને હેલ્થકેર ૧.૭૭ ટકા ઘટ્યા હતા.

એસએમઈ આઈપીઓ ૩.૬૬ ટકા અને બીએસઈ આઈપીઓ ૨.૧૧ ટકા ઘટ્યા હતા. બીએસઈ ૧૦૦ ઇન્ડેક્સમાં ૧૦ કંપનીઓ વધી અને ૯૦ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૨૦૦માં ૨૩ કંપનીઓ વધી અને ૧૭૭ કંપનીઓ ઘટી. બીએસઈ ૩૦માં બે કંપનીઓ વધી અને ૨૮ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૭૯ કંપનીઓ વધી, ૪૨૧ કંપનીઓ ઘટી હતી.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦માંથી માત્ર બે સ્ક્રિપ વધી હતી, જેમાં એનટીપીસી ૧.૦૪ ટકા અને પાવર ગ્રીડ ૦.૫૦ ટકા વધી હતી અને સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપમાં લાર્સન એન્ડ ટુબ્રો ૧૪.૭૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧૩.૦૧ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧૨.૯૬ ટકા, મારુતિ ૧૨.૪૦ ટકા અને બજાજ ફાઈનાન્સ ૧૧.૧૦ ટકા ઘટ્યો હતો.

વિદેશી સંસ્થાગત રોકાણકારોએ રૂ. ૭૭,૫૨૪.૮૯ કરોડની ખરીદી સામે રૂ. ૧,૧૮,૬૦૭.૩૦ કરોડનું વેચાણ કર્યું, જેથી રૂ. ૪૧,૦૮૨.૪૧ કરોડની નેટ વેચવાલી નોંધાઈ હતી. ગ્રુપ અનુસાર વધઘટમાં 'એ' ગ્રુપની ૭૨૬ કંપનીઓમાંથી ૧૨૮ વધી, ૫૯૮ ઘટી હતી. 'બી' ગ્રુપની ૧૫૬૬ કંપનીઓમાંથી ૨૭૦ વધી, ૧,૨૯૧ ઘટી અને ૫ યથાવત્ રહી હતી.

સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૧૮ કંપનીઓને નીચલી તેમ જ ૧૪ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી. બીએસઈ અને એનએસઈ પર સંયુક્ત રીતે સ્થાનિક સંસ્થાગત રોકાણકારોએ રૂ. ૧,૧૬,૬૪૨.૮૯ કરોડની ખરીદી અને રૂ. ૭૧,૯૩૧.૬૦ કરોડનું વેચાણ કર્યું, જેના પરિણામે રૂ. ૪૪,૭૧૧.૨૯ કરોડની નેટ ખરીદી નોંધાઈ હતી.

દરમિયાન ૬ માર્ચના સમાપ્ત થયેલા સપ્તાહમાં દેશના ફોરેક્સ રિઝર્વમાં એક વર્ષનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. ફોરેક્સ રિઝર્વમાં એકજ સપ્તાહમાં ૧૧.૬૮ અબજ ડોલરનો ઘટાડો થઈ ૭૧૬.૮૧ અબજ ડોલર પર આવી ગયું છે. યુદ્ધની સ્થિતિમાં ડોલર સામે રૂપિયાની નવી નીચી સપાટીને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ફોરેક્સ બજારમાં કરાયેલી દરમિયાનગીરીને પરિણામે જંગી ઘટાડો જોવા મળ્યો છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ

ઈ-ટેન્ડર નોટીસ

| | | |
|---|---|---|
| વિભાગ | | ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (ભાંડુપ કોમ્પલેક્સ) |
| બીડ આમંત્રણ નં. | | ૨૦૨૬_MCGM_૧૨૮૬૧૨૨_૧ |
| વિષય | | તુલસી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભાંડુપ કોમ્પ્લેક્ષ ખાતે સંલગ્ન કામો સાથે વિવિધ કદના સ્લુઈસ વાલ્વ, બટરફલાય વાલ્વ અને ફિલ્ટર આઉટલેટ વાલ્વની પ્રેસ પ્લેટ્સનું ઓવરહોલિંગ અને સર્વિસિંગ. |
| બીડનું વેચાણ | | તારીખઃ ૧૬.૦૩.૨૦૨૬ ૧૧.૦૦ કલાકથી<br>તારીખઃ ૦૨.૦૪.૨૦૨૬ ૧૬.૦૦ કલાક સુધી |
| વેબસાઈટ | | http://portal.mcgm.gov.in & https://mahatenders.gov.in |
| સંપર્ક ઓફિસર | | આસીસ્ટન્ટ એન્જિનિયર (તુલસી WTP) B.C. |
| A) | નામ | શ્રી. પી. એમ. ધવને (મો. નં. - ૯૨૨૦૮૧૫૩૮૫) |
| B) | ઈ-મેલ સરનામું | aetulsibc01.he@mcgm.gov.in<br>eetcwbc.he@mcgm.gov.in |

સહી/-
એક્ષિક્યૂટિવ એન્જિનિયર (T.C.W.)
ભાંડુપ કોમ્પ્લેક્સ (i/c)

PRO/3291/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

## પ્રેમાળ સ્મૃતિમાં



**શ્રીમતી પ્રવિણાબેન સુરેશભાઈ દલાલ**

સ્વર્ગારોહણ ૧૪ માર્ચ, ૨૦૨૬

એક પ્રેમાળ વ્યક્તિ અને શુદ્ધ આત્મા,
અમારા પરિવારોની પથદર્શક રોશની.
આપની ઉદારતા અને સૌમ્યતા સદૈવ
ધબકશે અમારાં હૃદયમાં.

**પ્રાર્થના સભા:** ૧૭.૩.૨૦૨૬
બ્લ્યુ સી, વર્લી સી ફેસ
**સાંજે:** ૫ થી ૭

જય-અમ્રિતા દલાલ તથા બીના-મહેશ કામદારનાં માતા
અભિષેક દલાલના દાદી, અલ્પના-પ્રણવ મહેતા તથા માનોશી-મહેક કોઠારીનાં નાની
સ્વ. અરવિંદ દલાલ, સ્વ.રમેશ અને નલિની દલાલ, સ્વ.અનિલ અને સ્વ.કાલિન્દી દલાલ, સ્વ. રવીન્દ્ર દલાલ અને પૂર્ણિમા દલાલના ભાભી
નીતા-મુકેશ અંબાણી, ગિરા-મિલન મહેતા, મમતા દલાલ, સોનાલી-લછમન મુલચંદાનીનાં કાકી, સમીર-મીનલ સાટાનાં મામી

**શોકગ્રસ્ત**
સુંદરલાલ દલાલ પરિવાર
ડૉ.ચંદ્રમુખ શ્રોફ પરિવાર

ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન



**જશવંતભાઈ નાનાલાલ સંઘવી**

લીંબડી નિવાસી હાલ સાયન, (ઉ.વ. ૮૩) તા. ૧૪-૦૩-૨૬ શનિવાર ના નવકાર મંત્ર સ્મરણ કરતા અરિહંતશરણ પામેલ છે

માતા- પિતા: સ્વ. કસ્તુરીબેન નાનાલાલ સંઘવી
ધર્મપત્નિ: સરોજબેન
પુત્ર- પુત્રવધુ: વિપુલ – મનીષા, વિશાલ – મમતા,
પુત્રી-જમાઈ: નીપા – કૌશિક કુમાર
ભાઈ-ભાભી: સ્વ.વસંતભાઈ તથા સ્વ. જયાબેન
બેન- બનેવી: મધુબેન છબીલદાસ દોશી, સ્વ. ચંદ્રાબેન રજનીકાંત શાહ, સ્વ. લતાબેન હિંમતલાલ ગાંધી, સુધાબેન વિનુભાઈ બારભાયા, સુરેખાબેન રાજુભાઈ શાહ, સ્મિતાબેન નરેન્દ્રભાઈ શાહ
સાસુ- સસરા: સ્વ. હિંમતલાલ વલમભાઈ દોશી
વેવાઈ: શ્રી મહાસુખલાલ મણિલાલ શાહ, સ્વ. શ્રી દિનેશભાઈ ફુલચંદ ગાંધી, શ્રી ચંદ્રકાંતભાઈ ઉજમશી અજમેરા
પૌત્ર- પૌત્રી: વત્સલ- ધ્વનિ, વ્યોમ, વૈદેહી- પલાશ, એશા, આયુષી
તથા સમસ્ત મેનેજમેન્ટ અને સ્ટાફ

VIPUL ENTERPRISE | VARDHMAN PLASTOCHEM

-: પ્રાર્થના સભા :-
તા. ૧૬-૦૩-૨૦૨૬ (સોમવાર), સમય: સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી
સ્થળ: માનવ સેવાસંઘ, સાયન મેઈન રોડ, સાયન (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૨૨
(વેલે પાર્કિંગની વ્યવસ્થા છે)

# શું દૂધ મળવાનું બંધ થશે?

### એલપીજીની અછતથી ડેરી ઉદ્યોગને ફટકો

મુંબઈઃ યુદ્ધને કારણે દેશમાં હાલ એલપીજી ગેસની અછત છે. હવે આ અછત દૂધના વ્યવસાયને પણ અસર કરે તેવી શક્યતા છે. દૂધ પ્રક્રિયા અને પેશ્ચરાઇઝેશન માટે બળતણની સતત જરૂર રહે છે. ગેસનો પુરવઠો ઓછો થવાને કારણે ડેરી ઉદ્યોગ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. આ ઉપરાંત દૂધની થેલીઓ અને પેકેજિંગ માટે જરૂરી પ્લાસ્ટિકની સામગ્રીની પણ અછત છે.

ઘણા ડેરી માલિકોએ જણાવ્યું હતું કે દૂધ પેક કરવા માટે વપરાતી બેગ અને કાર્ટન બનાવતી ફેક્ટરીઓમાં પણ ગેસના અભાવે ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો છે. પરિણામે ડેરી ઉદ્યોગ પેકેજિંગ સામગ્રીની અછતનો સામનો કરી રહ્યો છે. બીજી તરફ હોટલ, રેસ્ટોરન્ટ અને મોટા ગ્રાહકો તરફથી દૂધની માગમાં પણ ઘટાડો થયો છે. ઘણી હોટલો બંધ હોવાથી ભેંસ અને ગાયના દૂધની ખરીદીમાં ઘટાડો થયો છે. આ કારણે, ડેરીઓને ઓછા ભાવે દૂધ વેચવું પડી રહ્યું છે.

આ અઠવાડિયે ગૂડી પડવાનો તહેવાર પણ છે, આ તેમના વ્યવસાય માટે એક મહત્વપૂર્ણ સમય છે. જોકે વર્તમાન પરિસ્થિતિ ઉત્પાદનને અસર કરે તેવી શક્યતા છે.જો કે મોટી ડેરી કંપનીઓને હાલ ખાસ અસર થઈ નથી. અમૂલના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ જણાવ્યું હતું કે અમૂલ દરરોજ લગભગ ૩૫ મિલિયન લિટર દૂધનું પ્રોસેસિંગ કરે છે. તેમના પ્લાન્ટ માટે જરૂરી ગેસનો લગભગ ૮૦ ટકા જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે. બાકીની જરૂરિયાત ડીઝલ અને અન્ય ઇંધણ દ્વારા પૂરી કરવામાં (જુઓ પાનું ૪)



**જૂનું તે સોનુંઃ** હાલમાં સર્જાયેલી એલપીજીની કટોકટીને કારણે મુંબઈમાં અનેક ઉદ્યોગો પર અસર થઈ છે. ઘરેલુ વપરાશ માટે ગૅસ સિલિન્ડરો પણ મળવાના ફાંફાં થઈ ગયા છે ત્યારે હવે લોકો કેરોસીન પર ચાલતા પ્રાઈમસ ખરીદવાનું શરૂ કર્યું છે. ઈલેક્ટ્રિક ચૂલાઓ પણ મળવાના મુશ્કેલ થઈ ગયા છે. (અમય ખરાડે)

**ખાડી યુદ્ધની ઉદ્યોગો પર અસર**

# દસ લાખ કામગારોની નોકરી ખતરામાં

### થાણે-બેલાપુરની ઘણી ફેક્ટરીઓ બંધ થવાની આરે

નવી મુંબઈઃ ખાડી દેશોમાં યુદ્ધની અસર નવી મુંબઈના ઔદ્યોગિક ક્ષેત્ર પર પડવા લાગી છે અને થાણે-બેલાપુર ઔદ્યોગિક પટ્ટામાં ઘણા લઘુ ઉદ્યોગોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આયાત-નિકાસ પ્રક્રિયામાં વિક્ષેપો, કાચા માલના ભાવમાં તીવ્ર વધારો અને અને સપ્લાય ચેઇનમાં વિક્ષેપને કારણે આગામી અઠવાડિયામાં આ પટ્ટાના લગભગ અડધા કારખાનાઓ કામચલાઉ ધોરણે બંધ થવાની શક્યતા ઉદ્યોગ સંગઠનો વ્યક્ત કરી રહ્યા છે.

નવી મુંબઈમાં થાણે-બેલાપુર ઔદ્યોગિક પટ્ટો દેશના મહત્વપૂર્ણ ઔદ્યોગિક ક્ષેત્રોમાંનો એક માનવામાં આવે છે. આ પટ્ટામાં લગભગ ચાર થી સાડા ચાર હજાર ફેક્ટરીઓ આવેલી છે, જેમાં રસાયણો, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ, પ્લાસ્ટિક, ઉત્પાદન, માહિતી ટેકનોલોજી અને વિવિધ નાના અને મધ્યમ ઉદ્યોગોનો સમાવેશ થાય છે. આમાંના ઘણા ઉદ્યોગો કાચો માલ વિદેશથી આયાત કરે છે. ગલ્ફમાં હાલના યુદ્ધને કારણે દરિયાઈ માર્ગો પર અનિશ્ચિતતાને કારણે શિપિંગ અને આંતરરાષ્ટ્રીય વેપાર પર અસર પડી રહી છે. પરિણામે કાચા માલના પુરવઠામાં વિલંબ થઈ રહ્યો છે અને તેના ભાવમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

ઉપરાંત નિકાસ પ્રક્રિયા પર પણ અસર પડી રહી છે. તૈયાર માલની નિકાસમાં વિલંબને કારણે ઘણા ઉદ્યોગોને ઉત્પાદન ઘટાડવું પડ્યું છે. કેટલાક ઉદ્યોગોમાં કાચા માલનો સ્ટોક ખતમ થઈ રહ્યો હોવાથી ઉત્પાદન સંપૂર્ણપણે બંધ થઈ જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ ઔદ્યોગિક પટ્ટો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લગભગ દસ લાખ કામદારોને રોજગારી આપે છે. જો ઉદ્યોગ બંધ થાય છે, તો આ કામદારોની આવક બંધ થવાની સંભાવના છે, જેની અસર તેમના પરિવારો પર પડી શકે છે.

તેથી ઉદ્યોગ સંગઠનોએ માગ કરી છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો તાત્કાલિક હસ્તક્ષેપ કરે અને ઉદ્યોગો માટે રાહત પગલાં જાહેર કરે. ઉદ્યોગ નિષ્ણાતોના મતે વૈશ્વિક કટોકટી ઇંધણના ભાવ, કાચા માલના ભાવ અને પરિવહન ખર્ચમાં વધારો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં નાના અને મધ્યમ ઉદ્યોગો સૌથી વધુ પ્રભાવિત થાય છે. જો લાંબા સમય સુધી આ જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો ઉત્પાદનમાં ઘટાડો, રોજગાર પર અસર અને ઔદ્યોગિક વિકાસ ધીમો પડી શકે છે. ■

# કૉંગ્રેસ લોકોમાં ભય પેદા કરી રહી છે, પૂરતું એલપીજી ઉપલબ્ધ છેઃ ફડણવીસ

પુણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે જણાવ્યું હતું કે રાજ્યમાં પૂરતું એલપીજી ઉપલબ્ધ છે અને લોકોએ ગેસ માટે કતારમાં ઉભા રહેવાની જરૂર નથી, તેમણે કોંગ્રેસ પર પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે લોકોમાં ભય પેદા કરવાનો આરોપ લગાવ્યો હતો. તેઓ ઈરાન સાથે ચાલી રહેલા યુએસ-ઇઝરાયલ યુદ્ધને કારણે (જુઓ પાનું ૪)

# ચોમાસામાં ભરતીના ૨૪ દિવસ જોખમી

### સૌથી મોટી ભરતી ૧૬ જુલાઈના, દરિયામાં ૪.૮૯ મીટરથી ઊંચા ઊછળશે મોજાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસામાં આ વર્ષે ૨૪ દિવસ દરિયામાં મોટી ભરતી રહેવાની છે, જ્યારે દરિયામાં મોજાં ૪.૫ મીટરથી પણ ઊંચા ઊછળશે. આ સમય દરમ્યાન જો મુંબઈમા મુશળધાર વરસાદ પડ્યો તો મુંબઈ જળબંબાકાર થવાની શક્યતા છે. ચાર મહિના દરમ્યાન સૌથી મોટી ભરતી ૧૬ જુલાઈના છે જયારે દરિયામાં મોજાં ૪.૮૯ મીટરથી પણ ઊંચા ઊછળશે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના (જુઓ પાનું ૪)

# આઈઆઈટી-બૉમ્બેની હોસ્ટેલના મેન્યૂમાં ફેરફાર

### માંસાહારના બદલે ફક્ત શાકાહારી વાનગીઓ જ પીરસાશે

ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ખાડી દેશોમાં તણાવ ઉભો થયો છે અને કાર્ગો અવરજવર પર મોટી અસર પડી છે. ભારતમાં એલપીજી ગેસની પણ અછત સર્જાઈ છે. આની અસર આઈઆઈટી બૉમ્બેના બૉમ્બેના હોસ્ટેલ મેસમાં પણ દેખાવા લાગી છે. ગેસની અછતને ધ્યાનમાં રાખીને હોસ્ટેલ મેસનું મેન્યૂ બદલવું પડ્યું છે. કેટલીક વાનગીઓ પર કાપ મૂકવામાં આવ્યો છે.નવા મેનુ મુજબ સવારે ફક્ત શાકાહારી વાનગીઓ જ પીરસવામાં આવશે. કોઈ વધારાની માંસાહારી વાનગીઓ પીરસવામાં આવશે નહીં. આ ઉપરાંત મેનુમાંથી (જુઓ પાનું ૪)

# મુંબઈમાં રખડતા શ્વાનની વધતી વસ્તી ચિંતાનો વિષય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વંધ્યીકરણથી મુંબઈમાં રખડતા શ્વાનની સંખ્યામાં ઘટાડો થયો હોવાના પાલિકા પ્રશાસનના દાવા પર નવા ચૂંટાયેલા નગરસેવકો વિશ્વાસ નથી. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (શરદપવાર)ના નગરસેવકે રખડતા કૂતરાની વધતી વસતીને રોકવા વંધ્યીકરણ અને રેબિઝ વેક્સિન અભિયાનને વધુ મજબૂત બનાવવાની માગણી કરી છે. સાથે જ દરેક વૉર્ડ ઓફિસમાં પારદર્શિતા જાળવી રાખવા માટે સીસીટીવી કેમેરાવાળા એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર સ્થાપવાનો પ્રસ્તાવ મુક્યો છે.

મુંબઈમાં રખડતા શ્વાનની વસ્તીએ ફરી ચર્ચા જગાવી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એસપી)ના નગરસેવક અજિત રાવરાણેએ જણાવ્યું હતું કે મુંબઈમાં રખડતા શ્વાનની વધતી સંખ્યા નાગરિકો માટે ગંભીર જોખમ છે, જેમાં બાળકો અને વૃદ્ધો પર રખડતા શ્વાનના હુમલા ખાસ કરીને રાતના સમયે જીવલેણ સાબિત થઈ શકે છે. પાલિકા હાલમાં આઠ એન્ટી બર્થ કંટ્રોલ સેન્ટર ચલાવે છે, જે શ્વાનના વંધ્યીકરણની (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# થાણેના૧૫ તળાવોમાં બોટિંગ અને માછીમારી શરૂ કરાશે


થાણેઃ તળાવોના શહેર તરીકે ઓળખાતા થાણેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં આવેલા ૩૭ તળાવોમાંથી ૧૫ તળાવોમાં માછીમારી અને બોટિંગ શરૂ કરવાનો નિર્ણય મ્યુનિસિપલ વહીવટીતંત્રે લીધો છે. વહીવટીતંત્રે દાવો કર્યો છે કે આ નિર્ણયથી તળાવની સફાઈ, સંભાળ અને જાળવણી પર ૩૫ થી ૪૦ લાખ રૂપિયાની બચત થશે અને નગરપાલિકાની આવકમાં વધારો થશે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં એક સમયે ૭૦થી વધુ તળાવો હતા. આ જ કારણ છે કે થાણે તળાવોના શહેર તરીકે ઓળખાય છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં, અતિક્રમણને કારણે ઘણા તળાવો અદૃશ્ય થઈ ગયા છે અને હાલમાં ફક્ત ૩૭ તળાવો જ બચ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી આ તળાવોના અસ્તિત્વને જાળવી રાખવા માટે નગરપાલિકા વિવિધ પગલાં લઈ રહી છે.

વહીવટીતંત્રે ૧૫ તળાવોમાં માછીમારી અને બોટિંગ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ કામનો કોન્ટ્રાક્ટ પાંચ વર્ષ માટે આપવામાં આવશે અને વહીવટીતંત્રે આ સંદર્ભમાં ૧૮ માર્ચે યોજાનારી સામાન્ય સભા સમક્ષ મંજૂરી માટે દરખાસ્ત મૂકી છે.થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ઘણા તળાવો શહેરી વિસ્તારોમાં છે. ઘણા તળાવોની આસપાસ બગીચાઓ છે. આ સ્થળો નાગરિકો માટે મનોરંજન કેન્દ્રો બની ગયા છે. આ ૧૫ તળાવોની સફાઈ, જાળવણી, બોટિંગ સુવિધાઓ અને અન્ય કામો માટે મહાનગરપાલિકાને દર વર્ષે (જુઓ પાનું ૪)

રાજધાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
માર્ચ થી જૂન નિયમીત પ્રવાસો
સોનમર્ગ-કારગિલ-લેહ-નુબ્રાવેલી-પેંગોંગ લેક
મે-૭,૯,૧૪,૧૬,૨૧,૨૩,૨૮,30 / જુન-૪,૬ દિવસ ૭/૮
સીમલા-શાંગલા-કલ્પા-કાઝા-મનાલી-ચંડીગઢ
મે-૧૨,૨૪ / જુન-૦૪,૨૬ દિવસ ૧૧
શ્રીનગર – પહેલગામ – ગુલમાર્ગ-સોનમર્ગ
માર્ચ- ૧૫, ૨૩, 30 / એપ્રિલ- ૬,૧૩,૨૦,૨૭ દિવસ ૮
શ્રીલંકા-કોલંબો-અનુરાધાપુરા-દામ્બુલા-કેન્ડી-નુવારાઈલિયા એપ્રિલ-૨,૧૪,૨૬ દિવસ ૧૦
થાઈલેન્ડ-મલેશિયા-સિંગાપુર
DEP. DATE AS PER YOUR CHOICE દિવસ ૧૨
તમારા પ્રોગ્રામ તથા બજેટ મુજબ ગ્રુપ તથા F.I.T. ટુર
૧૪૦૪, ૧૪ મા માળે, ધ ઓરિયન બિઝનેસ પાર્ક, એસ.વી. રોડ, શિમ્પોલી જંક્શન, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
022 31733131, 022 31953783 9892808620, 7977302958
www.rajdhanitourstravels.com

## ઓલ ઈન્ડિયા શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ - મુંબઈ ઉપક્રમે વિલેપારલેમાં પૂ. શ્રી ધીરગુરુદેવના શાલીન સાંનિધ્યે ૧૧૩ વર્ષ જૂના 'જૈન પ્રકાશ' મૅગેઝીનના ઉત્કર્ષ કાજે 1.50 કરોડનું ફંડ



૧. વિમોચન સમારોહમાં જૈન શ્રેષ્ઠિવર્યો ૨. મીનળબેન આર. શાહના હસ્તે ૩. ભાવિકોની ભરતી



૪. ભોજનાલયના ટ્રસ્ટીઓ ૫. ગાલા, બરવાળીયા, છાડવાનું તરલાબેન દોશી ૬. મીનળબેનનું સન્માન માલિનીબેન સંઘવી



૭. જીવદયા લાભાર્થી જસાણી, હિતેશ દોશી ૮. વિલેપારલા, સાંતાક્રુઝના ટ્રસ્ટી ૯. કોન્ફરન્સના ટ્રસ્ટી હિરેન શાહ વ.



૧૦. અમિત મગીયાનું ચંદુભાઈ દોશી ૧૧. અમીશા વોરાનું જુલી, શેફાલી ૧૨. મહેશ દોશીનું પારસ શેઠ




૧૩. ઝાલાવાડી માસિકના પૂર્વ તંત્રી સંધ્યા શાહનું ૧૪. ભારત જૈન મહામંડળના ખ્યાલીલાલનું ૧૫. 1941માં ઘાટકોપરમાં વીરચંદભાઈ વ.

☞ પૂ. શ્રી ધીરગુરુદેવ તા. ૧૭ને મંગળવારે સવારે ૭-૩૦ કલાકે હિંગવાલા ઉપાશ્રયેથી સંઘ સહિત વિહાર કરી વિનુભાઈ લાખાણીના નિવાસે નીલકંઠ રીગાલીયામાં ૮ થી ૯ કલાકે વ્યાખ્યાન ત્યારબાદ નવકારશી

**પૂ. શ્રી ધીરગુરુદેવનો લોનાવાલા તરફ વિહાર**